# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૫૯-૬૦, ડિસેમ્બર ૨૦૨૦થી માર્ચ ૨૦૨૧




બાયડ ખાતે ખેડૂતો માટેની કિસાન સૂર્યોદય યોજનાનો શુભારંભ કાર્યક્રમ

## માનનીય મુખ્યમંત્રી
## શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે

વિશેષ મહેમાન તરીકે માનનીય ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલ

## આ અંકમાં

**અંક-૫૯-૬૦**
**ડિસેમ્બર-૨૦૨૦થી માર્ચ ૨૦૨૧**
**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**


**સંરક્ષક**
શ્રી મહેશ સિંઘ, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી શૈલેશ એ. નાયક, ઇન્ચાર્જ મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)

**સંકલન સહાયક**
શ્રી એમ. એચ. પઠાણ, જુનિયર આસિસ્ટન્ટ (કોર્પોરેટ કમ્યુનિકેશન સેલ)

**સંપાદક મંડળ**
શ્રી પી.બી, પંડ્યા, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી વી. એમ. શ્રોફ, મુખ્ય ઇજનેર (પી.)
શ્રી જે. એન. પંચોલી, ઇન્ચાર્જ જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એલ. એ. ગઢવી, વિશેષ મુખ્ય ઇજનેર, પાલનપુર
શ્રી સી. જે. રાજપાલ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી પી. સી. શાહ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી આર. ડી. ઝાલા, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી જે. આર. ચૌધરી, અધિક્ષક ઇજનેર (ટેક.)

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા.

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com


**આ અંક આપને કેવો લાગ્યો?**
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.
cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
pro@ugvcl.com

## આ અંકનાં આકર્ષણો...


**શુભારંભ ૦૮**
- બાયડ ખાતે ખેડૂતો માટેની કિસાન સૂર્યોદય યોજનાનો શુભારંભ કાર્યક્રમ માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે.................... ૦૮
- દહેગામ ખાતે કિસાન સૂર્યોદય યોજનાનો શુભારંભ માનનીય ધારાસભ્ય શ્રી બલરાજસિંહ ચૌહાણના વરદ્ હસ્તે........ ૧૨
- મહેસાણા ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ..... ૧૫
- ગાંધીનગર ખાતે માનનીય શ્રમ અને રોજગાર મંત્રી શ્રી દિલીપભાઈ ઠાકોર દ્વારા 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ.......... ૧૭
- સાણંદ ખાતે માનનીય કૃષિમંત્રી શ્રી આર.સી. ફળદુ દ્વારા 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ.................... ૨૧

**ઉજવણી ૨૩**
- યુજીવીસીએલ દ્વારા ૭૨મા પ્રજાસત્તાક દિનની ગૌરવભેર ઉજવણી... ૨૩
- સાબરમતી ખાતે ૭૨મા પ્રજાસત્તાક દિનની ઉજવણી........ ૨૬
- પાલનપુર વર્તુળ કચેરી દ્વારા પ્રજાસત્તાક દિનની ઉજવણી..... ૨૬

**એવોર્ડ ૨૭**
- યુજીવીસીએલએ પ્રાપ્ત કર્યો સ્કોચ એવોર્ડ-૨૦૨૦ (સિલ્વર) ૨૭

**લોકાર્પણ ૨૮**
- બાવળા ઇન્ડસ્ટ્રીયલ પેટા વિભાગીય કચેરીનું ૨૬મી જાન્યુઆરીના રોજ લોકાર્પણ............................ ૨૮
- કાણોદર પેટાવિભાગીય કચેરીના નવનિર્મિત મકાનનું લોકાર્પણ અને આરએસઓનું ખાત મુહૂર્ત........ ૩૦

**વિદાય ૩૨**
- યશસ્વી કારકિર્દી પૂર્ણ કરી કોર્પોરેટ ઓફિસ ખાતેથી નિવૃત્ત થતા અધિક્ષક ઇજનેર (ટેક) શ્રી જી.ડી. પટેલ...... ૩૨

**કાવ્યધારા ૩૩**

**ઉદ્ઘાટન ૩૪**
- ઓનલાઇન HT વાહનનું ઉદ્ઘાટન...................... ૩૪

**શ્રદ્ધાંજલિ ૩૫**
- યુજીવીસીએલના કર્મઠ કર્મચારીઓને ભાવભિની શ્રદ્ધાંજલિ................ ૩૫

**સંક્ષિપ્ત સમાચાર ૫૦**
- સીંગપુર SKY ફીડર કાર્યાન્વિત........................ ૫૦
- લાલપુર ગામ ખાતે 'યુજીવીસીએલ ગ્રાહકને દ્વારે' કાર્યક્રમનું આયોજન................................. ૫૦
- તલોદ વિભાગીય કચેરીની વાવ, રણેચી, અણિયોડ અને આકૃંદ ગામે 'યુજીવીસીએલ ગ્રાહકના દ્વારે' કાર્યક્રમનું આયોજન.... ૫૦

**પ્રતિભાવ ૫૧**



**રાજ્ય સરકાર દ્વારા જે પ્રજાલક્ષી પહેલ કરવામાં આવે તેના અમલમાં આપ સૌ કર્મચારીઓની અત્યંત મહત્ત્વપૂર્ણ ભૂમિકા હોય છે. આપ સૌની પ્રજાભિમુખતા અને કાર્યનિષ્ઠા પ્રસંશનીય છે. ઉત્તર ગુજરાતના આર્થિક સામાજિક યોગદાનમાં યુજીવીસીએલ કંપનીનું અનન્ય યોગદાન છે.**

सत्यमेव जयते

**કર્મ એ મનુષ્યની મુક્તિનું અનંત વિધાન છે. આપણા વિચારો, આપણા શબ્દો અને કાર્યો એક જ જાતના દોરાઓ છે જે આપણે આજુબાજુ વીંટાળતા જઈએ છીએ.**

**- સ્વામી વિવેકાનંદ**


છેલ્લાં ઘણા વર્ષોથી આપણું ગુજરાત રાજ્ય સમગ્ર દેશની વિકાસ યાત્રાનું એક પ્રમુખ કાર્યબળ બની રહ્યું છે. તમામ વિકાસલક્ષી કાર્યક્રમોમાં વિશ્વસનીય વીજ પુરવઠાની હંમેશા મહત્ત્વપૂર્ણ ભૂમિકા હોય છે. મને એ વાતનો સંતોષ અને ગૌરવ છે કે વીજ ઉત્પાદન, વીજ પ્રવહન અને વીજ વિતરણના ક્ષેત્રે પણ આપણા ગુજરાત રાજ્યે આખા દેશમાં ઉદાહરણરૂપ કામગીરી કરી બતાવી છે.

રાજ્યના ખૂણે ખૂણામાં સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવા માટે, તેમજ માનવંતા ગ્રાહકોની વીજ વિતરણ અંગેની આકાંક્ષાઓ અને અપેક્ષાઓ પરિપૂર્ણ કરવા માટે ગુજરાત વિદ્યુત બોર્ડનું પુનઃગઠન કરીને વિવિધ કંપનીનું બનેલું એક સુદૃઢ માળખું ગુજરાતમાં તૈયાર કરવામાં આવ્યું અને તેનાં ઉજ્જવળ પરિણામ આપણે જોઈ રહ્યા છીએ. વીજક્ષેત્રના આમૂલ પરિવર્તન દ્વારા ઉદાહરણરૂપ કામગીરી કરીને ગુજરાત ઊર્જાક્ષેત્રે અગ્રીમ હરોળનું રાજ્ય બન્યું છે.

મને એ વાતનું પણ ગૌરવ છે કે તા. ૧લી એપ્રિલ ૨૦૦૫થી વ્યાવસાયિક ધોરણે અસ્તિત્વમાં આવેલ ઉત્તર ગુજરાત વીજ કંપનીએ ઉત્તર ગુજરાતના આર્થિક અને સામાજિક વિકાસમાં અવિરત યોગદાન આપ્યું છે. જ્યોતિગ્રામ યોજના દ્વારા સતત ૨૪ કલાક વીજ વિતરણ કરવાની સમગ્ર ભારતમાં સૌ પ્રથમ પહેલ કર્યા બાદ, હવે ''કિસાન સૂર્યોદય યોજના'' સુધી, તમામ સરકારી યોજનાઓના લક્ષ્યાંકો અપેક્ષા મુજબ પૂર્ણ કરવામાં આવી રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા જે પ્રજાલક્ષી પહેલ કરવામાં આવે તેના અમલમાં આપ સૌ કર્મચારીઓની અત્યંત મહત્ત્વપૂર્ણ ભૂમિકા હોય છે. આપ સૌની પ્રજાભિમુખતા અને કાર્યનિષ્ઠા પ્રસંશનીય છે. ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

**વિજય રૂપાણી**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

તા. ૨૩-૦૩-૨૦૨૧



**ખેડૂતોને અલગ અલગ સમયે ૮ કલાક વીજળી આપવામાં આવે છે તથા નિર્ધારિત સમયપત્રક મુજબ વારાફરતી રાત્રે પણ ૮ કલાક વીજળી આપવામાં આવે છે. ખેડૂતોને પડતી આ મુશ્કેલીઓ દુર કરવા 'કિસાન સૂર્યોદય યોજના' અન્વયે દિવસે વીજળી આપવાનો પ્રયત્ન હાથ ધરવામાં આવેલ છે. સરકારની સંવેદના લોકો સુધી પહોંચાડવામાં અને તેનો સફળ અમલ કરવામાં આપના જેવા સૌ કર્મચારીઓની અનન્ય ભૂમિકા છે. યુજીવીસીએલની સમગ્ર ટીમને હું હ્રદયપૂર્વક અભિનંદન પાઠવું છું.**

सत्यमेव जयते

નૂતન ભારતના સ્વપ્નદ્રષ્ટા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ખેડૂતોના જીવનમાં આમૂલ પરિવર્તન લાવવાનું બીડું ઉપાડ્યું છે અને વિવિધ યોજનાઓ દ્વારા એ દિશામાં દેશ મક્કમ કદમ ઉઠાવી રહ્યો છે.

આવી જ એક યોજના છે **"કિસાન સૂર્યોદય યોજના"**. શ્રી નરેન્દ્રભાઈના વરદ્ હસ્તે પ્રથમ તબક્કામાં જૂનાગઢ, ગીર-સોમનાથ તેમજ દાહોદ જિલ્લાના કુલ ૧૦૫૫ ગામોના ખેડૂતો માટે ઓક્ટોબર ૨૪, ૨૦૨૦ના રોજ ઈ-શુભારંભ કરવામાં આવ્યો. ત્યાર બાદ જાન્યુઆરી ૦૫, ૨૦૨૧ના રોજ બાયડ ખાતે ઉત્તર ગુજરાતના માનવંતા ખેડૂતો માટે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે યોજનાનું ઉદ્ઘાટન થયું. આ તબક્કામાં અરવલ્લી જિલ્લાના કુલ ૧૦૪ જેટલાં ગામોને ૧૦.૯૩ મેગાવોટ વીજ-પુરવઠાનું વિતરણ દિવસે કરવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. સમગ્ર યોજના પૂર્ણ કરવાનો લક્ષાંક વર્ષ ૨૦૨૨નો નિર્ધારિત કરવામાં આવેલ છે.

ખેડૂતોને અલગ અલગ સમયે ૮ કલાક વીજળી આપવામાં આવે છે તથા નિર્ધારિત સમયપત્રક મુજબ વારાફરતી રાત્રે પણ ૮ કલાક વીજળી આપવામાં આવે છે. જેથી ખેડૂતોને જંગલી પશુઓ તેમજ જીવજંતુ કરડવાનો ભય અને રાત્રીના ઉજાગરાનો સામનો કરવો પડતો હોય છે. ખેડૂતોને પડતી આ મુશ્કેલીઓ દુર કરવા 'કિસાન સૂર્યોદય યોજના' અન્વયે દિવસે વીજળી આપવાનો પ્રયત્ન હાથ ધરવામાં આવેલ છે.

**'આપણું યુજીવીસીએલ'**ના માધ્યમથી ફરી વાર મને આપની સાથે વાત કરવાનો અવસર મળ્યો છે, તે માટે આનંદની લાગણી અનુભવું છું. સરકારની સંવેદના લોકો સુધી પહોંચાડવામાં અને તેનો સફળ અમલ કરવામાં આપના જેવા સૌ કર્મચારીઓની અનન્ય ભૂમિકા છે. યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ અને તેમના માર્ગદર્શનમાં કાર્યરત સમગ્ર ટીમને હું હ્રદયપૂર્વક અભિનંદન પાઠવું છું. ભવિષ્યમાં પણ આજ રીતે સરકારશ્રીની કામગીરી લોકો સુધી સફળતાપૂર્વક પહોંચાડશો તેવી આશા વ્યક્ત કરૂં છું.

**સૌરભભાઈ પટેલ**
ઊર્જા મંત્રી, ગુજરત સરકાર

તા. ૨૫-૦૩-૨૦૨૧



**ગુજરાતમાં જ્યારે જ્યારે આપત્તિ આવી છે ત્યારે કંપનીના કર્મચારીઓએ પોતાની કાર્યદક્ષતાનો પરિચય આપી ગુજરાતના નાગરિકોની સુંદર સેવા કરેલ છે. કોરોનાની મહામારી દરમ્યાન પણ વિના વિક્ષેપે વીજ વિતરણની વ્યવસ્થા જાળવીને સર્વોત્તમ સેવા થકી ગ્રાહકોને સંતોષ આપવાના ધ્યેયને ચરિતાર્થ કરેલ છે.**

सत्यमेव जयते

**મહેનત એ એવી સોનેરી ચાવી છે,**
**જે ભાગ્યનાં દ્વાર ઉઘાડી નાખે છે.**
**- ચાણક્ય**

ઉત્તર ગુજરાત વીજ કંપનીના સ્થાપના સમયથી કંપનીનો ઉજ્જવળ ઈતિહાસ રહ્યો છે. કંપનીના કાર્યકાળ દરમ્યાન મળેલી સિદ્ધિઓ કર્મચારીઓના નિષ્ઠાભર્યા પ્રયત્નોને આભારી છે તથા આ જ કારણે આપણે સરકારશ્રી દ્વારા નિર્ધારિત કરેલ યોજનાના લક્ષ્યાંકો સિદ્ધ કરવામાં સફળ રહ્યા છીએ.

"કિસાન સૂર્યોદય યોજના" દ્વારા સમગ્ર ઉત્તર ગુજરાતનાં તમામ ગામોને દિવસે વીજળી પૂરી પાડવાનો લક્ષ્યાંક સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ સુધીમાં પૂર્ણ કરવાનો નિર્ધાર છે, પરંતુ તમામ કર્મચારીઓની કર્તવ્યનિષ્ઠા પર ભરોસો રાખતાં હું વિશ્વાસ સાથે કહી શકું છું કે વર્ષ ૨૦૨૨ના અંત સુધીમાં આપણે તમામ ખેતીવાડી વીજ ગ્રાહકોને દિવસે વીજ પુરવઠો પૂરો પાડવાનું કામ પૂર્ણ કરીશું.

ગુજરાતમાં જ્યારે જ્યારે આપત્તિ આવી છે ત્યારે કંપનીના કર્મચારીઓએ પોતાની કાર્યદક્ષતાનો પરિચય આપી ગુજરાતના નાગરિકોની સુંદર સેવા કરેલ છે. કોરોનાની મહામારી દરમ્યાન પણ વિના વિક્ષેપે વીજ વિતરણની વ્યવસ્થા જાળવીને સર્વોત્તમ સેવા થકી ગ્રાહકોને સંતોષ આપવાના ધ્યેયને ચરિતાર્થ કરેલ છે.

આપણા લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા કેન્દ્રીય ઊર્જામંત્રીશ્રીએ પણ આપ સૌની કામગીરીને બિરદાવી છે.

આપણી પ્રગતિની વાત કરીએ તો, ખેડૂતમિત્રોને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહે તે માટે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦માં પાંચ, તેમજ વર્ષ ૨૦૨૦-૨૧માં પાંચ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવેલ છે. તે જ રીતે વર્ષ ૨૦૧૯-૨૦માં ૩૨૪ તેમજ વર્ષ ૨૦૨૦-૨૧માં ૫૪ ખેતીવાડી ફીડરોનું બાયફરકેશન કરવામાં આવેલ છે. ગુજરાત સરકારશ્રીની ઘર વપરાશના વીજ જોડાણ આપવાની કલ્યાણકારી યોજનાઓ જેવી કે અનુસૂચિતજાતિ તથા ઝુંપડપટ્ટી યોજનાઓનો ચાલુ વર્ષનો લક્ષ્યાંક પૂર્ણ કરેલ છે. ઉપરાંત, બત્રીસ જેટલા "કિસાન સૂર્યોદય યોજના"ના શુભારંભ કાર્યક્રમો દ્વારા આપણે સફળતાપૂર્વક સરકારશ્રીનો સંદેશ ખેડૂતો સુધી પહોંચાડ્યો છે. "કિસાન સૂર્યોદય યોજના"થી લાભાન્વિત થતા મારા ખેડૂત મિત્રોને તથા ઉત્તર ગુજરાત વીજ કંપનીના સત્તાધીશો, સૌ કર્મચારીઓને અભિનંદન પાઠવું છું.

**પ્રદિપસિંહ જાડેજા**
રાજ્ય કક્ષાના ઊર્જામંત્રી, ગુજરાત સરકાર

## શુભેચ્છા સંદેશ



સત્યમેવ જયતે

"આપણું યુજીવીસીએલ"ના માધ્યમ દ્વારા, "કિસાન સૂર્યોદય યોજના"ના શુભારંભ કાર્યક્રમોની હારમાળાના અહેવાલોનું નિરૂપણ કરી,ઉત્તર ગુજરાતના કાર્યક્ષેત્રના તમામ ખેતીવાડી વીજ ગ્રાહકોને યોજનાથી વાકેફ કરી, સરકારશ્રી દ્વારા ખેડૂતોના હિતચિંતક તરીકે લીધેલ નિર્ણયો અસરકારક રીતે પહોચાડવાની સુંદર કામગીરી માટે અભિનંદન પાઠવું છું. પ્રચાર અને પ્રસારના અસરકારક માધ્યમ દ્વારા કરવામાં આવેલ કામગીરીને બિરદાવું છું. ભવિષ્યમાં પણ યુજીવીસીએલ દ્વારા કરવામાં આવતી કામગીરી લોકો સુધી અસરકારક રીતે પહોંચાડશો તેવા વિશ્વાસ સાથે સંપાદકીય ટીમને હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવું છું.

**સુનયના તોમર,** આઈ.એ.એસ.
અધિક મુખ્ય સચિવ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ગુજરાત રાજ્ય

## શુભેચ્છા સંદેશ



સત્યમેવ જયતે


ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના અધ્યક્ષ તરીકે તેમજ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે "આપણું યુજીવીસીએલ" મુખપત્ર સાથે મારો ગાઢ નાતો રહ્યો છે. કંપનીની કામગીરી અંગેની મહત્ત્વની બાબતો તેમજ યુજીવીસીએલ પરિવારની કામગીરી દ્વારા પરિચિત થવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયેલ છે. "કિસાન સૂર્યોદય યોજના"ના શુભારંભ કાર્યક્રમોના અહેવાલો દ્વારા સરકારશ્રીની યોજના અંગેનો સંદેશો અસરકારક રીતે પહોચાડવાની યશસ્વી કામગીરીને હું બિરદાવું છું.

પ્રચાર અને પ્રસારના આ માધ્યમો દ્વારા વધુ સફળ કામગીરી થતી રહેશે તેવી અભ્યર્થના સાથે સંલગ્ન તમામ કર્મચારીઓ અને અધિકારીઓને શુભેચ્છા પાઠવું છું.

**શાહમીના હુસૈન,** આઈ.એ.એસ.
મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ,
અધ્યક્ષ, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**તમારી આ અનંત ભેટો તો મારા નાના હાથોમાં હજી સમાયેલી છે અને યુગો વીત્યા છતાં તમારી ભેટો તો વરસ્યા જ કરે છે અને છતાંય તેને માટે જગ્યા તો રહ્યા જ કરે છે.**

**- રવીન્દ્રનાથ ટાગોર** (ગીતાંજલિમાં)



**આપણી કંપનીએ અગાઉ જ્યોતિગ્રામ યોજનાની અત્યંત સફળ કામગીરીથી સમગ્ર ભારતને નવી રાહ બતાવી હતી. એ જ રીતે હવે ''કિસાન સૂર્યોદય યોજના''ના ત્વરિત અને સફળ અમલથી આપણે આપણા માનવંતા ખેડૂત ગ્રાહકોના જીવનમાં ખુશાલીનો નવો ઉજાસ રેલાવીશું તેવી મને ખાતરી છે.**

**પ્રિય કર્મચારી મિત્રો,**

આપણી કંપનીના નેજા હેઠળ, આપણે વર્ષોથી આપણા તમામ ગ્રાહકોના જીવનમાં વીજળીથી નવી ખુશાલીઓના સંચાર માટે પ્રયત્નશીલ છીએ. આપણા ગ્રાહકવર્ગમાં ખેડૂતોનું વિશાળ પ્રમાણ છે. સદનસીબે, રાજ્ય તથા કેન્દ્ર સરકાર પણ ખેડૂતોના ઉત્કર્ષ માટે સદૈવ ચિંતિત છે. તાજેતરમાં રજૂ થયેલી ''કિસાન સૂર્યોદય યોજના'' સરકારની આવી શુભચિંતાનું જ પરિણામ છે.

ખેડૂતોને પોતાના ખેતરમાં દિવસ દરમિયાન જ વીજ પુરવઠો પહોંચાડતી આ યોજનાનો ઓક્ટોબર ૨૪, ૨૦૨૦ના રોજ આપણા વડાપ્રધાન, માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તથા જાન્યુઆરી, ૦૫, ૨૦૨૧ના રોજ બાયડ ખાતે માનનીય મુખ્યમંત્રી, શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે ઉત્તર ગુજરાતના માનવંતા ખેડૂતો માટે શુભારંભ કરવામાં આવ્યો. ત્યારબાદ માનનીય સંસદસભ્યોના, પ્રધાનમંડળના માનનીય મંત્રીશ્રીઓ અને માનનીય ધારાસભ્યોના વરદ્ હસ્તે તબક્કાવાર તાલુકા કક્ષાએ ત્રીસથી વધુ સ્થળોએ "કિસાન સૂર્યોદય યોજના"નો શુભારંભ કરાવીને ખેડૂતો સુધી સરકારની આ યોજનાનો સંદેશો પહોંચાડવાની નેમ આપણે સુપેરે પાર પાડી છે. શુભારંભ કાર્યક્રમોના સફળ આયોજન માટે યુજીવીસીએલના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું.

આ અગાઉ આપણી કંપનીએ જ્યોતિગ્રામ યોજનાના સફળ અમલીકરણ દ્વારા સમગ્ર ભારતને રાહ ચીંધ્યા બાદ "કિસાન સૂર્યોદય યોજના"ની કામગીરી દ્વારા ઈતિહાસના પૃષ્ઠમાં વધુ ઉજ્જવળ ઉમેરો કરેલ છે. હું આપ સૌની આ કામગીરી માટે ગૌરવની લાગણી અનુભવું છું. અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ સહિયારા પુરુષાર્થથી વધુ એક વાર કાર્યક્ષમતાનો પરિચય થયેલ છે.

મિત્રો, કોરોનાની મહામારીમાંથી હવે આપણે બહાર આવી રહ્યા છીએ અને રસીકરણ કાર્યક્રમોની સફળ શરૂઆત થઈ ગઈ છે. હવે આપણે ઝડપથી પૂર્વવત્ સ્થિતિમાં આવી જઈશું તેવી આશા રાખું છું. કોરોનાના આ કાળ દરમ્યાન આપણા પાંચ જેટલા વીજકર્મીઓ કે જે આપણા કોરોના વોરિયર્સ હતા તેઓને ગુમાવ્યાનું હું દુઃખ અનુભવું છું. તેમના પરિવારજનો અને યુજીવીસીએલ પરિવાર પર આવેલ આફત સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શક્તિ અર્પે અને તેઓશ્રીઓના આત્માને ચિર શાંતિ આપે તેવી પ્રાર્થના કરું છું.



**મહેશ સિંઘ,** આઇએફએસ,
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

## બાયડ ખાતે ખેડૂતો માટેની કિસાન સૂર્યોદય યોજનાનો શુભારંભ કાર્યક્રમ

# માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે

### વિશેષ મહેમાન તરીકે માનનીય ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલ

તા. ૨૪-૧૦-૨૦૨૦ના રોજ ભારતના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે સમગ્ર ગુજરાતમાં કિસાન સૂર્યોદય યોજનાના ઈ-શુભારંભ કાર્યક્રમનું આયોજન પાટણ ખાતે કરવામાં આવેલ. તબક્કાવાર સદર યોજનાનો શુભારંભ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં કરવાના ભાગરૂપે તા. ૦૫-૦૧-૨૦૨૧ના રોજ બાયડ ખાતે સરકારી કોલેજની બાજુમાં આવેલ મેદાનમાં માનનીય મુખ્યમંત્રી, શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે, શ્રી સૌરભભાઈ પટેલ, ઊર્જા મંત્રી, શ્રી રમણભાઈ પાટકર, રાજ્ય મંત્રી, વન અને આદિજાતિ વિકાસના વિશેષ મહેમાન પદે તેમજ શ્રી દિપસિંહ રાઠોડ, સંસદસભ્ય, સાબરકાંઠા જિલ્લાની વિશેષ ઉપસ્થિતિમાં અને શ્રીમતી સુનયના તોમર, એડિશનલ ચીફ સેક્રેટરી, એનર્જી એન્ડ પેટ્રોકેમીકલ્સ ડિપાર્ટમેન્ટ, શ્રી અમૃતેશ ઔરંગાબાદકર, કલેક્ટર, અરવલ્લી, શ્રી અનિલભાઈ ધામેલીયા, જિલ્લા વિકાસ અધિકારી, અરવલ્લી, શ્રી શામળભાઈ પટેલ, ચેરમેન, જી.સી.એમ.એફ. અને સાબરડેરી, શ્રી રાજેન્દ્રભાઈ, પ્રમુખ ભારતીય જનતા પાર્ટી, અરવલ્લી, શ્રી મહેશ સિંઘ, મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ તેમજ કંપની અને સરકારના ઉચ્ચ-અધિકારીઓ, કર્મચારીઓ, ખેડૂતો અને પ્રિન્ટ તેમજ ઈલેક્ટ્રોનિક્સ મીડિયાના પત્રકારો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની વીજ-વિતરણ કંપનીઓ દ્વારા ગુજરાતના ખેડૂતોને દિવસ દરમ્યાન અલગ અલગ સમયે ૮ કલાક વીજળી આપવામાં આવતી હતી. નિર્ધારીત સમયપત્રક પ્રમાણે વારા ફરતી ખેડૂતોના સમયપત્રક મુજબ રાત્રે પણ ખેતી માટે ૮ કલાક વીજળી આપવામાં આવતી. રાત્રે વીજળી આપવામાં આવતી હોવાના કારણે જંગલી પશુઓનો, તેમજ જીવજંતુઓ કરડવાનો ભય અને રાત્રીના ઉજાગરાનો સામનો કરવો પડતો. ખેડૂતોની આ મુશ્કેલી દૂર કરવા ગુજરાત સરકાર દ્વારા 'કિસાન સૂર્યોદય યોજના' અન્વયે પ્રયત્ન હાથ ધરવામાં આવેલ છે. ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાં યોગ્ય આયોજન કરીને માત્ર દિવસ દરમ્યાન જ વીજ પુરવઠો આપવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

ઉત્તર ગુજરાત વીજ કંપનીના માનવંતા કૃષિ ગ્રાહકો માટે ખૂબ જ મહત્ત્વનો અવસર છે કે ગુજરાત સરકાર દ્વારા "કિસાન સૂર્યોદય યોજના" હેઠળ દિવસે વીજળી આપવાનો નિર્ણય કરેલ છે. "ન ભૂતો ન ભવિષ્યતિ" એવા આ મહત્ત્વના ઐતિહાસિક નિર્ણય



ઈ-શુભારંભ



ઉપસ્થિત મહાનુભાવો



સન્માન

થકી ઉત્તર ગુજરાતના ખાસ કરીને અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના ખેડૂતો આ યોજનાથી લાભાન્વિત થશે.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના હિંમતનગર સર્કલના તાબા હેઠળના અરવલ્લી જિલ્લાના કુલ ૧૦૪ જેટલા ગામોને ૧૦.૯૩ મેગાવોટ વીજ પુરવઠાનું વિતરણ કરીને આ યોજનામાં આવરી લેવામાં આવેલ છે.

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના ૩૨ (બત્રીસ) ગામોનો સમાવેશ થાય છે. ૮ (આઠ) જેટલા સબ સ્ટેશનો અને ૨૩ (ત્રેવીસ) જેટલા ફીડરો પરથી વીજ પુરવઠો પૂરો પાડવામાં આવશે.

ખેડૂતોના પ્રશ્નો માટે અતિ સંવેદનશીલ ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોને રાતનો ઉજાગરો ન કરવો પડે અને દિવસ દરમ્યાન સલામતી સાથે પોતાના ખેતરમાં પિયત તેમજ અન્ય કામગીરી કરી શકે તે ઉદ્દેશથી “કિસાન સૂર્યોદય યોજના” અમલમાં મુકી છે. દિવસે વીજ-પુરવઠો મળે તેવી વ્યવસ્થા ખેડૂતો દ્વારા આવકારવામાં આવશે. ઉત્તર ગુજરાત વીજ કંપનીને સરકારશ્રી દ્વારા ખેડૂતલક્ષી કામગીરી માટે જે યોજનાઓ અમલ કરવાની સૂચના પાઠવવામાં આવે છે તેના લક્ષ્યાંકો સિદ્ધ કરવા હંમેશા પ્રતિબદ્ધતા દર્શાવેલ છે અને સફળ અમલીકરણ કરેલ છે જેમાં વધુ એક યોજનાનો ઉમેરો થયેલો છે.

પ્રથમ ચરણમાં યુજીવીસીએલના કુલ ૫૧૬ (પાંચસો સોળ) ગામોને આવરી લેવામાં આવેલ છે. ક્રમશઃ આયોજનબધ્ધ રીતે બાકીના ગામોને પણ આવરી લેવામાં આવશે. જેને પૂર્ણ કરવાનો લક્ષ્યાંક વર્ષ ૨૦૨૨ રાખવામાં આવેલ છે.

“કિસાન સૂર્યોદય યોજના” અન્વયે સૂર્ય ઊર્જા થકી દિવસે ઉત્પન્ન થતી વીજળીનો દિવસે જ વપરાશ કરવામાં આવે તેવું આયોજન કરવામાં આવેલ છે. કાર્યક્રમની શરૂઆતમાં સ્વાગત પ્રવચનમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘે અરવલ્લી જિલ્લાની પર્વતમાળા અને વનરાજીથી આચ્છાદિત વાતાવરણમાં યોજાયેલ બાયડ


ઉદ્‌બોધન


ઉદ્‌બોધન


ઉદ્‌બોધન


ઉદ્‌બોધન


ઉદ્‌બોધન


ઉદ્‌બોધન

તાલુકાના ‘‘કિસાન સૂર્યોદય યોજના’’ના શુભારંભ પ્રસંગે માનનીય મુખ્યમંત્રી, શ્રી વિજયભાઈ રૂપાણી, માનનીય ઊર્જા મંત્રી, શ્રી સૌરભભાઈ પટેલ તેમજ રાજ્ય મંત્રી વન અને આદિજાતિ વિકાસ તેમજ પ્રખર આદિવાસી નેતા શ્રી રમણભાઈ પાટકર અને લોકસભાના સાંસદ, શ્રી દિપસિંહ રાઠોડ, શ્રીમતી સુનયના તોમર, એડિશનલ ચીફ સેક્રેટરી, એનર્જી એન્ડ પેટ્રોકેમીકલ્સ




સ્વાગત

ડિપાર્ટમેન્ટ તેમજ મંચસ્થ મહાનુભાવોનું શબ્દોથી સ્વાગત કરતા જણાવેલ કે, યુજીવીસીએલના ૩૬ (છત્રીસ) લાખ ગ્રાહકો પૈકી ૩.૫૦ લાખ ખેડૂતો જે ખેતીવાડી વીજગ્રાહકો છે તેઓને કોરોનાની મહામારીના સમય દરમ્યાન સાતત્યપૂર્ણ રીતે વીજ-પુરવઠો પૂરો પાડેલ છે. ખાનગી હોસ્પિટલ હોય કે સરકારી કચેરીઓ યુજીવીસીએલના કર્મઠ કર્મચારીઓ દ્વારા સતત વિના વિક્ષેપે વીજ-પુરવઠો પૂરો પાડવાનો સંનિષ્ઠ પ્રયત્ન કર્યો છે. આ દરમ્યાન યુજીવીસીએલના ૫ (પાંચ) વીજ કર્મીઓએ કોરોનાની બીમારીને લીધે જીવ ગુમાવ્યો છે. સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ સહાય પણ આપવામાં આવેલ છે. કિસાન સૂર્યોદય યોજનાનો અરવલ્લી જિલ્લાનો લક્ષ્યાંક જાન્યુઆરી માસમાં પૂરો કરવામાં આવશે તેવી ખાતરી આપેલ. દર વર્ષે યુજીવીસીએલના વિસ્તારમાં ત્રીસ હજાર થી વધુ ખેતીવાડી વીજ જોડાણ આપેલ છે. ફરીવાર ખેડૂતો, યુજીવીસીએલ તથા સરકારી કર્મચારીઓને હું હૃદય પૂર્વક આવકારું છું.

શ્રી દિપસિંહ રાઠોડ, સંસદસભ્ય સાબરકાંઠા એ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં આજનો દિવસ કિસાનો માટે ગૌરવવંતો હોવાનો જણાવી મંચ પર બિરાજમાન મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ, રાજ્ય મંત્રી વન અને આદિજાતિ વિકાસ, શ્રી રમણભાઈ પાટકર તેમજ મંચસ્થ મહાનુભાવોને આવકારીને જણાવેલ કે સરકાર શ્રી દ્વારા દિવસે વીજળી આપવાની વર્ષો જૂની માગણી અંગે સંવેદનશીલ બનીને ગ્રાહ્ય રાખેલ છે. અને મુશ્કેલીમાંથી મુક્તિ આપેલ છે. માનનીય

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૪ કલાક વીજળી આપવાનું ભગીરથ કામ શક્ય બનાવ્યું તેમની પરંપરાને શ્રી વિજયભાઈ રૂપાણી અને શ્રી નિતીનભાઈ પટેલે જાળવી રાખી છે. ''કિસાન સૂર્યોદય યોજના''ના શુભારંભથી ખેડૂતોની પ્રગતિ થશે તેવી આશા રાખેલ. માલપુર અને મેઘરજ વિસ્તારના તળાવો ભરવા માટે મુખ્યમંત્રીશ્રીને અનુરોધ કરી આભાર વ્યક્ત કરેલ.

શ્રી રમણભાઈ પાટકરે મંચ પર બિરાજમાન મહાનુભાવોને ઉદ્દેશીને જણાવેલ કે ૧૯૯૫માં નવ હજાર કરોડની કૃષિ આવક હવે તાજેતરમાં એક લાખ ઈકોતેર હજાર કરોડ સુધી પહોંચી છે. ગુજરાતનું બજેટ ૧૯૯૫માં ૧૦,૩૩૮ હજાર કરોડ હતું અને હાલમાં ૧૮૬૦૦૦ હજાર કરોડ થયેલ છે. ૧૯૯૫માં એવા પણ દિવસો હતા જ્યારે સૌરાષ્ટ્રના બે મોટા શહેરોને ટેન્કરો દ્વારા પાણી પૂરું પાડવામાં આવતું હતું. નર્મદા કેનાલનું કામ પૂર્ણ થયા બાદ લાખો હેક્ટરને પાણી પૂરું પાડવામાં આવે છે જેને લીધે આજે આપણે અન્ન ક્ષેત્રે સ્વાવલંબી થયા છીએ. ગુજરાતના ૫૭ લાખ જેટલા ખેડૂતોને તબક્કાવાર વીજ-જોડાણો આપવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે. ''કિસાન સૂર્યોદય યોજના''થી કૃષિ આવકમાં ૧૫ ટકાનો વધારો તેમજ ખેડૂતોને રાતના ઉજાગરા નહીં કરવા પડે તેવી આશા રાખું છું. ગુજરાત દરેક ક્ષેત્રમાં અગ્રેસર હોવામાં પ્રજાનો પણ સાથ મળતો રહ્યો છે. અને મળતો રહેશે તેવી આશા રાખી વિરમું છું.

જ્યોતિગ્રામ યોજનાથી ''કિસાન સૂર્યોદય યોજના'' સુધી ઊર્જા વિભાગની અનેકવિધ સિદ્ધિઓના શિલ્પી એવા ઊર્જા મંત્રી, શ્રી સૌરભભાઈ પટેલે પોતાના પ્રેરક ઉદ્બોધનમાં જણાવેલ કે, હાલની સરકાર જ્યારથી સત્તામાં આવી છે ત્યારથી ખૂબ જ વિકાસ થયો છે. ખેડૂતોની આવક વધતા સર્વાંગી વિકાસ થયેલ છે તે માટે ઊર્જા વિભાગે ખેડૂતોની ચિંતા કરી છે. અગાઉના સમયમાં વીજળીના જે પ્રશ્નો હતા તેમજ વીજ-કનેક્શનો માટે લાંબી યાદીઓ હતી. હવે માંગો ત્યારે તુરત જ વીજ-કનેક્શન આપવાની ખાતરી મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ વિધાનસભામાં આપેલ છે. ''કિસાન સૂર્યોદય યોજના''થી વર્ષો જુનો રાત્રે ઉજાગરા કરવાનો પ્રશ્ન દૂર થયો છે. અગાઉની સરકાર દર વર્ષે ૧૭ હજાર વીજ-કનેક્શનો આપતી હતી જ્યારે અરવલ્લી જિલ્લામાં ૪૦ વર્ષમાં ૨૧ હજાર કનેક્શનો આપવામાં આવેલ જેમાં બાયડ તાલુકામાં ૫૦૦૦ કનેક્શનો આપવામાં આવેલ. જ્યારે હાલની સરકાર દ્વારા ૧૮ વર્ષની કામગીરીમાં ૩,૮૦,૦૦૦ વીજ-કનેક્શન આપી ખેડૂતોને ન્યાય આપવાનું કામ કરેલ છે. માત્ર બાયડમાં ૫૦૦૦ કનેકશનની સામે ૧૫૦૦૦ કનેક્શન આપેલ છે. એક કનેક્શન પાછળ સરકારશ્રીને સરેરાશ રૂપિયા ૧,૬૦,૦૦૦ ખર્ચ આવે છે. હાલની સરકારે અગાઉની સરકાર કરતા ખેડૂતોના હિતનું વધારે ધ્યાન રાખેલ છે. કનેક્શન આપ્યા બાદ સતત સાતત્ય પૂર્ણ ગુણવત્તા સભર વીજળી આપવી પડતી હોઈ સબ-સ્ટેશનો ઊભા કરવા પડે છે. અગાઉ સબ-સ્ટેશનો આર્થિક આવકના માપદંડોને ધ્યાનમાં રાખીને ઊભા કરવામાં આવતા. દર વર્ષે ૧૫ સબ-સ્ટેશનની સામે આજની સરકાર દ્વારા ૧૦૦ થી ૧૫૦ જેટલા સબ-સ્ટેશનોનું નિર્માણ કરવામાં આવે છે. માત્ર બાયડ તાલુકામાં ૯ જેટલા સબ-સ્ટેશન ઉભા થયેલ છે. વીજ-કનેક્શન આપ્યા બાદ વ્યાજબી કિંમતે વીજળી આપવામાં આવી રહી છે. મોંઘવારી વધતી હોવા છતાં ખેડૂતોને ગત વર્ષે એક સરખી ટેરીફથી રૂપિયા ૬૬૫ હોર્સ પાવર દીઠ વીજળી આપવામાં આવે છે. ઉત્તર ગુજરાતના ખેડૂતોને જેને લીધે વધુ લાભ થયેલ છે. ૬૦ પૈસે યુનિટના ભાવે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે. આ વર્ષે ગઈ સાલના ૬૫૦૦ કરોડની સામે ૭૪૦૦ કરોડની સબસીડી આપવામાં આવેલ છે. રાજ્ય સરકાર ખેડૂતોના માથે ભારણ ના મુકતા વધતા કનેક્શનોની સામે વધુ સબસીડીનો બોજ ઉઠાવે છે જેથી સરકારનું ભારણ વધે છે. રૂપિયા ૧૮૦૦ કરોડ વીજ-કનેક્શન માટે ખેડૂતો પાછળ ખર્ચે છે. જ્યોતિગ્રામ યોજના દ્વારા ૨૪ કલાક વીજળી આપ્યા બાદ ગ્રામ્ય જીવનમાં બદલાવ આવેલ છે અને લોડ શેડીંગમાંથી મુક્તિ મળેલ છે જેથી શિક્ષણમાં પણ સુધારો થયેલ છે. ૧૮૦૦૦ ગામોને ૧ લાખ કિલોમીટરના વાયરો અને ૨૦ લાખ થાંભલા નાખી વીજળી આપવામાં આવેલ છે. આગામી ત્રણ વર્ષમાં ૩૫૦૦ કરોડના ખર્ચે દિવસે પણ વીજળી આપવામાં આવશે. ઉત્તર ગુજરાતના ૩૪ તાલુકાના ૫૮૯ ગામોને આવતા ૨૦ દિવસથી દિવસે પણ વીજળી આપવા જઈ રહ્યા છીએ. વર્ષો



જૂની માગણી પૂરી થવાની શરૂઆત થઇ છે. ગુણવત્તા સભર વીજળી મળી રહે તેવા પ્રયત્નો રહેશે. માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા નવા સબ-સ્ટેશનો થકી દિવસે વીજળી આપવા કટિબદ્ધ છે. દિવસે ઉત્પાદન કરી દિવસે વીજળી આપવાના કામ કરવાનું આયોજન કરેલ છે તેવું જણાવી આભાર માની પ્રવચન પૂર્ણ કરેલ.

માનનીય મંત્રીશ્રીના પ્રવચન બાદ માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ખેડૂતોને રાત્રે ઉજાગરો ન કરવો પડે અને સલામતી સાથે દિવસે પણ વીજળી મળે તેનું નિદર્શન કરતી ''કિસાન સૂર્યોદય યોજના'' અંગેની દસ્તાવેજી ફિલ્મનું વિમોચન રીમોટ કંટ્રોલનું બટન દબાવીને કરવામાં આવેલ.

માનનીય મુખ્યમંત્રી, શ્રી વિજયભાઈ

રૂપાણીએ પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવેલ કે, ખેડૂતો માટે દિવસે કામ અને રાત્રે વિશ્રામ માટેની ''કિસાન સૂર્યોદય યોજના'' સરકાર લાવેલ છે જે જ્યોતિગ્રામ યોજના પછીની સૌથી મોટી ઐતિહાસિક યોજના છે. જેનો સમગ્ર ગુજરાતમાં પ્રારંભ થઇ ચુક્યો છે. ઉત્તર ગુજરાતના ૬૦૦ ગામોને વીજળી પૂરી પાડવાનું આયોજન કરેલ છે. માનનીય વડાપ્રધાન, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૪મી ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૧૦૫૫ ગામોથી આ યોજનાનો શુભારંભ કરેલ છે. આજે બાયડથી આ યોજનાનો શુભારંભ થઇ રહેલ છે.

વર્ષ ૨૦૨૦ સંઘર્ષપૂર્ણ વર્ષ રહેલ છે. કોરોનાની મહામારીમાં તમામ કામગીરી સ્થગિત થઇ ગઈ છે. જનતાના સહકારથી, તંત્રની કામગીરી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનથી આપણે સંઘર્ષ સાથે તમામ ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી કરીને વિકાસને અટકવા દીધો નથી. ગુજરાતમાં કોરોના બાબતે ૯૫ ટકા રીકવરી રેટ પર પહોંચી ગયા છીએ. મૃત્યુ દરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. હવે વેક્સીન પણ તૈયાર છે. રાજ્યના આરોગ્ય તંત્ર દ્વારા રસીકરણની કામગીરી માટે તૈયારી કરી દીધેલ છે. "કોરોના હારશે ગુજરાત જીતશે", "જાન હૈ તો જહાન હૈ" તેવા સૂત્રને ચરિતાર્થ કરી છેલ્લા પાંચ મહિનામાં ૨૨ હજાર કરોડના વિકાસના કામોનું લોકાર્પણ કરેલ છે. જે કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવે છે તે કામો પૂર્ણ પણ કરવામાં આવે છે. ભૂતકાળની સરકારોની સરખામણીએ જે કામો કરવાનું કહ્યું છે તે કર્યું પણ છે, જેથી છેલ્લા બે દાયકામાં પ્રજા વિકાસનો અનુભવ કરી રહી છે.

ગુજરાત વિકાસનું રોલ મોડેલ હોય ત્યારે લોકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવાની જવાબદારી અમોને સોંપી છે તેને પૂરી કરી રહ્યા છીએ. ખેડૂતોને સમયસર બિયારણ, વીજળી, ખાતર, પાણી મળે અને ઉત્પાદિત થયેલ પાકનો પુરતો ભાવ અને સસ્તું ધિરાણ મળે તેની આવશ્યકતા છે. વર્ષોથી ખેડૂતોની રાત્રે મળતી વીજળીને કારણે પડતી મુશ્કેલીઓ તેમજ અસલામત વાતાવરણમાં કરવી પડતી કામગીરીના નિરાકરણ માટે માગણી હતી. પ્રકૃતિના નિયમ મુજબ દિવસે કામ અને રાત્રે આરામની જરૂરિયાત હોઈ ખેડૂતોને દિવસે વીજળી આપનાર પ્રથમ રાજ્ય ગુજરાત બન્યું છે. ખેડૂતો માટે ૭ પગલાંની યોજનાઓ અમલમાં મૂકી છે. કાંટાળી વાડની યોજના, ખેતરમાં ગોડાઉન, પાકના પૂરતા ભાવ મળે, તેમજ બમણી આવક મળે તે માટે ટેકાના ભાવથી ૧૭,૦૦૦ કરોડની ખરીદી છેલ્લા ૪ વર્ષમાં કરી છે. ભૂતકાળમાં અગાઉની સરકારો દ્વારા ૧૮ ટકા વ્યાજે ધિરાણ આપવામાં આવતું. જ્યારે વર્તમાન સરકાર દ્વારા ઝીરો ટકા વ્યાજે ધિરાણ આપવામાં આવે છે. જેથી ખેડૂતો વ્યાજની ચુન્ગલમાંથી બહાર





મીડિયા સાથે સંવાદ

નીકળે તેવો પ્રયત્ન કરેલ છે. શરૂઆતમાં લંગડી વીજળી મળતી, ટ્રાન્સફોર્મર બળી જતા તે ઝડપથી બદલવામાં આવતા ન હતા, ખેડૂતોને ગુણવત્તા સભર વીજળી ન મળવાના કારણે મોટરો બળી જવાની ઘટનાઓ બનતી. ભૂતકાળમાં ખેડૂતોને પાક વીમા માટે તેમજ ટેકાના ભાવ માટે ગાંધીનગર ખાતે આંદોલન કરવા પડતા હતા. ખેડૂત માટે સરકારશ્રીએ જ્યોતિગ્રામ યોજના, કૃષિ મેળા, ખેડુતોને જમીનની ચકાસણી, સોઇલ હેલ્થ કાર્ડ જેવી યોજનાઓ શરૂ કરેલ છે. સરકાર ખેડૂતો અને ગામડા માટેની સરકાર છે. ઉત્તમથી સર્વોત્તમ તરફ ગુજરાત આગળ વધી રહ્યું છે. દરેક દિશાઓમાંથી વિકાસ આગળ વધી રહ્યો છે. દુનિયાનો સૌથી મોટો રીન્યુએબલ એનર્જી પાર્ક, ૩૦,૦૦૦ મેગાવોટની ઉત્પાદન ક્ષમતા વાળા પ્લાન્ટનું ખાતમુહૂર્ત કચ્છમાં કરેલ છે. માંડવી ખાતે ખારા પાણીમાંથી મીઠું પાણી કરવાના પ્લાન્ટનું ખાતમુહૂર્ત, ભારતના સૌથી મોટા રોપ-વેનું ઉદ્ઘાટન તેમજ ''કિસાન સૂર્યોદય યોજના''નો શુભારંભ, સૌથી મોટી યુ.એન. મહેતા હાર્ટ-હોસ્પિટલનું અમદાવાદ ખાતે ઉદ્ઘાટન. રો-પેક્સ સર્વિસનું ઉદ્ઘાટન, ગુજરાતની પ્રથમ એઈમ્સ હોસ્પિટલનું રાજકોટ ખાતે ખાતમુહૂર્ત, નળથી જળ કાર્યક્રમ દ્વારા શુદ્ધ પાણી પૂરું પાડવાની વ્યવસ્થા કરી રહ્યા છીએ. મહિલા ઉત્કર્ષ માટે મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ મહિલાઓને પુરૂષ સમોવડી બને તે માટે દસ-લાખ મહિલાઓને ઝીરો ટકા વ્યાજે ધિરાણ કરીને સ્વાવલંબી બનાવવાનો પ્રયત્ન કરેલ છે. સ્કાય અને કુસુમ યોજના દ્વારા ખેડૂતો પોતાના ખેતરમાં વીજળી ઉત્પન્ન કરી વધારાની વીજળી સરકારને વેચે તે માટે અમલમાં મૂકી છે. મુખ્યમંત્રી કિસાન કલ્યાણ યોજના દ્વારા ખેડૂતોને ખાનગી વીમા કંપનીઓની મુશ્કેલીઓમાંથી ઉગાર્યા છે. અતિવૃષ્ટિ, માવઠું, દુષ્કાળની પરિસ્થિતિમાં ખેડૂતોને વળતર આપવાની કામગીરી કરેલ છે અને આ વર્ષે ચુકવણું પણ કરેલ છે. આધુનિક ટેકનોલોજી સાથે જોડીને ખેડૂતોને સાધનો પુરાં પાડ્યાં છે. જેથી ઓછી મહેનતે વધુ કામ કરી વધુ પાક લઈ શકે. આવક વધારવા માટે પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા છે. માનનીય વડાપ્રધાન, શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ખેડૂતોની આવક બમણી કરવાનો સંકલ્પ કર્યો છે જેને આગળ ધપાવી રહ્યા છે.

આભારવિધિ કલેકટર અરવલ્લી, શ્રી અમૃતેશ ઔરંગાબાદકર દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી અજય બારોટ દ્વારા શ્રી કે.ડી. બારોટ નાયબ ઇજનેરના સંકલનથી કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કોર્પોરેટ ઓફિસના સહયોગથી હિંમતનગર વર્તુળ કચેરી દ્વારા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘના માર્ગદર્શન હેઠળ, શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઈજનેરના નેતૃત્વ હેઠળ કરવામાં આવેલ. ■

# દહેગામ ખાતે કિસાન સૂર્યોદય યોજનાનો શુભારંભ

# માનનીય ધારાસભ્ય શ્રી બલરાજસિંહ ચૌહાણના વરદ્ હસ્તે




દિપપ્રાગટ્ય



ઉપસ્થિત મહાનુભાવો

તા. ૨૪-૧૦-૨૦૨૦ના રોજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે ''કિસાન સૂર્યોદય યોજના''નો શુભારંભ કર્યા બાદ તબક્કાવાર શુભારંભ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવેલ જેના ભાગરૂપે તા. ૦૫-૦૧-૨૦૨૧ના રોજ બાયડ ખાતે યોજાયેલ કાર્યક્રમ બાદ ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓ અને તાલુકાઓમાં ''કિસાન સૂર્યોદય યોજના''ના શુભારંભ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવેલ. જે અંતર્ગત દહેગામ ખાતે તા. ૧૮-૦૧-૨૦૨૧ના રોજ ''કિસાન સૂર્યોદય યોજના''નો માનનીય ધારાસભ્ય શ્રી બલરાજસિંહ ચૌહાણના વરદ્ હસ્તે કરવામાં આવેલ.

આ પ્રસંગે તાલુકા પ્રમુખ શ્રી કનુભાઈ પટેલ, પ્રાંત અધિકારી શ્રી જે.એમ. ભોરણીયા, એ.પી.એમ.સી. દહેગામના ચેરમેન શ્રી સુમેરૂભાઈ અમિન, માનનીય મંત્રી ભારતીય કિસાન મોરચા શ્રી હિતેન્દ્રભાઈ પટેલ, દહેગામ તાલુકાના સંગઠન મંત્રીશ્રી ચંદ્રેશભાઈ, યુજીવીસીએલના ચીફ એન્જિનિયર શ્રી પી.બી. પંડ્યા અને શ્રી વી.એમ. શ્રોફ, જેટકોના ચીફ એન્જિનિયર શ્રી કે.આર. સોલંકી, દહેગામ તાલુકા અને અન્ય તાલુકામાંથી આવેલા હાજર તમામ ખેડૂતો, યુજીવીસીએલ તેમજ કંપની અને સરકારના ઉચ્ચ-અધિકારીઓ, કર્મચારીઓ, પ્રિન્ટ તેમજ ઇલેક્ટ્રોનિક્સ મીડિયાના પત્રકારો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમની શરૂઆત પહેલા યુજીવીસીએલ દ્વારા વીજ-સલામતી અંગેની ફિલ્મ તેમજ કોરોનાની મહામારીને અટકાવવા માટે ગુજરાત સરકારના આરોગ્ય



ખાતા દ્વારા તૈયાર કરવામાં આવેલ ફિલ્મનું પ્રસારણ કરવામાં આવેલ.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના સાબરમતી સર્કલના તાબા હેઠળના દહેગામ તાલુકાના કુલ ૧૬ જેટલા ગામોના ૧૫૯૯ જેટલા ખેડૂતોને ૭ (સાત) ફીડરો ઉપરથી વીજ વિતરણ કરીને ''કિસાન સૂર્યોદય યોજના''માં આવરી લેવામાં આવેલ છે. ત્યારબાદ તબક્કાવાર તમામ ગામોને દિવસે વીજ-પુરવઠો પૂરો પાડવાનું વર્ષ ૨૦૨૨ સુધીનું લક્ષાંક રાખવામાં આવેલ છે.

કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડ્યા દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું શબ્દોથી ઉમળકાભેર સ્વાગત કરવામાં આવેલ. ''કિસાન સૂર્યોદય યોજના''નો પરિચય આપી લાભાન્વિત થતા ખેડૂતોને શુભેચ્છાઓ આપી અભિનંદન પાઠવવામાં આવેલ.



સ્વાગત


સ્વાગત


સ્વાગત

શબ્દોથી સ્વાગત બાદ ઉપસ્થિત મહાનુભાવોનું શાલ અર્પણ કરીને તેમજ ડ્રાયફ્રુટ બાસ્કેટ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ આંગણવાડીની બહેનોને બાળકો માટે અર્પણ કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં મંચ પર ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો આરંભ કરેલ.

પ્રાસંગિક ઉદ્બોધનમાં ભારતીય કિસાન મોરચાના મંત્રી શ્રી હિતેન્દ્રભાઈ પટેલે ઉપસ્થિત મહાનુભાવોનું તેમજ ખેડૂતોનું અભિવાદન કરી પ્રવચનની શરૂઆત કરતા જણાવેલ કે, આ સમયમાં વીજળીના ક્ષેત્રમાં આમૂલ પરિવર્તન થયું છે. સમગ્ર દેશમાં વીજ-ક્ષેત્રે સરપ્લસ સ્ટેટ તરીકે ઓછામાં ઓછા ટીએન્ડડી લોસ સાથે વધારેમાં વધારે ગ્રાહકો સુધી ગુણવત્તાયુક્ત વીજળી પહોંચાડવાનું કામ ગુજરાતની આ વીજ કંપનીઓએ કર્યું છે.

વધુમાં જણાવેલ કે, ૨૦૦૦ની સાલમાં ગુજરાત વિદ્યુત બોર્ડ પાસે માત્ર ૩,૬૧,૦૦૦ વીજગ્રાહકો, ખેતી-વીજગ્રાહકો હતા, આજે આપણે એ યાત્રાને છેક ૧૬ લાખ વીજગ્રાહકો સુધી લઈ જઈ શક્યા છીએ. આ ૧૬ લાખની યાત્રામાં પણ ૫ થી ૫.૫ લાખ ગ્રાહકો છેલ્લા પાંચ વર્ષમાં થયા છે. આજે કોરોનાકાળ પછી છેલ્લા એક વર્ષ પહેલાનો વિચાર કરીએ તો લગભગ માંગો ત્યારે કનેક્શન એટલે કે ત્રણ ચાર મહિનામાં કનેક્શન મળી જાય એવી સ્થિતિનું નિર્માણ આ યુજીવીસીએલની ટીમે કર્યું છે અને નજીકના ભવિષ્યમાં માગો ત્યારે કનેક્શન મળી જાય તેવી સ્થિતિનું નિર્માણ થાય તેવી આશા વ્યક્ત કરી હતી.

વીજળીની સબસીડી અંગે વધુમાં વાત કરતા જણાવેલ કે, ૨૦૦૦ની સાલમાં લગભગ ૫૦૦થી ૬૦૦ કરોડની વીજળીની સબસીડી રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી હતી, જે આજે કનેકશનો તથા પિયત હેઠળનો વિસ્તાર વધતાં લગભગ ૬૯૦૦ કરોડની વીજળીની સબસીડી આપના માટે આ રાજ્ય-સરકાર આપી રહી છે. આપ સૌના આશીર્વાદથી ૨૦૧૪માં કેન્દ્રની સરકાર બન્યા બાદ કૃષિ ક્ષેત્રે, સમાજ




મીડિયા સાથે સંવાદ

જીવન ક્ષેત્રે પરિવર્તનો આવ્યા તથા વિકાસની દિશા અને દશા બદલાઈ. છેલ્લા ૨૫ વર્ષથી ગુજરાતે વિકાસના અનેક આયામો સર કર્યા જેવા કે ૧૦૮ની વાત હોય કે કન્યા કેળવણી રથ યાત્રાની વાત હોય, કૃષિ રથની વાત હોય, ૨૪ કલાક વીજળીની વાત હોય અનેક મોરચે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીએ વિકાસના દ્વાર ગુજરાતમાં ખોલ્યા હતા અને એના પરિણામે સમગ્ર દેશમાં ગુજરાત વિકાસનું રોલ મોડેલ બન્યું. ૨૦૧૪થી ૨૦૧૯ સુધી સરકારે નોટબંધી, જીએસટી, કોર્પોરેટ ટેક્ષ ઘટાડવાની વાત હોય, સ્વચ્છતા અભિયાન હોય, ઘરે ઘરે શૌચાલય પહોંચાડવાની વાત હોય, ઘરે ઘરે ગેસ કનેકશન આપવાની વાત હોય, બેંક એકાઉન્ટ આપવાની વાત હોય, ગામડામાં ઘરનું ઘર, વીજળીનું કનેકશન આપવાની અને ઘરે ઘરે પાણી આપવાના અનેક કામો પૂરાં કર્યા. ૯૨ જેટલી નાની સિંચાઈ યોજનાઓ જે સમગ્ર દેશમાં ૧૦ વર્ષથી બંધ પડી હતી તે ચાલુ કરાવડાવી પૂર્ણ કરી. વીજળીના સબ-સ્ટેશનો ૬૦૦ થી વધારી ૧૩૦૦ કર્યા ચારગણા થાંભલા અને વીજ-લાઈનો કરી. સમગ્ર દેશમાં સૌર ઊર્જામાં ગુજરાત પ્રથમ નંબરે રહ્યું છે અને એ સૌર ઊર્જાના પ્રતાપે આજે દિવસે વીજળી આપવાનું કાર્ય સફળ થઇ રહ્યું છે. એમ.એસ. પી., કૃષિ ધિરાણ, કૃષિ બજેટ, કૃષિ કલ્યાણ વિભાગ, પાક વીમો જેવા અનેક ક્ષેત્રમાં કામના મામલે આ સરકાર અગ્રેસર રહી છે તેવું જણાવી હાજર સૌનો આભાર માની પોતાનું પ્રવચન પૂર્ણ કરેલ.

ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોની હાજરીમાં ગાંધીનગર (ગ્રામ્ય) વિભાગીય કચેરી તથા દહેગામ (ગ્રામ્ય) પેટાવિભાગીય


સફળતાના સૂત્રોધારો - ટીમ યુજીવીસીએલ


ઉદ્બોધન


ઉદ્બોધન


ઉદ્બોધન


ઉદ્બોધન

કચેરીઓ તેમજ ચિલોડા-૧ અને ચિલોડા-૨ પેટાવિભાગીય કચેરીઓના "ભૂમિપૂજન"ની તક્તિઓનું અનાવરણ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘના વરદ્ હસ્તે કરવામાં આવેલ.

તક્તિના અનાવરણ બાદ તા. ૦૫-૦૧-૨૦૨૧ના રોજ બાયડ ખાતે માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે વિમોચન કરવામાં આવેલ ''કિસાન સૂર્યોદય યોજના''ની ફિલ્મનું પ્રસારણ કરવામાં આવેલ.

પ્રાસંગિક ઉદ્બોધનમાં યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું અભિવાદન કરીને જણાવેલ કે, ગુજરાત એ હંમેશાથી રાષ્ટ્રને રાહ ચિંધનાર રાજ્ય રહ્યું છે તે પછી સ્વતંત્રતા સંગ્રામ હોય જેમાં મહાત્મા ગાંધી અને સરદાર પટેલ દ્વારા જે રાહ આપણને બતાવવામાં આવી એ જ રાહ વિકાસ માટે અત્યારે આપણી સરકાર બતાવી રહી છે. જે તે સમયના મુખ્યમંત્રી અને આજના આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતમાં હતા ત્યારે અનેક પ્રયોગ કર્યા અને એ પ્રયોગોને અત્યારે રાષ્ટ્રકક્ષાએ લોકો ગુજરાત મોડેલ કહે છે. આવા ગુજરાત મોડેલમાંનો એક પ્રયોગ એ "જ્યોતિગ્રામ યોજના" જેના દ્વારા ગામડામાં ૨૪ કલાક વીજળી પહોંચાડવામાં સફળતા મેળવી.

વધુમાં અગાઉના કાર્યક્રમમાં કિસાન ભાઈઓ દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્નોનો સંતોષકારક જવાબ આપી જણાવેલ કે, ''કિસાન સૂર્યોદય યોજના''નું તબક્કાવાર અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. જેમ જેમ દિવસે વીજળી પૂરી પાડવા માટે જે



તક્તિનું અનાવરણ


પરામર્શ


સંગીત કાર્યક્રમ


સંચાલનના સૂત્રોધારો

વ્યવસ્થા ઊભી કરવાની જરૂર છે અને જે જે તાલુકામાં તે વ્યવસ્થા અત્યારે થઈ ચુકી છે એટલા ગામોને આપણે અત્યારે દિવસે વીજળી આપીએ છીએ અને બાકી જે ગામો રહી ગયા છે તેમની વ્યવસ્થા અત્યારે ચાલુ છે અને વ્યવસ્થા પૂરી થયે ક્રમશઃ આ તમામ ગામોનો પણ તેમાં સમાવેશ કરવામાં આવશે.

વધુમાં કોરોના મહામારી અંગે જણાવેલ કે, આ મહામારીના સમયમાં હોસ્પિટલોમાં સતત વીજળી મળી રહે તે માટે નવી વ્યવસ્થા ઊભી કરી અને આપણા કર્મચારીઓએ યોગદાન આપેલ. આ કોરોના કાળમાં આપણા ૫૫૦ કરતા પણ વધારે કર્મચારીઓ આ બીમારીથી ગ્રસિત થયેલ અને કમનસીબે આપણા પાંચ વીજ-સૈનિકો એ એમાં જાન પણ ગુમાવ્યા છે. યુજીવીસીએલ કંપની ખેડૂતો અને બાકીના જન-માનસની સુખાકારી માટે સતત પ્રયત્નશીલ છે.

વધુમાં આનંદની લાગણી અનુભવતા જણાવેલ કે, ઉત્તર ગુજરાતના આશરે ૫૯૦ ગામો ''કિસાન સૂર્યોદય યોજના''નો લાભ લઇ રહ્યા છે. એ જ રીતે તમામ વીજ કંપનીઓ અંતર્ગત ૪૦૦૦ ગામો સદર યોજનાનો લાભ લઇ રહ્યા છે. વધુમાં વીજ-સલામતી અંગે પણ જાગૃતતા કેળવાય અને સાવધાની સાથે વીજ-સાધનોનો ઉપયોગ કરી વીજ-અકસ્માતોને નિવારવા અંગે અપીલ કરેલ. દહેગામ ખાતે વિભાગીય કચેરીના નિર્માણ તથા ચિલોડા ખાતે કચેરીના નિર્માણ અંગે ખુશી વ્યક્ત કરી પોતાના વ્યક્તવ્યનું સમાપન કરેલ.

આભારવિધિ શ્રી વી.એમ. શ્રોફ, મુખ્ય ઈજનેર (પી) દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી અજય બારોટ દ્વારા શ્રી કે.ડી. બારોટ, નાયબ ઈજનેરના સંકલનથી કરવામાં આવેલ. કાર્યક્રમનું સફળ આયોજન શ્રી આર.ડી. ઝાલાના નેતૃત્વ હેઠળ શ્રી એ.એસ. મુલાણી, કાર્યપાલક ઈજનેર, ગાંધીનગર અર્બન વિભાગીય કચેરી તથા શ્રી ટી.એસ. મજમુદાર, કાર્યપાલક ઈજનેર, ગાંધીનગર ગ્રામ્ય વિભાગીય કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓની ટીમ દ્વારા કરવામાં આવેલ. ■

# મહેસાણા ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા તબક્કાવાર ‘‘કિસાન સૂર્યોદય યોજના’’ના શુભારંભ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવેલ. જેને અનુલક્ષીને તા. ૦૯-૦૧-૨૦૨૧ના રોજ સવારે ૯ કલાકે પંડિત દીનદયાળ ઉપાધ્યાય ટાઉનહોલ મહેસાણા ખાતે, મહેસાણા તાલુકાના ‘‘કિસાન સૂર્યોદય યોજના’’નો શુભારંભ માનનીય સંસદસભ્ય રાજ્યસભા મહેસાણા, શ્રી જુગલજી ઠાકોરના વરદ્ હસ્તે જિલ્લાના ખેડૂત આગેવાનો, રાજકીય આગેવાન, શ્રી જશુભાઈ પટેલ, મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ, જિલ્લા કલેક્ટર શ્રી એચ.કે. પટેલ, રાજકીય આગેવાન, શ્રી ભગાજીભાઈ, ખેરાલુના ધારાસભ્ય, શ્રી અજમલજીભાઈ, કડીના ધારાસભ્ય, શ્રી કરસનભાઈ, એપીએમસીના ચેરમેન, શ્રી ખોડભાઈ પટેલ, મહામંત્રી, શ્રી જે.એમ. ચૌધરી, પૂર્વ મહામંત્રી, શ્રી બાબુજી ઠાકોર, પૂર્વ સાંસદ, નટુજી હાલાજી ઠાકોર, શહેર પ્રમુખ મુકેશભાઈ, ઉપપ્રમુખ રાજુભાઈ, મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યા, ખેડૂતો, નાગરિકો, યુજીવીસીએલના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારોની હાજરીમાં કરવામાં આવેલ.

ગુજરાતના ભૂતપૂર્વ માનનીય મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકી અને ખેડૂતોના હિતેચ્છુ કડીના વતની શ્રી જીવણદાદાના દુઃખદ અવસાનને લીધે કલેક્ટર શ્રી એચ.કે. પટેલ દ્વારા ૨ મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપીને સાદગીથી કાર્યક્રમ યોજવામાં આવેલ.

શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઇજનેર દ્વારા શબ્દોથી સ્વાગત કરવામાં આવેલ ત્યાર બાદ ઉપસ્થિત મહાનુભાવોનું શાલ અર્પણ કરીને સ્વાગત કરવામાં આવેલ.

તા. ૦૫-૦૧-૨૦૨૧ના રોજ બાયડ ખાતેના કાર્યક્રમમાં માનનીય મુખ્યમંત્રી, શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા વિમોચન કરવામાં આવેલ. ‘‘કિસાન સૂર્યોદય યોજના’’ અંગેની દસ્તાવેજી ફિલ્મ દર્શાવવામાં આવેલ.

આ પ્રસંગે મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ દ્વારા માનનીય સંસદસભ્ય (રાજ્યસભા), શ્રી જુગલજી ઠાકોર તથા કડીના ધારાસભ્ય, શ્રી કરસનભાઈ સોલંકી,


સ્વાગત


શ્રદ્ધાંજલિ


ઉદ્બોધન


ઉદ્બોધન


ઉદ્બોધન

રાજકીય આગેવાન, શ્રી જસુભાઇ, માજી ધારાસભ્ય, શ્રી ખોડાભાઈ, શ્રી બાબુજી ઠાકોર, પૂર્વ સાંસદ, શ્રી નટુજી ઠાકોર, જિલ્લા વહીવટી તંત્રના વડા કલેક્ટર શ્રી એચ.કે. પટેલ મંચ ઉપર ઉપસ્થિત અન્ય મહાનુભાવો, અધિકારીઓ તેમજ દૂર દૂરથી આવેલા મહેસાણા જિલ્લાના ખેડૂત મિત્રોનું શબ્દોથી સ્વાગત કર્યા બાદ સૌ પ્રથમ રાજ્યના માજી મુખ્યમંત્રી સ્વ. શ્રી માધવસિંહ સોલંકીને શ્રદ્ધાંજલિ આપેલ. તાલીમાર્થી અધિકારી તરીકેના રાજ્યમાં પોતાના આગમનના સમયના સ્વ. શ્રી માધવસિંહ સોલંકી સાથેની મુલાકાતના સંભારણા યાદ કરતા જણાવેલ કે આજે ગુજરાતે એક સારું વ્યક્તિત્વ ધરાવતા માણસને ગુમાવ્યા છે.

‘‘કિસાન સૂર્યોદય યોજના’’ અંગે જણાવતા કહેલ કે, ‘‘કિસાન સૂર્યોદય યોજના’’ના બીજા તબક્કામાં મહેસાણાના ૧૦૭ ગામોના ખેડૂતોને આ યોજનાનો લાભ મળશે. અત્યાર સુધીમાં ખેડૂતોને ત્રણ તબક્કામાં વીજળી આપવામાં આવતી હતી, સવારે ૫ વાગ્યાથી બપોરે ૧ વાગ્ય સુધી, બપોરે ૧ વાગ્યાથી રાત્રે ૯ વાગ્યા સુધી અને રાત્રે ૯ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી મળતી હતી, તેમાં એક જ ફેરફાર થશે કે રાત્રે જે વીજળી ૯ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી મળતી હતી તેને બદલે સવારે ૫ વાગ્યાથી ૯ વાગ્યા સુધી મળશે. મહેસાણાના ૧૦૭ લાભાન્વિત ગામોને સતત દિવસે વીજળી આપવામાં આવશે. આ સાથે અગાઉ ખેડૂતો દ્વારા આ યોજના અંગે પૂછેલ પ્રશ્નોના સંતોષકારક જવાબ પણ આપ્યાનું જણાવેલ.

યોગ્ય વ્યવસ્થાની સાથે સૌર-ઊર્જાના ઉત્પાદનના સમન્વય દ્વારા સદર યોજનાના અમલીકરણ દ્વારા સૌ કિસાન મિત્રોને પુરતો અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવાં અંગે આશા વ્યક્ત કરેલ.

વધુમાં જણાવેલ કે, અગાઉની સરખામણીમાં છેલ્લા પાંચ વર્ષથી દર વર્ષે ૧૦૦,૦૦૦ કરતાં પણ વધારે કનેક્શન ખેડૂતોને આપી રહ્યા હોવાનું જણાવેલ અને

ફક્ત ઉત્તર ગુજરાતની જો વાત કરીએ તો ૨૫,૦૦૦ થી ૩૦,૦૦૦ નવા કનેકશન આપતા હોવાનું જણાવેલ તથા બનાસકાંઠા, પાટણ જિલ્લામાં જ્યારથી નર્મદાના પાણી આવી ગયા છે ત્યારથી નવા કનેક્શનોની માગણી વધી હોવાનું જણાવેલ.

આજે પરિસ્થિતિ એવી છે કે, જે લોકોએ માર્ચ-૨૦૨૦ સુધી અરજીઓ આપેલ છે. તે લોકોને કનેક્શન આપવા અંગેની તમામ પ્રક્રિયા અત્યારે શરૂ થઇ ગયેલ હોવાનું જણાવેલ અને નજીકના સમયમાં માગો ત્યારે કનેક્શન મળી જાય તેવી પરિસ્થિતિના નિર્માણ અંગેની આશા વ્યક્ત કરી હતી અને સોલાર રૂફ ટોપ યોજના તથા અન્ય કોઈપણ યોજનાના અમલમાં ગુજરાત દેશમાં સૌથી આગળ હોવાનું જણાવેલ. ઉત્તર ગુજરાત વીજ કંપનીને A+ રેટીંગ મળવા અંગે આનંદની લાગણી વ્યક્ત કરી પોતાના વક્તવ્યનું સમાપન કરેલ.

આ પ્રસંગે માનનીય સંસદસભ્ય (રાજ્યસભા), શ્રી જુગલજી ઠાકોર દ્વારા "ભારત માતા કી જય"ના નારા સાથે પોતાના વક્તવ્યની શરૂઆત કરતાં સૌ પ્રથમ મહેસાણા જિલ્લાના ખેડૂત આગેવાનો, રાજકીય આગેવાન શ્રી જશુભાઈ પટેલ, મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ, માનનીય જિલ્લા કલેક્ટરશ્રી, રાજકીય આગેવાન શ્રી ભગાજીભાઈ, ખેરાલુના ધારાસભ્ય, શ્રી અજમલજીભાઈ, કડીના ધારાસભ્ય, શ્રી કરસનભાઈ, એપીએમસીના ચેરમેન, શ્રી ખોડભાઈ પટેલ, મહામંત્રી, શ્રી જે.એમ. ચૌધરી, પૂર્વ મહામંત્રી, શ્રી બાબુજી ઠાકોર, પૂર્વ સાંસદ, નટુજી હાલાજી ઠાકોર, શહેર પ્રમુખ મુકેશભાઈ, ઉપ-પ્રમુખ રાજુભાઈ, મુખ્ય ઈજનેર (ઓપરેશન), યુજીવીસીએલ, શ્રી પી.બી. પંડ્યા તથા અન્ય હાજર મહાનુભાવોનું શબ્દોથી સ્વાગત કર્યા બાદ જણાવેલ કે, ભૂતકાળમાં જ્યારે ૨૪ કલાક વીજ વિતરણ ન હોવાથી જે જે મુશ્કેલીઓ અને પરેશાનીઓનો સામનો કરવો પડતો હતો અને જે તે સમયે ૨૦૦૪-૨૦૦૫ના સમયગાળા દરમ્યાન તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના આપણા દેશના વડાપ્રધાન, માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તે સમયના આપણા દેશના રાષ્ટ્રપતિ, માનનીય શ્રી એ.પી.જે. અબ્દુલ કલામના વરદ્ હસ્તે સમગ્ર ગુજરાત રાજ્યની અંદર જ્યોતિગ્રામ યોજનાનું લોકાર્પણ કરવામાં આવેલ.

ત્યારબાદના વર્ષોમાં યોજનાના અમલીકરણમાં પોતાની પ્રબળ ઈચ્છા શક્તિ દ્વારા યોજનાને સફળ બનાવવામાં પોતાનું અમુલ્ય યોગદાન આપનાર


મીડિયા સાથે સંવાદ


સ્વાગત



યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર તથા અધિકારીઓ તથા કર્મચારીઓ તથા અન્ય સરકારી કર્મચારીઓને ધન્યવાદ આપેલ જેનું તાળીઓના ગડગડાટ સાથે અભિવાદન કરવામાં આવેલ. વધુમાં જણાવેલ રાજ્ય સરકારની લોક કલ્યાણકારી યોજનાઓના સફળ અમલીકરણ માટે પોતાના કાર્ય દ્વારા અમુલ્ય યોગદાન કરનાર યુજીવીસીએલના અધિકારીઓ તથા કર્મચારીઓ સન્માનને લાયક છે.

ભારતના લોકપ્રિય વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદૃષ્ટિ અને પ્રબળ ઈચ્છાશક્તિ દ્વારા ગુજરાતના દરેક ખૂણે તથા ગામડે ગામડે ફક્ત વીજળી જ નહિ, પરંતુ રોડ-રસ્તા, નર્મદા યોજના જેવી પાણીની સુવિધાઓ, સુજલામ્ સુફલામ્ યોજના વિગેરે યોજનાઓના સફળ અમલીકરણ માટે તેની સાથે જોડાયેલ કર્મચારીઓ, અધિકારીઓના યોગદાનને પણ મહત્ત્વનું ગણાવેલ.

"કિસાન સૂર્યોદય યોજના" અંગે જણાવેલ કે, મહેસાણાના ૧૦૭ ગામ અને ૭ થી ૮ તાલુકાના ૪૪૪૩ જેટલા ખેડૂતોને આ યોજનાનો લાભ થવાનો છે. આ યોજના અન્વયે લાભાન્વિત ખેડૂતોને સવારના ૫ વાગ્યાથી રાત્રિના ૯ વાગ્યા સુધીના સમયમાં વીજળી મળશે. અગાઉ જ્યારે રાત્રિના સમયે પિયત દરમ્યાન પડતી મુશ્કેલીઓ અને તકલીફો જેવી કે જંગલી જાનવરો તથા જીવ-જંતુઓ કરડવાનો ભય, રાત્રિના ઉજાગરા, વરસતા વરસાદ તથા કડકડતી ઠંડીમાં પિયત વિગેરેનું નિરાકરણ લાવનારી આ યોજના લાવવા માટે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા માનનીય મુખ્યમંત્રી, શ્રી વિજયભાઈ રૂપાણી તથા માનનીય નાયબ મુખ્યમંત્રી, શ્રી નિતીનભાઈ પટેલનો અભાર માન્યો હતો. વધુમાં ખેડૂત મિત્રોને આ યોજના દ્વારા મળતા લાભને ટપક પદ્ધતિનો ઉપયોગ કરીને વીજળી-પાણીનો બચાવ કરી અને આવનારા સમય માટે આવનારી પેઢીને મજબુત બનાવવા જણાવેલ.

કાર્યક્રમની આભાર વિધિ, શ્રી સી.જે. રાજપાલ, અધિક્ષક ઈજનેર વર્તુળ કચેરી મહેસાણા દ્વારા કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન, શ્રી અજયભાઈ બારોટ દ્વારા શ્રી કે.ડી. બારોટ, નાયબ ઈજનેર, આરએન્ડસી ઓફિસ મહેસાણાના સંકલનથી કરવામાં આવેલ. જ્યારે અધિક્ષક ઈજનેર, શ્રી સી.જે. રાજપાલના માર્ગદર્શન હેઠળ તેમજ કાર્યપાલક ઈજનેર મહેસાણા, શ્રી એચ.આર. ઝાના નેતૃત્વ હેઠળ મહેસાણા વર્તુળ કચેરી અને વિભાગીય કચેરીના કર્મચારીઓ દ્વારા સફળ રીતે આયોજન કરવામાં આવેલ. ■

# ગાંધીનગર ખાતે માનનીય શ્રમ અને રોજગાર મંત્રી
# શ્રી દિલીપભાઈ ઠાકોર દ્વારા 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ


ઉદ્ઘાટન


ઉદ્બોધન


ઉદ્બોધન

"કિસાન સૂર્યોદય યોજના"નો તા. ૨૪-૧૦-૨૦૨૦ના રોજ ભારતના વડાપ્રધાન, માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઈ-શુભારંભ કરાવ્યા બાદ તા. ૦૫-૦૧-૨૦૨૧ના રોજ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી, શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે ઉત્તર ગુજરાતના ખેડૂતો માટે બાયડ ખાતેથી યોજનાનો શુભારંભ કરાવ્યા બાદ તબક્કાવાર ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના કાર્યક્ષેત્રના જુદાજુદા તાલુકાઓમાં તબક્કાવાર "કિસાન સૂર્યોદય યોજના"ના શુભારંભ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવેલ. જેને અનુલક્ષીને તા. ૧૬-૦૧-૨૦૨૧ના રોજ બપોરે ત્રણ કલાકે ગાંધીનગર ખાતે સેકટર-૧૨માં આવેલ સૌરાષ્ટ્ર કડવા પટેલ સેવા ટ્રસ્ટ હોલ ખાતે ગાંધીનગર તાલુકાના "કિસાન સૂર્યોદય યોજના"નો શુભારંભ માનનીય મંત્રી શ્રમ અને રોજગાર, શ્રી દિલીપભાઈ ઠાકોરના વરદ્ હસ્તે, શ્રી હિતેન્દ્રભાઈ પટેલ, મંત્રી કિસાન મોરચા, શ્રી આઈ.એમ. ભોરણીયા, પ્રાંત ઓફિસર, મોટી સંખ્યામાં ખેડૂતો, યુજીવીસીએલના ઉચ્ચઅધિકારીઓ તેમજ કર્મચારીઓની હાજરીમાં યોજવામાં આવેલ.

માનવંતા મહેમાનના આગમન બાદ ગાંધીનગર અર્બન વિભાગીય કચેરીની મહિલા કર્મચારીઓ શ્રીમતી નિધિબેન ગઢવી અને શ્રીમતી ચેતનાબેન પટેલ દ્વારા પ્રાર્થનાગીત રજૂ કરવામાં આવેલ. ત્યારબાદ દીપ પ્રાગટ્ય કરીને સમારંભનો વિધિવત્ રીતે શુભારંભ કરવામાં આવેલ.

સાબરમતી વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી આર.ડી. ઝાલા દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું શબ્દોથી સ્વાગત કરવામાં આવેલ. ગાંધીનગર તાલુકાના કુલ ૧૩ ગામોના ખેડૂતોને ૯ સબ-સ્ટેશનમાંથી ૬.૮૨ મેગાવોટ વીજ-પુરવઠાનું વીજ-વિતરણ સદર યોજના દ્વારા કરવામાં આવશે. જેમાં અમીયાપુર, બાસણ, ભાટ, કરાઈ, કુડાસણ, નભોઈ, ફિરોજપુર, રતનપુર, શાહપુર, સુઘડ, વાસણા હડમતિયા પૂર્ણ ગામોને તેમજ લવારપુર, પાલજ અંશતઃ ગામોને વીજ-પુરવઠો દિવસે આપવામાં આવશે તેવું જણાવી તેમજ ૨૦૨૨ સુધીમાં તમામ ગામોને દિવસે વીજ-પુરવઠો પૂરો પાડવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે. લાભાન્વિત ખેડૂતોને અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

શબ્દોથી સ્વાગત બાદ ઉપસ્થિત મહાનુભાવોનું ડ્રાયફ્રુટ બાસ્કેટથી સ્વાગત કરવામાં આવેલ જે બાદમાં આંગણવાડીની બહેનોને બાળકો માટે અર્પણ કરવામાં આવેલ.

તા. ૦૫-૦૧-૨૦૨૧ના રોજ બાયડ ખાતેના કાર્યક્રમમાં માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા વિમોચન કરવામાં આવેલ "કિસાન સૂર્યોદય યોજના" અંગેની દસ્તાવેજી ફિલ્મ દર્શાવવામાં આવેલ.

પ્રાસંગિક ઉદ્બોધનમાં શ્રી હિતેન્દ્રભાઈ પટેલે મંચ ઉપર ઉપસ્થિત મહાનુભાવોને ઉદ્દેશીને જણાવેલ કે, ગાંધીનગર તાલુકા વિસ્તારના લવારપુર, ફિરોજપુર, શાહપુર, રતનપુર, સુઘડ, નભોઈ, અમીયાપુર, ભાટ, કરાઈ, કુડાસણા બધા ગામના સૌ સ્નેહી ખેડૂત મિત્રો આમતો આપના સૌના માટે આજનો સુવર્ણ સૂર્યોદય ઉગ્યો છે અને "કિસાન સૂર્યોદય યોજના"ની સમગ્ર રાજ્યમાં શરૂઆત થઇ ગઈ છે. અગાઉ ૧૦૮૮ ગામોમાં સૌરાષ્ટ્રમાં આપણે

લગભગ ૪ મહિનાથી આ રીતે દિવસે વીજળી આપી રહ્યા છીએ.

આ બીજા તબક્કામાં ગુજરાતના ત્રીસે જિલ્લામાં લગભગ ૨૭૦૦ જેટલા ગામોમાં અમુક અમુક ગામોમાં જે અનુકુળતા થઇ છે તે પ્રમાણે આપણે આ સૂર્યોદય યોજનાની શરૂઆત કરી છે ગાંધીનગર જિલ્લામાં પણ ૬૮ જેટલા ગામોમાં અને ગાંધીનગર તાલુકાના ૧૩ ગામોમાં પણ આપણે આજે આ શરૂઆત કરવા જઈ રહ્યા છીએ એ ખેડૂતો માટે સમગ્ર ખેડૂત આલમ માટે ખૂબ આનંદનો વિષય છે. સાથે સાથે આજે માનનીય વડાપ્રધાનશ્રીએ સમગ્ર દેશમાં એક ઐતિહાસિક રસીકરણનો પ્રારંભ કર્યો છે.

એક એવી ઘટના વિશ્વના માંધાતાઓ જેની સામે આ કોરોના મહામારીમાં નતમસ્તક થઇ ગયા હતા યુરોપના દેશો અમેરિકા અને જે લોકોનું સ્પેન ઇટલી જે લોકો આરોગ્યમાં માહિર ગણાય સમગ્ર વિશ્વને જે લોકો આરોગ્ય ક્ષેત્રે માર્ગદર્શન આપે છે એ લોકો ઘૂંટણીએ પડી ગયા છે એવા સમયે આ ભારત ૧૩૫ કરોડની વસ્તી ધરાવતા દેશે કે જે સમગ્ર વિશ્વમાં પાંચમો એવો મોટો દેશ છે કે જેણે કોરોના વિરોધી સ્વદેશી રસી ખૂબ મોટા પ્રમાણમાં દેશમાં આજે પ્રારંભ કરાવ્યો છે અને કોરોના મહામારીને મ્હાત આપવાનું સમગ્ર વિશ્વમાં આ પ્રથમ પગલું ભારતવર્ષે ભર્યું છે એના માટે કેન્દ્રની અને રાજ્યની સરકારને નતમસ્તક વંદન કરું છું અને અભિનંદન કરું છું.

મિત્રો, આપ સૌના આશીર્વાદથી ૨૦૧૪માં આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબને આપ સૌના જનાધારથી મત મળ્યા એક રાષ્ટ્રવાદી વિચારધારાને આપ સૌએ પ્રેમ આપ્યો હાલની સરકાર ગામ, ગરીબ, દલિત, પીડિત, શોષિત, વંચિત, આદિવાસી અને પછાતવર્ગના વિકાસની કલ્યાણની વાતો કરતી સરકારને તમે બધાએ જન-આશીર્વાદ આપ્યા અને પરિણામે દેશની દશા અને દિશા બદલાઈ અને વિકાસના આયામો બદલાયા એના પરિણામો બદલાયા. એક સમયે તો વિકાસ એટલે રોડ, રસ્તા, ગટર, પાણી, બે શાળાના ઓરડા, એક દવાખાનાનો રૂમ એટલે જ વિકાસ એ પરિભાષા બદલાઈ ગઈ છે.

આઝાદીના ૬૦ વર્ષ સુધી આ પરંપરા ચાલી પણ એ પરંપરાને બદલાવ લાવવાનું કામ આપ સૌના આશીર્વાદથી ૨૦૧૪માં શરૂ થયું. તમને બધાને એમ થતું હશે કે ગુજરાતમાં ૨૫થી ૩૦ વર્ષથી હાલની સરકાર છે, પણ એ સરકારોને રાજ્યસરકારની કેટલીક મર્યાદાઓ હતી તમે જોયું છે કે અનેકવાર નર્મદા ડેમના દરવાજા બંધ કરવા માટે રાજ્યના મુખ્યમંત્રીને ઉપવાસ પર બેસવાની જરૂર પડતી. આઠ આઠ વર્ષથી ડેમના દરવાજા તૈયાર કરેલા પડ્યાં હોય અને આપણે બંધ ના કરી શકીએ. દરવાજા સિવાયના ડેમમાં ૧.૩૭ મીલીયન એકત્રિત પાણીનો સંગ્રહ થાય અને દરવાજા બંધ થાય



સ્વાગત

એટલે ૪ મીલીયન એકત્રિત પાણી મળે ત્રણ ગણું પાણી માત્ર દરવાજાથી સંગ્રહ થાય એટલે દરવાજા ૧૨૧થી ૧૩૮ મીટરની જે સપાટી છે તેનાથી ગુજરાતના સિંચાઈ ક્ષેત્રે મોટી કાયાપલટ થયેલ છે નરેન્દ્રભાઈએ સત્તા મળ્યાના સત્તરમાં દિવસે ડેમના દરવાજા બંધ કરીને આદરણીય આનંદીબેન પટેલ તત્કાલીન મુખ્યમંત્રીએ એના એ દિવસે શુભારંભના કાર્યક્રમ રોકાવી અને ડેમને દરવાજા બંધ કરવાનું કાર્ય કર્યું. આ કિસાનો માટેની રાજ્યસરકારની પ્રતિબદ્ધતા છે કેન્દ્ર સરકારની કિસાનો માટેની આ પ્રતિબદ્ધતા છે બીજી સરકાર હોય તો દરવાજા બંધ કરવાની મંજુરી આવે પછી એનું ટેન્ડર બહાર પડે દરવાજા બંધ થાય પછી સાઈટ ઉપર બે ચાર વર્ષે મુખ્યમંત્રી જાય, પરંતુ આ સરકારે આઠ કલાક નહોતા થવા દીધા આ કૃષિ, ગ્રામીણ ક્ષેત્ર, ખેતમજૂર ક્ષેત્રે ખૂબ જ કામ પાછલા વર્ષોમાં આ સરકારે કર્યું છે અને આવનારા વર્ષોમાં કરવા માટે એમની પાસે આયોજન છે.

“કિસાન સૂર્યોદય યોજના” સૌર ઊર્જા ગુજરાતમાં ૨૦૦૦ની સાલમાં ૩,૬૧,૦૦૦ વીજળીના કનેકશનો હતા ત્યાંથી ૧૬,૦૦,૦૦૦ કનેકશનોની આખી યાત્રાની વાત કરી શકું તેમ છું, પણ રાજ્ય સરકારના સિનિયર મંત્રી અહિયાં ઉપસ્થિત છે અને કાર્યક્રમ આ વીજળી વિભાગનો છે મને લાગે છે કે એની તમામ માહિતી આપણને તેઓશ્રી આપશે. અનેક સરકારો આવીને ગઈ અનેક સરકારોએ કામ કર્યા પણ એમની દશા અને દિશા જુદી હતી એમનો હેતુ જુદો હતો અહિયાં ગામલક્ષી ગરીબલક્ષી ખેડૂતલક્ષી કામ કરવાનો વિચાર એ વિચાર હતો જે અંત્યોદય નો વિચાર હતો. “ચલો જલાએ દીપ વહાં જહાં




સ્વાગત

અભીભી અંધેરા હૈ” જ્યાં નથી પહોંચ્યું ત્યાં પહોંચાડવાની તમે બધાએ સમર્થન કર્યું છે અને એટલે અહિયાં ખૂબ બધી વાતો થઇ શકે તેમ છે પણ તમને એક જ વાત કરવા આવ્યો છું કે તમે જે અમારા પર વિશ્વાસ અને ભરોસો મુક્યો છે તમને જે અપેક્ષા છે એમાં અમે ખરા ઉતરીશું. તમારો ભરોસો એળે નહિ જાય થોડો સંયમ રાખવો પડશે.

૨૫-૩૦ વર્ષથી ગુજરાતમાં સરકાર હતી પણ કેટલાક કામો ના કરી શકાય કેન્દ્ર સરકારનો વિષય હતો. અગાઉ કેન્દ્ર સરકારમાં કૃષી અને ખેડૂત કલ્યાણ વિભાગ જ નહોતો કે ખેતીવાળા જુદું કામ કરે, બાગાયત વાળા જુદું કામ કરે પશુપાલન વાળા જુદું કામ કરે એ બધા વચ્ચે સંકલનનો અભાવ હતો. આજે નરેન્દ્રભાઈની સરકાર આવી ત્યારબાદ કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ સંકલિત કરવાનું કામ સૌથી પહેલા કર્યું.

સરકારની કૃષિ લક્ષી માનસિકતા છે એની જે પ્રતિબદ્ધતા છે ખેડૂતો માટે અને બીજી વાત કરું એ વખતે ૨૦૧૩-૧૪માં સમગ્ર દેશમાં કૃષિ લક્ષી બજેટ ૨૧,૮૦૦ કરોડ હતું જે નરેન્દ્રભાઈ મોદીની સરકાર આવ્યા પછી ૨૦૧૫-૨૦માં ૧,૩૬,૦૦૦ કરોડનું કૃષિનું બજેટ થયું આ સરકારની કૃષિલક્ષી માનસિકતા છે. તમને કૃષિ ઋણની વાત કરું એક સમયે ૨૫થી ૩૦ હજાર લોન લેવી હોય તો મંડળીના સેક્રેટરીને સલામ કરવી પડે રૂ. ૩૦,૦૦૦નું રૂ. ૬,૦૦૦ વ્યાજ થયું હોય અને આપણે ભરી શકીએ એમ ન હોઈએ અને જો રૂ.૩૬,૦૦૦ની લોન લેવી હોય તો સરપંચની ભલામણ કરાવવી પડે બે આગેવાનોને વાત કરવી પડે એવી સ્થિતિ હતી.

આજે વડાપ્રધાન શ્રી એ સમગ્ર દેશમાં ૩,૦૦,૦૦૦ સુધીનું ધિરાણ ૪ ટકા એ મળે એવી વ્યવસ્થા કરી. ક્યાં ૧૮ ટકા અને ૪ ટકા તો દંડનીય વ્યાજ હતું ૨૨ ટકા એ આપણને પડતું હતું આજે ત્રણ લાખ સુધીનું ધિરાણ સમગ્ર દેશમાં ૪ ટકા એ મળે પણ ગુજરાતની સરકારના તત્કાલીન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને આજે શ્રી નીતિનભાઈ અને શ્રી વિજયભાઈની જોડીએ તમારું વ્યાજ ૪ ટકા પણ એ કેન્દ્રસરકાર ભરે છે અને આપણને ઝીરો ટકા વ્યાજે મળે છે. ૧૧૦૦ કરોડ રૂપિયા પ્રતિવર્ષ તમારા વતીથી રાજ્ય સરકાર ભોગવે છે અગાઉ ઉદ્યોગોને ૨૪ લાખ કરોડનું ધિરાણ મળે તેની સામે માત્ર ૬.૬ લાખ કરોડ ધિરાણ મળતું આજે તમારા આશીર્વાદથી બનેલી સરકારે ૨૦૨૦માં ૧૬ લાખ કરોડનું ધિરાણ કૃષિ ક્ષેત્રમાં માત્ર ૪ ટકા વ્યાજે આપવામાં આવે છે અને સરકાર ૪૦-૪૫ હજાર કરોડ રૂપિયા તમારા વતીથી આ વ્યાજના ભોગવે છે કેન્દ્ર સરકારે પાછલા ૨૦૧૦-૧૫ સુધીમાં ૩.૨ લાખ કરોડની ખરીદી કરી હતી આજે આ વર્ષ ૨૦૧૫થી ૨૦૨૦ની વચ્ચે ૭.૨ લાખ કરોડની ખરીદી કરી. ડબલ ખરીદી કેન્દ્ર સરકારે ચાલુ કરી પહેલા ૧૪ કૃષિ ઉત્પાદિત પાકોની ખરીદી થતી હતી આજે ૨૩ કૃષિ ઉત્પાદિત પાકોની ખરીદી કરી નવા પાકો પણ તેમાં ઉમેર્યાં. ૨૦૧૫માં જે ભાવ હતા આજે ૨૦૨૦-૨૦૨૧માં ૪૬ ટકા ભાવ વધાર્યા ભાવ પણ દોઢા કર્યા કૃષિ ઉત્પાદિત પાકો પણ દોઢી કરી અને ખરીદી ડબલ કરી. અન્ય રાજ્યોની સરકારોની સરખામણીમાં માત્ર ગુજરાત સરકાર જ એવી સરકાર છે જેણે ઝીરો ટકાએ વ્યાજ, ૨૪ કલાક વીજળી, ''કિસાન સૂર્યોદય યોજના''ની સૌથી પહેલી શરૂઆત કરી છે મનરેગાનું બજેટ ૩૦,૦૦૦ કરોડથી આપણે ૬૦,૦૦૦ કરોડ સુધી લઇ ગયા. અછતમાં લોન પાછલા ૪ વર્ષમાં સરકારે ૯,૦૦૦ કરોડ રૂપિયા આપ્યા ૨૦૧૭માં ૧,૭૦૦ કરોડ, ૨૦૧૮માં ૧,૭૦૦ કરોડ, ૨૦૧૯માં ૨,૪૦૦ કરોડ અને ૨૦૨૦માં ૨,૭૯૦ કરોડ આપ્યા. અગાઉ ૨૦૧૬ પહેલા કેન્દ્ર સરકારના અછતના નિયમો એવા હતા કે જે રાજ્યના જે જિલ્લામાં ૫૦ ટકા કરતા વધારે



નુકસાન થાય ત્યારે અછત લાગે હવે બદલાવ કરી ૩૦ ટકા નુકસાને પણ અછત ગણવામાં આવે છે. અછતના ધોરણો બિન પિયતના ૪૫૦૦ રૂપિયા અને પિયતના ૬૮૦૦ રૂપિયા હતા જેમાં વધારો કરી બિન પિયતમાં ૬૮૦૦ રૂપિયા અને પિયતમાં ૧૩૫૦૦ રૂપિયા સહાય કરી. પહેલા એક હેક્ટર સુધી જ રાજ્ય સરકાર સહાય આપતી હતી હવે એ સહાય બે હેક્ટરે આપવાની શરૂ કરી. ખેડૂત અકસ્માત વીમામાં પણ કાયમી અપંગતામાં અને મૃત્યના કિસ્સામાં મળતી રકમમાં પણ ડબલ વધારો કર્યો છે અને પાક વીમામાં પણ વધારો કર્યો છે. આમ સૌનો સાથ અને સૌનો વિકાસનો જે મંત્ર છે તેને મૂર્તિમંત કરવાનો પ્રયાસ થઇ રહ્યો છે. હજુ ઘણું બધું થઇ શકે તેમ છે અને ઘણું બધું કરવાનું હજુ બાકી છે તમે જગતના તાત છો અનેક વિપદાઓમાં તમે તમારી કોઠાસુઝથી સમાજનું ભલું કર્યું છે. ખૂબ સહન પણ કર્યું છે પણ તેમ છતાં હવે ધીરજ ખૂટે તેવી સ્થિતિ થઇ ગઈ છે તેવું અમારા ધ્યાનમાં છે તમને એ વિનંતી કરવા આવ્યો છું કે અમે કીધુતું એ તો કર્યુજ છે પરંતુ જે નહોતું કીધું તે પણ કર્યું છે. તમે જે વિશ્વાસ અમારા ઉપર મુક્યો છે એ એળે નહિ જાય.

સમારંભના અધ્યક્ષ, શ્રમ અને રોજગાર, આપત્તિ વ્યવસ્થાપન, યાત્રાધામ વિકાસ મંત્રી માનનીય શ્રી દિલીપભાઈ ઠાકોરે પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવેલ કે, પહેલા તો આજનો દિવસ મારા માટે એટલા માટે ભાગ્યશાળી ગણું છું કે આ કાર્યક્રમ જે સવારે હતો તેના બદલે હવે બપોરે કરવો પડ્યો પરંતુ સવારના કાર્યક્રમ કે જેની આપણે છેલ્લા દસ મહિનાથી મહેનત કરીએ છીએ. લગભગ આપણું ૨૦૨૦નું વર્ષ આ મથામણમાં જ ગયું છે. એક મહિનાથી વધારે આપણે, સમગ્ર વિશ્વ, દેશ અને ગુજરાતની અંદર કોરોનાની જે મહામારી હતી એને કેવી રીતે નાથી શકાય એના ઉપર કેવી રીતે કાબૂ મેળવી શકાય જે વેકસીનની આપણે વરસાદ કરતા પણ વધારે રાહ જોતા એ વેક્સીનની શરૂઆત આપણે આજે ગાંધીનગરમાં પણ ગાંધીનગર સિવિલ ખાતે મારા હસ્તે કરવાની હતી જેથી હું પોતાને ભાગ્યશાળી ગણું છું. બીજો કાર્યક્રમ પણ એવો જ કાર્યક્રમ છે કે જે ખેડૂતભાઈઓ અંગેનો છે તે પણ મારે માટે અગત્યનો કાર્યક્રમ છે. હું પહેલા ખેડૂત છું પછી ધારાસભ્ય છું પછી સરકારનો મંત્રી છું. ૨૯ વર્ષની નાની ઉંમરે મારા વિસ્તારના લોકોએ મને ધારાસભ્ય બનાવી દીધો. એમ કરતાં કરતાં હું પાંચમી વખત ધારાસભ્ય બન્યો અને પિતાજી ત્રણ વખત ધારાસભ્ય બન્યા હતા. પરંતુ આપણો મૂળ વ્યવસાય આજે સરકારની વ્યવસ્થા છે આ વ્યવસ્થામાં રહીને લોકોને કેવીરીતે ઉપયોગી થઇ શકાય એના માટે રાજ્ય સરકાર કામ કરવાની દિશામાં આગળ વધી રહી છે.

હું એટલા માટે યાદ કરાવું છું કે, ૨૦૦૧માં નરેન્દ્રભાઈએ ગુજરાતની જવાબદારી સંભાળી ત્યારે મને ૨૦૦૧ની

અંદર એમની સરકારમાં કામ કરવાનો અવસર પ્રાપ્ત થયો ત્યારથી અત્યાર સુધી અલગ અલગ વિભાગોની અંદર કામ કરવાનો મને અવસર પ્રાપ્ત થયો. શ્રી નરેન્દ્રભાઈ જયારે ગુજરાતમાં હતા ત્યારે ૨૦૦૧માં મુખ્યમંત્રી બન્યાં અને એ વખતે અમારા સૌ ધારાસભ્યોની બેઠક એમણે બોલાવી અને એ બેઠકની અંદર એમણે એક સુચન કર્યું હતું કે રાજ્યના લોકોને સ્પર્શતી વાત હોય અને લોકો ખુશ થાય તેવું એક કામ મને શોધી આપો. અને ગામડાની અંદર જયારે કોઈ પ્રસંગમાં જવાનું થાય અને એ વખતે એક સમસ્યા દરેક વખતે મારા ધ્યાને આવતી કે ગામડામાં વીજળી ન હોવાથી ઘણી સમસ્યાઓ હતી આખો દિવસ ખેતરે કામ કરી અને જ્યારે સાંજે પરિવાર સાથે જમવાનો સમય થાય ત્યારે વીજળી ન હોવાથી ઘણી સમસ્યાઓ હતી અને જ્યારે વીજળી પણ હોય પણ જોઈએ તેવી ગુણવત્તા વાળી ન હોવાને કારણે પણ ઘણી સમસ્યાઓ રહેતી. આ સમગ્ર બાબત અમે નરેન્દ્રભાઈના ધ્યાને લાવવાનો પ્રયત્ન કર્યો.

ઘણી વાર ખેડૂતો અમને કહેતા કે સાહેબ આ લંગડો પાવર ક્યારે આવશે? આમાંથી આપણે બધા જ પસાર થયા છીએ અને આપણે બધી જ પરિસ્થિતિનો સામનો પણ કર્યો છે આ બધી જ સમગ્ર બાબત જ્યારે શ્રી નરેન્દ્રભાઈની સમક્ષ મુકવામાં આવી ત્યારે એક કેબીનેટ મીટિંગની અંદર તેઓએ કહ્યું હતું કે, આજે હું ગુજરાત રાજ્યના લોકો માટે એક મહત્ત્વની યોજના જાહેર કરી રહ્યો છું જે અંતગર્ત શહેરી વિસ્તારોમાં ૨૪ કલાક વીજળી મળે છે તેવી જ રીતે ગ્રામ્ય વિસ્તારોની અંદર પણ ૨૪ કલાક વીજળી માટેની જ્યોતિગ્રામ યોજનાને અમલમાં મુકવાની છે. જ્યોતિગ્રામ યોજના અંગે તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે થએલ વાતચીત અને અમલીકરણ અંગેના સંભારણા યાદ કરેલ. ૧૯૬૦ ના વર્ષમાં જ્યારે ગુજરાતની સ્થાપના થઇ ત્યારે રાજ્યની ધરતી પર માત્ર ૪૨ વીજળીના સબસ્ટેશનો કામ કરતા હતા અને ૨૦૦૨ સુધીમાં ૭૦૨ સબસ્ટેશન ગુજરાતની ધરતી પર કામ કરતા થયા.

કેવી રીતે આપણને પુરતી અને ગુણવત્તા સભર વીજળી મળી શકે તે માટે કેવી રીતે નવા સબસ્ટેશનો ઊભા થાય તે માટે આ સરકારે ૧૮ વર્ષમાં ૧,૩૧૯ સબસ્ટેશનો બનાવીને આજે પુરતી વીજળી આપવામાં ગુજરાત સરકાર આગળ વધી રહી છે. ખેડૂતો પોતાની ખેતી કરવા માટે દેવું કરીને બોર બનાવે છે અને એને વીજળીનું કનેક્શન ના



મળે તેવી પરિસ્થિતિમાં આ ગુજરાત સરકારે વીજળીના કનેકશનો આપવાની દિશામાં આગળ વધી છે. ગામડામાં જઈએ એટલે ખેડૂતોની પહેલી જ ફરિયાદ હોય કે સાહેબ અમને ઝડપથી વીજળીનું કનેક્શન મળે તે અંગે પ્રયાસ કરો અમારી ઉપર દેવાના ડુંગરો થઇ રહ્યા છે. અઢાર વર્ષની અંદર ૧૨ લાખ કરતા વધુ ખેડૂતોને વીજળીના કનેક્શન આપવાની દિશામાં ગુજરાત સરકાર કામ કરી રહી છે. કેટલાક સમયથી આપણે સમાચાર તથા સમાચાર પત્રોમાં જોઈએ છીએ કે ક્યાંક ખેડૂતને રાત્રે પિયત કાર્ય દરમ્યાન ઝેરી જાનવર કરડવાથી મૃત્ય થાય. સૌરાષ્ટ્ર જેવા વિસ્તારોમાં સિંહ પણ કેટલાક ખેડૂતોનું મારણ કરતા હોય. એ કોઈ ખેડૂતનો એકનો એક દીકરો હોય આ બધી જ બાબતોને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે નિર્ણય લીધો છે. અને દિવસે વીજળી આપવા માટે “કિસાન સૂર્યોદય યોજના” અમલમાં લાવવા માટે રાજ્ય સરકારે ૩૫૦૦ કરોડની જોગવાઈ કરી છે. કોરોનાની મહામારીની અંદર પણ સમગ્ર વિશ્વ કરતા પણ સારું કામ કરીને અને કોરોના વેક્સીન પણ આપણા માટે બનાવવાની દિશામાં પણ યોગ્ય પગલાં લીધા. છેલ્લા દસથી પંદર વર્ષમાં ભૌગોલિક વિપરીત પરિસ્થિતીઓ હોવા છતાં સસ્તી અને ગુણવત્તા સભર વીજળી મેળવવાની દિશામાં પગલા ભર્યા. યુરીયા ખાતરની થેલીઓ પણ સરકાર રાહતના દરે ખેડૂતોને પૂરી પાડી રહી છે. ગાંધીનગર જિલ્લામાં ૩૦૦૦ કરતા પણ વધારે ખેડૂતોને દિવસે વીજળી મળવા જઈ રહી છે ત્યારે આવો આપણે ખેડૂત મિત્રો દિવસે ખેતી કરીને ભારતને એક સક્ષમ દેશ બનાવવાની દિશામાં આગળ વધીએ.

કાર્યક્રમની આભાર વિધિ શ્રી એમ.આર. ભૂપતકર, નાયબ ઈજનેર વિભાગીય કચેરી ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. વેદાંશી ત્રિવેદી દ્વારા કરવામાં આવેલ. જ્યારે અધિક્ષક ઈજનેર, શ્રી આર.ડી. ઝાલાના માર્ગદર્શન હેઠળ તેમજ કાર્યપાલક ઈજનેર, ગાંધીનગર, શ્રી એ.એસ. મુલાણીના નેતૃત્વ હેઠળ અર્બન વિભાગીય કચેરીના કર્મચારીઓ દ્વારા સફળ રીતે આયોજન કરવામાં આવેલ. ■

## સાંતેજ ભાડાના મકાનનું શુકન કુંભ મૂકીને વિધિવત્ પ્રારંભ

નિર્દોષ મનથી યુજીવીસીએલ ઉત્તરોત્તર પ્રગતિ પામે તેવી અંતરની અભિલાષાઓથી કું. અનેરી (સુપુત્રી શ્રી ભાર્ગવ જોશી, નાયબ અધિક્ષક (હિસાબ) દ્વારા સાંતેજ ખાતે ભાડાના મકાનમાં શુકનનો કુંભ મૂકીને તા. ૪-૧૨-૨૦૨૦ના રોજ વિધિવત્ રીતે ઓફિસ પ્રારંભ કરેલ છે.



# સાણંદ ખાતે માનનીય કૃષિમંત્રી શ્રી આર.સી. ફળદુ દ્વારા 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ

તા. ૨૪-૧૦-૨૦૨૦ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપનીના કાર્યક્ષેત્રમાં પાટણ ખાતે પ્રથમ તબક્કામાં ભારતના લોકપ્રિય વડાપ્રધાન, શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે શુભારંભ કર્યા બાદ તા. ૦૫-૦૧-૨૦૨૧ના રોજ બાયડ ખાતે ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં અને તાલુકાઓમાં યોજનાનો શુભારંભ કર્યા બાદ તબક્કાવાર શુભારંભ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવેલ તે મુજબ તા. ૦૭-૦૧-૨૦૨૧ના રોજ ગુજરાત રાજ્યના કૃષિમંત્રી, શ્રી આર.સી. ફળદુના વરદ્ હસ્તે યોજવામાં આવેલ.

આ પ્રસંગે શ્રી કનુભાઈ પટેલ (મકવાણા), ધારાસભ્ય સાણંદ, શ્રી વી.એમ. શ્રોફ, મુખ્ય ઈજનેર (પી), શ્રી પ્રદિપસિંહ વાઘેલા, શ્રી આર.ડી. ઝાલા, અધિક્ષક ઈજનેર, સાબરમતી, શ્રી. હર્ષદગીરી ગોસ્વામી તેમજ રાજકીય આગેવાનો કંપનીના કર્મચારીઓ, અધિકારીઓ, ખેડૂતો, પ્રિન્ટ અને મીડિયાના પત્રકારો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

કંપની તરફથી શ્રી વી.એમ. શ્રોફ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવેલ. અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ૩૬ ગામો કે જે ૬ સબ-સ્ટેશનો અને ૧૬ ફીડરો ધરાવે છે જેને આવરી લેવામાં આવેલ છે. ૧.૫૨ મેગાવોટ વીજ પુરવઠાનું વિતરણ થાય છે. છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૭૯ નવા સબ-સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા છે. જેમાં અમદાવાદ જિલ્લામાં કુલ ૧૦ નવા ૬૬ કેવી સબ-સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવેલ છે. લાભાન્વિત થતા દદુકા, માધવનગર, નાની દેવતી, સંથલ, શેલા, વિંછીયા, ગામોના ૧૯૪૨ ખેડૂતોને શુભેચ્છા પાઠવી અભિનંદન આપેલ.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં માનનીય ધારાસભ્ય, શ્રી કનુભાઈ પટેલ (મકવાણા) એ જણાવ્યું હતું કે, ખેડૂતો માટેની સંવેદનશીલ


દિપપ્રાગટ્ય


સ્વાગત


ઉદ્‌બોધન


મીડિયા સાથે સંવાદ

સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં દિવસે વીજળી આપવાનો નિર્ણય કરેલ છે જેથી ઝેરી જીવજંતુઓ તથા જંગલી પ્રાણીઓના હુમલાના બનાવ જે ભૂતકાળમાં બનતા હતા તે હવે અટકશે. "કિસાન સૂર્યોદય યોજના" એટલે સવારે સૂર્ય ઉગે ત્યારથી ખેડૂતોને ખેતી માટે વીજળી મળે તેવી યોજના. જેના માટે સરકારશ્રીનો આભાર માનું છું.

"કિસાન સૂર્યોદય યોજના"ના સાણંદ ખાતેના શુભારંભ કાર્યક્રમના અધ્યક્ષ અને માનનીય મંત્રીશ્રી કૃષિ અને વાહન વ્યવહાર વિભાગ, શ્રી આર.સી. ફળદૂ દ્વારા પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, ભારતના લોકપ્રિય વડાપ્રધાન માનનીય, શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે તારીખ ૨૪-૧૦-૨૦૨૦ ના રોજ ખેડૂતો માટેની "કિસાન સૂર્યોદય યોજના"નો ઈ-શુભારંભ કર્યા બાદ તારીખ ૦૫-૦૧-૨૦૨૧ના રોજ અરવલ્લી જિલ્લાના બાયડ ખાતે બાયડ તાલુકાના કુલ ૧૦૪ ગામોને સદર યોજનાથી આવરી લેવામાં આવેલ છે. ત્યારબાદ ઉત્તર ગુજરાતના અલગ અલગ તાલુકામાં તબક્કાવાર સદર યોજનાના શુભારંભ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ.

આજ રોજ સાણંદ ખાતે "કિસાન સૂર્યોદય યોજના"નો શુભારંભ કરવા જઈ રહ્યા છીએ. જેને લીધે સાણંદ તાલુકાના કુલ ૩૬ ગામોના ૧૯૯૨ જેટલા ખેતીવાડી ગ્રાહકોને આવરી લેવામાં આવેલ છે. કુલ ૬ સબ-સ્ટેશનોના ૧૬ ફીડરો દ્વારા ખેડૂતોને સદર યોજનાનો લાભ મળશે. ગુજરાત સરકારની પ્રબળ ઈચ્છાશક્તિ અને ગુજરાતની પ્રજા અને ખેડૂતો પ્રત્યેની સંવેદનશીલતાને લીધે ૧૯૯૫ થી સરકાર દ્વારા કરવામાં આવી રહેલ કામગીરી અસરકારક રહી છે. ખેડૂતોની લાગણી સરકારે કેન્દ્ર સ્થાને રાખીને સંવેદનશીલતા બતાવી છે. સરકાર પ્રજાલક્ષી કામગીરી ત્યારે જ અસરકારક રીતે કરી શકે જ્યારે પ્રજાની પીડા સમજતી હોય. ઊર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ દ્વારા ભારતીય જનતા પક્ષની સરકાર બની ત્યારથી વીજ ક્ષેત્રે ખૂબ જ મહત્ત્વની કામગીરી કરી છે. સતત ૨૪ કલાક થ્રી ફેજ વીજ પુરવઠાનું વિતરણ કરી ગુજરાતના વિકાસમાં હરણફાળ ભરી છે. ગુજરાતની તમામ વીજ વિતરણ કંપનીઓ એ ખૂબ જ સારી કામગીરી કરી રાજ્યના સામાજિક, આર્થિક અને ઔદ્યોગિક વિકાસને ગતિ આપી છે. રાત્રે પિયત કરતા



ખેડૂતોને જંગલી પશુઓ અને જીવજંતુઓ નો ભય રહેતો હતો તેમજ રાત્રે ઉજાગરા કરવા પડતા હતા. "કિસાન સૂર્યોદય યોજના" પછી પ્રાકૃતિક રીતે રાત્રે આરામ મળશે, જેથી સ્વાસ્થ્ય પણ સારું રહેશે.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની વીજ વિતરણ કંપનીઓ દ્વારા ગુજરાતના ખેડૂતોને દિવસ દરમ્યાન અલગ અલગ સમયે ૮ કલાક વીજળી આપવામાં આવતી હતી. નિર્ધારીત ટાઇમટેબલ પ્રમાણે વારા ફરતી ખેડૂતોના સમયપત્રક મુજબ રાત્રે પણ ખેતી માટે ૮ કલાક વીજળી આપવામાં આવતી. રાત્રે વીજળી આપવામાં આવતી હોવાના કારણે જંગલી પશુઓનો, તેમજ જીવજંતુઓ કરડવાનો ભય અને રાત્રીના ઉજાગરાનો સામનો કરવો પડતો. ખેડૂતોની આ મુશ્કેલી દૂર કરવા ગુજરાત સરકાર દ્વારા 'કિસાન સૂર્યોદય યોજના' અન્વયે પ્રયત્ન હાથ ધરવામાં આવેલ છે. ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાં યોગ્ય આયોજન કરીને માત્ર દિવસ દરમ્યાન જ વીજ પુરવઠો આપવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

"કિસાન સૂર્યોદય યોજના" અન્વયે સૂર્ય ઊર્જા થકી દિવસે ઉત્પન્ન થતી વીજળીનો દિવસે જ વપરાશ કરવામાં આવે તેવું આયોજન કરવામાં આવેલ છે.


સંવેદનશીલ સરકાર દ્વારા જ્યારે જ્યારે પણ ખેડૂતલક્ષી નિર્ણયો લેવામાં આવ્યા છે. ત્યારે ત્યારે ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા તુરંત જ યોગ્ય અમલીકરણ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરેલ છે. ભારતના સ્વપ્નદ્રષ્ટા તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન, માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વર્ગસ્થ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલકલામના વરદ્ હસ્તે લોકાર્પણ કરેલ જ્યોતિગ્રામ યોજનાના સમગ્ર રાષ્ટ્રમાં સૌથી પ્રથમ અમલીકરણ દ્વારા ગામડાઓને ૨૪ કલાક વીજળી પૂરી પાડવાના નિર્ણય બાદ ફરી ઐતિહાસિક નિર્ણયના અમલીકરણ બદલ યુજીવીસીએલ ગૌરવની લાગણી અનુભવે છે. ભારતની અગ્રગણ્ય વીજ વિતરણ કંપની તરીકે કંપનીના માનવંતા ગ્રાહકોને "સર્વોત્તમ સેવા થકી સંતોષ" આપવાનો ધ્યેય ચરિતાર્થ થયો છે. કંપની વધુ સારી સેવા આપવા પ્રતિબદ્ધ છે. આજના શુભદિને "કિસાન સૂર્યોદય યોજના"થી લાભાન્વિત થનાર તમામ ખેતીવાડી વીજ ગ્રાહકોને યુજીવીસીએલ હૃદય પૂર્વક અભિનંદન પાઠવે છે.

આભારવિધિ અધિક્ષક ઈજનેર, શ્રી આર.ડી. ઝાલા દ્વારા કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન બોપલ વિભાગીય કચેરીના કાર્યપાલક ઈજનેર, શ્રીમતી બી.એમ. ઘાઈ તેમજ બાવળા વિભાગીય કચેરીના કાર્યપાલક ઈજનેર, શ્રી એમ.એચ. પટેલની ટીમ દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમનું સફળ સંચાલન ડો. શ્રીમતી વર્ષાબેન પારેખ કે જેઓને ગુજરાત સરકારશ્રી દ્વારા શ્રેષ્ઠ શિક્ષકના એવાર્ડથી સન્માનિત કરવામાં આવેલ તેઓ દ્વારા કરવામાં આવેલ. ■




### કિસાન સૂર્યોદય યોજનાની કામગીરી આગળ ધપાવવા રૂ. ૧૦૦૦ કરોડની જોગવાઈ

- રાજ્ય ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતોને જ્યારે રાત્રે વીજ સપ્લાય મળતો હોય ત્યારે રાત્રિના ઉજાગરા સાથે સિંહ, દીપડા જેવા પ્રાણીઓ તેમજ સા, વીંછી જેવા જીવજંતુઓનું પણ જોખમ રહે છે અને તેઓને જીવના જોખમે રાત્રે સિંચાઈ કરવી પડે છે. ખેડૂતોને આ મોટી હાડમારીમાંથી મુક્ત કરવા માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની અમારી સરકાર દ્વારા ખેડૂતોના જીવનમાં પરિવર્તન સમાન ખેડૂતોને રાત્રિના બદલે દિવસે વીજળી પૂરી પાડવાની કિસાન સૂર્યોદય યોજના અમલમાં મુકવામાં આવી છે. જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ, રાજકોટ, મોરબી પોરબંદર, જામનગર, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર, પાટણ, મહેસાણા, કચ્છ, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, પંચમહાલ જેવા મોટાભાગના જિલ્લામાં તેની અમલવારી પણ શરૂ થઈ ચૂકી છે. આ યોજનાની કામગીરી આગળ ધપાવવા માટે રૂ. ૧૦૦૦ કરોડની જોગવાઈ.



### છેલ્લા ૨૫ વર્ષથી ખેડૂતોને વીજ બિલમાં સબસીડી

- ખેડૂતોને સિંચાઈનું પાણી ઓછા ખર્ચે મળે તે માટે અમારી સરકાર છેલ્લા ૨૫ વર્ષથી દર વર્ષે ખૂબ મોટા પ્રમાણમાં ખેડૂતોને વીજ બિલમાં સબસીડી આપી રહી છે. આ માટે રૂ. ૮૪૧૧ કરોડની જોગવાઈ.

### ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે રૂ. ૧૩,૦૩૪ કરોડની જોગવાઈ

- માથાદીઠ ઊર્જા વપરાશમાં ગુજરાત રાજ્ય દેશમાં પ્રથમ ક્રમે છે. દેશના બિનપરંપરાગત ઊર્જા ઉત્પાદનમાં ગુજરાત ૧૨ ટકા જેટલું મોટું યોગદાન આપે છે. તાજેતરમાં વિશ્વના સૌથી મોટ ૩૦,૦૦૦ મેગાવોટના પુનઃપ્રાપ્ય ઊર્જા પાર્કનો શિલાન્યાસ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વદર્ હસ્તે રચ્છ જિલ્લામાં થયેલ છે. જે સાથે ગુજરાત દેશનું રિન્યુએબલ એનર્જીકેપિટલ બનવા આગળ વધી રહ્યું છે.
- તમામ ગ્રામ પંચાયતોનાં વોટર વર્કસ માટે વિનામૂલ્યે વીજળી પૂરી પાડવા રૂ. ૭૩૪ કરોડની જોગવાઈ
- નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવા માટે રૂ. ૪૦૦ કરોડની જોગવાઈ
- જેટકોનાં સબસ્ટેશનોની નજીકમાં આવતી સરકારી પડતર જમીનમાં તબક્કાવાર ૨,૫૦૦ મેગાવોટ સૌર ક્ષમતાનાં પ્રોજેક્ટ માટે રૂ. ૬૦૦ કરોડની જોગવાઈ
- આદિજાતિ, અનુસૂચિત જાતિના અને ઓછી આવક ધરાવતા પરિવારોને ઘર વપરાશનું વીજ જોડાણ આપવા રૂ. ૨૫ કરોડની જોગવાઈ

# યુજીવીસીએલ દ્વારા ૭૨મા પ્રજાસત્તાક દિનની ગૌરવભેર ઉજવણી

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મહેસાણા કોર્પોરેટ ઓફિસના પટાંગણમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘના વરદ્ હસ્તે આનંદ અને ઉલ્લાસભેર ૭૨મા પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવેલ. ૯.૧૫ કલાકે ધ્વજ ફરકાવીને સમુહમાં રાષ્ટ્રગીત દ્વારા ધ્વજ વંદન કરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં સિક્યુરિટી ઈન્સ્પેક્ટર, શ્રી વી.એમ. ચૌધરી દ્વારા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘને મંચ સુધી ગાર્ડ ઓફ ઓનર આપીને દોરવવામાં આવેલ.

આ પ્રસંગે કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઈજનેર (પી), શ્રી વી.એમ. શ્રોફ, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક.), શ્રી જે.કે. દરજી, વિશેષ મુખ્ય ઈજનેર (પી), શ્રી જી.એચ. એન્જિનીયર, વિશેષ મહાપ્રબંધક (એચ. આર.), શ્રી એ.સી. પ્રજાપતિ, અધિક્ષક ઈજનેર, મહેસાણા, શ્રી સી.જે. રાજપાલ, જેટકોના કાર્યપાલક ઈજનેર, શ્રી વી.કે. પટેલ તેમજ વિશાળ સંખ્યામાં અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહેલ. કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા કર્મચારીઓ જોગ શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવેલ.

### અક્ષરશઃ

*પ્રિય કર્મચારી મિત્રો,*

*૭૨મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ઉપસ્થિત અધિકારીઓ, કર્મચારીભાઈઓ-બહેનો, ભૂતપૂર્વ કર્મચારીઓ તથા બાળકોનું તેમજ જેનું વિવિધ ક્ષેત્રમાં આગવું પ્રદાન છે તેવા સન્માનિત થઈ રહેલ પરિવારજનોનું અભિવાદન કરું છું.*

*આપણો દેશ આઝાદ થયા બાદ સુદ્રઢ વહીવટી માળખા માટે બંધારણની આવશ્યકતા જણાઈ જેને માટે તા. ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ આપણા દેશના બંધારણના ઘડવૈયા બાબાસાહેબ ભીમરાવ આંબેડકર રચિત બંધારણ અમલમાં આવ્યું, જેની સમગ્ર વિશ્વમાં આગવા બંધારણ તરીકે નોંધ લેવામાં આવે છે.*



સલામી

*પ્રજાસત્તાક દિવસ આપણા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ તહેવાર છે. ૨૬મી જાન્યુઆરીએ આપણે સ્વતંત્ર બંધારણને અમલમાં મૂકીને આપણું વહીવટી માળખું સુદ્રઢ બનાવ્યું. આપણે એટલે રાષ્ટ્રીય પર્વ તરીકે ઉજવણી કરીએ છીએ.*

*૧૯૬૧માં ગુજરાત ઈલેક્ટ્રીસીટી બોર્ડની રચના થઈ અને રાજ્યના સામાજિક તથા આર્થિક વિકાસ માટે ઘરે-ઘરે વીજળી પહોંચાડવી આપણા માટે અતિ આવશ્યક હતી. આવશ્યક જરૂરિયાતવાળી વીજળી વગર વિકાસ શક્ય નથી, એટલે જ આપણે ગ્રાહકોને ગુણવત્તાસભર વીજળી પુરી પાડવા માટે પ્રયત્નશીલ રહ્યા છીએ.*

*મિત્રો, મને કહેતા આનંદ થાય છે કે, આપણી કર્તવ્યનિષ્ઠા અને સતત પ્રયત્નોને લીધે તાજેતરમાં આપણી કંપનીને તા. ૨૮-૧૦-૨૦૨૦ના રોજ સ્કોચ ગ્રુપ, નવી દિલ્હી તરફથી સ્કોચ એવોર્ડ-૨૦૨૦-સિલ્વર એટીએન્ડસી લોસ એન્ડ પાવર રીલાયબીલીટી માટે ઓનલાઈનની પ્રક્રિયા દ્વારા આપવામાં આવેલ છે વધુ એકવાર, ભારત સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા આપણી કંપનીને એ+ (A+) રેટિંગથી નવાજવામાં આવેલ છે, જે સમગ્ર દેશની ખાનગી તથા સરકારી વીજ કંપનીઓમાં ઉત્કૃષ્ટ રેટિંગ ગણી શકાય.*

*આ સફળતા માટે હું કંપનીના ઉચ્ચ અધિકારીઓથી લઈને છેવટના નાના કર્મચારીઓનો આભાર માનુ છું, કે જેમના સહિયારા પુરુષાર્થથી આ સિદ્ધિ મેળવેલ છે.*

*અન્ય એક અત્યંત નોંધપાત્ર અને પ્રજાલક્ષી યોજનાની વાત કરું તો, પાટણ ખાતે તા. ૨૪-૧૦-૨૦૨૦ના રોજ અન્નદાતા એવા ખેડૂતો માટેની "કિસાન સૂર્યોદય' યોજનાનો ઈ-શુભારંભ કાર્યક્રમ ભારતના વડાપ્રધાન માનનીય, શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે સંપન્ન થયેલ ત્યારબાદ તા. ૦૫-૦૧-૨૦૨૧ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી, માનનીય શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે બાયડ ખાતે ઉત્તર ગુજરાતના ખેડૂતો માટે સદર યોજનાનો શુભારંભ કાર્યક્રમ યોજવામાં આવેલ. અગાઉ ખેડૂતોને નિર્ધારિત ટાઈમ-ટેબલ પ્રમાણે અલગ-અલગ સમયે આઠ કલાક વીજળી આપવામાં આવતી જેના કારણે જંગલી પશુઓ તેમજ જીવજંતુ કરડવાનો ભય અને રાત્રીના ઉજાગરાનો સામનો કરવો પડતો. ખેડૂતોની આ મુશ્કેલી દૂર કરવા ગુજરાત સરકાર દ્વારા 'કિસાન સૂર્યોદય' યોજના અન્વયે ગુજરાતના*

અલગ-અલગ જિલ્લાઓમાં આયોજન કરીને માત્ર દિવસ દરમિયાન જ વીજ પુરવઠો આપવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. મિત્રો, સરકારશ્રી દ્વારા અમલમાં મુકવામાં આવેલ સદર યોજના અંગેના સફળ અમલીકરણ માટેના આયોજન અંગે આપણા ચારેય સર્કલના કાર્યક્ષેત્રમાં તબક્કાવાર કાર્યક્રમોનું આયોજન કરી સફળતાપૂર્વક સંદેશો પહોંચાડવામાં આપણે ખૂબ સુંદર કામગીરી કરેલ છે. સરકારશ્રી દ્વારા અગાઉ સદર યોજનાની કામગીરી ૨૦૨૨-૨૩માં પૂર્ણ કરવાનો લક્ષાંક આપેલ, પરંતુ હવે વર્ષ ૨૦૨૨ના અંત સુધીમાં આ યોજના હેઠળ આપણા કાર્યક્ષેત્રના તમામ ખેડૂતોને દિવસ દરમ્યાન વીજળી પૂરી પાડવાનું જણાવવામાં આવેલ છે. મને આપણી કંપનીના કર્મઠ ઈજનેરો ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે કે જેટકો સાથેના સંકલનથી આ કામગીરી પણ આપણે સફળતાથી નિર્ધારિત સમય પહેલા પૂર્ણ કરીશું.

કોરોના મહામારીના સંક્રમણ કાળના સૌથી મુશ્કેલ ભર્યા લોકડાઉનમાંથી અનલોકના તબક્કા દરમ્યાન આપણે પાંચ કોરોના વોરીઅર્સ-વીજકર્મીઓ ગુમાવ્યા બાદ ખૂબ સાવચેતી સાથે આપણે કોરોનાનો પ્રત્યક્ષ મુકાબલો કરી ખૂબ ધીરજ પૂર્વક સમય પસાર કર્યા બાદ હવે મહામારીમાંથી મુક્તિ મળે તે માટેની રસી તૈયાર થયા બાદ ખૂબ ઝડપથી આપણે સામાન્ય પરિસ્થિતિ પ્રાપ્ત કરી અગાઉની જેમ બેવડા વેગથી આપણી કામગીરીમાં આગળ વધીશું અને સહિયારા પુરુષાર્થથી સફળ કામગીરી કરી સફળતાના ઉચ્ચ શિખરો પ્રાપ્ત કરીશું એવી મને આશા છે.

સોલાર રૂફટોપ તેમજ સોલાર સ્મોલ-સ્કેલ ઈન્ડસ્ટ્રીઝની અરજીઓની નોંધણી જોતા સોલારથી વીજ ઉત્પાદન અંગેની કામગીરીથી ગુજરાત ઐતિહાસિક યોગદાન આપવા જઈ રહ્યું છે. જેમાં યુજીવીસીએલનો મહત્ત્વનો ફાળો રહેશે તેવી આશા રાખુ છું.

વર્ષ દરમ્યાન ગ્રાહક જાગૃતિ અંગે ઝુપડપટ્ટીમાં અજવાળા, વીજ અકસ્માત નિવારણ કાર્યક્રમો, વૃક્ષારોપણ કાર્યક્રમ દ્વારા પર્યાવરણ દિવસની ઉજવણી, મહિલા દિનની ઉજવણી, વિશ્વ યોગ દિવસની ઉજવણી, બંધારણ દિવસની ઉજવણી, વીજ બચત અંગે વિસનગર તથા ઉંઝા ખાતે સેમિનારોના આયોજન દ્વારા જાગૃતિ કેળવવાના કાર્યક્રમો, ઈ-વિહિકલના લોકાર્પણ કાર્યક્રમ સી.એસ.આર.ના ભાગરૂપે યુજીવીસીએલ તરફથી મુખ્યમંત્રી રાહત ફંડમાં રૂપિયા બાર લાખ અર્પણ કરવામાં આવેલ છે તેમજ રૂપિયા ૩,૨૦,૦૦૦/-ના ફૂડકીટનું વિતરણ કોરોનાની મહામારીથી



ઉદ્‌બોધન

પીડિત પરિવારોને તેમજ કાળઝાળ ગરમીમાં આપણા સૌની સેવા કરનાર પોલીસદળના જવાનોને મિનરલ-વોટર અને બિસ્કીટ પૂરાં પાડવામાં આવેલ તેમજ પોતાના વતન તરફ જવા નીકળેલ મજુરોને હિંમતનગર સર્કલથી ટ્રકમાં બેસાડીને રતનપુર ગુજરાતની હદ પાર કરાવવામાં આવેલ.

ઊંઝા ખાતે ગત વર્ષે લક્ષચંડી મહાયજ્ઞનું ના ભૂતો ના ભવિષ્યતિ તેવું આયોજન કરવામાં આવેલ. ૬૦ લાખથી વધુ લોકોની પધરામણીવાળા આ કાર્યક્રમમાં ૩૮૦૦ કે.વી.એ.ના હળવા દબાણના હંગામી વીજ જોડાણ દ્વારા અભૂતપૂર્વ વીજ વિતરણ વ્યવસ્થા દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં આપણી કંપનીએ મહત્ત્વની ભૂમિકા અદા કરેલ.

ઈન્ટરનેશનલ ટ્રેનિંગ સેન્ટર ફોર ઈન્ફોર્મેશન સિસ્ટમ એન્ડ ઓડિટના વિશ્વભરમાંથી ૩૮ જેટલા તાલીમાર્થીઓની સરગાસણ સબસ્ટેશન ખાતેની મુલાકાત તેમજ સાઉથ એશિયા ફોરમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રતિનિધિ મંડળ જેમાં ભૂતાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, નેપાળ ઉપરાંત ભારતના અલગ-અલગ રાજ્યના વીજ ક્ષેત્રના તજજ્ઞોની SCADA ખાતેની મુલાકાત, ઉત્તરપ્રદેશ ઈલેક્ટ્રિસીટી બોર્ડના ઉચ્ચઅધિકારીઓની દહેગામ ખાતેની SKY ફીડરની મુલાકાત દ્વારા યુજીવીસીએલનું વીજ વિતરણ ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન પ્રસ્થાપિત થાય છે.

વર્ષ દરમ્યાન હિંમતનગર ખાતે સ્ટાફ ક્વાર્ટર્સનું લોકાર્પણ, નવીન પોલીસ સ્ટેશનનું લોકાર્પણ તેમજ ભિલોડા ખાતે ઓફિસનું લોકાર્પણ, અડાલજ ખાતે જનસેવા કેન્દ્રનું લોકાર્પણ, પોસીના ખાતે વીજ-સુવિધા કેન્દ્રનું લોકાર્પણ, કાણોદર ઓફિસનું લોકાર્પણ, પાલનપુર ખાતે સ્ટોર ઓફિસનું ભૂમિ-પૂજન જેવા કર્મચારી અને ગ્રાહક લક્ષી કાર્યક્રમો હાથધરવામાં આવેલ છે.

કોરોનાની મહામારી વચ્ચે બનાસકાંઠામાં આવેલ વાવાઝોડાને લીધે ખોરવાયેલ વીજ-પુરવઠાનું ત્વરિત પુનઃસ્થાપન આપણા માટે પડકારજનક કામગીરી હોવા છતાં સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે.

આ પ્રસંગે આપ સૌને મારી નમ્ર વિનંતી છે કે આપણે સાથે મળીને ઉત્તર ગુજરાતના ગામે ગામમાં વીજ વિતરણ વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવીને ગ્રાહકોનો કંપની પ્રત્યેનો વિશ્વાસ સાર્થક કરીએ.

વીજ બચત ક્ષેત્રે તો આપણે કામ કરી રહ્યા છીએ જ્યારે વીજ સુરક્ષા માટે આપણે વીજ સુરક્ષા અંગેના સેમિનારો, તાલીમો, વીજ સુરક્ષા અંગેની નાટિકાઓ દ્વારા તેમજ જાગૃતિ અંગેના હોર્ડિંગ્ઝ ઉત્તર ગુજરાતના કાર્યક્ષેત્રમાં લગાડવાની કામગીરી તેમજ GSRTCની બસો ઉપર પણ વીજ સલામતી અંગેના સંદેશાઓ લોકો સુધી પહોંચાડીને જાગૃતિ માટેની કામગીરી હાથ ધરેલ છે.

કંપનીનો પ્રત્યેક કર્મચારી કંપનીની અમૂલ્ય અસ્ક્યામત (Asset) છે, માટે સાવચેતીપૂર્વક વીજ સુરક્ષાના સાધનો સાથે રાખીને કામ કરવા માટે અનુરોધ કરું છું. જેથી આપણા તથા આપણા કુટુંબીજનોની ખુશહાલી બરકરાર રાખી શકીશું.

મિત્રો, આપણે સૌ નિષ્ઠાપૂર્વક અથાગ પ્રયત્નોથી આપણી કંપનીને વિશ્વસ્તરની

## શૈક્ષણિક એવોર્ડ્ઝ

| કર્મચારીનું નામ અને હોદ્દો | કામનું સ્થળ | કર્મચારી સાથેનો સબંધ અને નામ | સન્માન માટેનું શૈક્ષણિક વિગતો | પુરસ્કાર |
|---|---|---|---|---|
| શ્રી એસ.એચ. જાદવ, કાર્યપાલક ઈજનેર (આઈ.ટી) | ઈ.એમ.સી. ગાંધીનગર | સુપુત્ર – ચિ. આરવ | ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, ગોવા ખાતે પ્રવેશ | રૂ. ૫૦૦૦ રોકડા અને સન્માનપત્ર |
| શ્રી આર.જે. રામી, નાયબ ઇજનેર | આર એન્ડ સી ઓફીસ, મહેસાણા | સુપુત્ર – ચિ. તિર્થ | ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, ધનબાદ ખાતે પ્રવેશ | રૂ. ૫૦૦૦ રોકડા અને સન્માનપત્ર |

*વીજ વિતરણ કંપની તરીકે પ્રસ્થાપિત કરીએ એ જ અભ્યર્થના.*

*આમ ફરીવાર પ્રજાસત્તાક દિન નિમિત્તે ઉપસ્થિત સૌને તેમજ સન્માનિત યુજીવીસીએલ પરિવારના તમામ સભ્યોને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી વિરમું છું.*

*જય હિન્દ. જય જય ગરવી ગુજરાત.*

કાર્યક્રમની શરૂઆતમાં તેમજ કાર્યક્રમ દરમ્યાન દેશભક્તિની વાતો અને દેશભક્તિના ગીતો શ્રી જગદીશભાઈ ગોસાઈ, પાટણ સીટી સબડિવિઝન, દ્વારા સુંદર રીતે રજૂ કરવામાં આવેલ.

દર વર્ષની જેમ આ વર્ષે પણ વિવિધ ક્ષેત્રમાં સુંદર યશસ્વી કામગીરી કરનાર કર્મચારીઓ અધિકારીઓ અને તેમના પરિવારજનોને સન્માનપત્ર અને રોકડ પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવેલ જેને ઉપસ્થિત કર્મચારીઓ અને અધિકારીઓએ તાળીઓના ગડગડાટથી વધાવેલ.

યુજીવીસીએલ પરિવારના તેજસ્વી તારલાઓ કે જેમણે પોતાની તેજસ્વી કારકિર્દી દ્વારા યુજીવીસીએલ પરિવારનું ગૌરવ વધારેલ છે. તેઓને રોકડ પુરસ્કાર અને સન્માનપત્ર આપીને સન્માનિત કરવામાં આવેલ. અગાઉ પણ યુજીવીસીએલ પરિવારના સભ્યો દ્વારા શૈક્ષણિક, સામાજિક, રમતગમત વગેરે ક્ષેત્રોમાં વિરલ સિધ્ધીઓ હાસલ કરીને યુજીવીસીએલનું ગૌરવ વધારેલ છે.

વીજ અકસ્માત અંગે સંવેદનશીલ એવી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા પોતાની અમૂલ્ય અસ્ક્યામત એવા કર્મચારીઓ તેમજ માનવંતા ગ્રાહકોને અકસ્માત ન થાય તે માટે જાગૃતિ કેળવવા માટે વીજ અકસ્માત નિવારણની ફિલ્મ,

## ટેકનીકલ એવોર્ડ્ઝ

| સન્માન મેળવનાર | પેટા–વિભાગીય કચેરી | વિભાગીય કચેરી |
|---|---|---|
| નાયબ ઈજનેર શ્રી | ગોઝારીયા | વિજાપુર |
| નાયબ ઈજનેર શ્રી | મહેસાણા હાઇવે | મહેસાણા |
| નાયબ ઈજનેર શ્રી | પાટણ સીટી–૧ | પાટણ |
| નાયબ ઈજનેર શ્રી | ભિલોડા–૨ | ભિલોડા |
| નાયબ ઈજનેર શ્રી | ચોરીવાડ | ભિલોડા |
| નાયબ ઈજનેર શ્રી | શેલા | બોપલ |



*સન્માનિત યુજીવીસીએલના પરિવારજનો*

વીજ અકસ્માત નિવારવાની જાગૃતિ માટેના હોર્ડિંગ્ઝ, GSRTC બસો દ્વારા જાહેરાત, વીજ કર્મીઓને થતા વીજ અકસ્માત રોકવા અંગેની સેમિનારોનું ટ્રેનિંગ સેન્ટરોમાં આયોજન, વીજ અકસ્માત નિવારણ અંગેની દસ્તાવેજી ફિલ્મ, વીજ અકસ્માતોનું નિદર્શન કરતી અને ઉપાયો સૂચવતી પુસ્તિકા, નાટક અને ભવાઈના માધ્યમો દ્વારા વીજ અકસ્માત અંગેની જાગૃતિના પ્રયત્નો હાથ ધરેલ છે. ત્યારે છેલ્લા ત્રણ વર્ષમાં વીજ અકસ્માત ન થયા હોય તેવા સબડિવિઝનના નાયબ ઈજનેરશ્રીઓનું ખાસ કાળજી લેવા બદલ સન્માન પત્ર આપીને સન્માન કરવામાં આવેલ.

ઉપરાંત વીજ-જોડાણ અંગે તેમજ ઇન્સ્ટોલેશન ચેકિંગ અંગે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ શ્રી સી.વાય. કડીવાલા, જુનિયર ઈજનેર (લેબ), કડી વિભાગીય કચેરીનું સન્માનપત્ર આપીને સન્માન કરવામાં આવેલ.

કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ સન્માનિતોની સાથે યાદગીરી માટે ગ્રુપ ફોટો પાડવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી શૈલેશ નાયક, ઇન્ચાર્જ મેનેજર (સી.સી.) દ્વારા કરવામાં આવેલ. શ્રી એ.સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) અને શ્રી વી.એચ. અસારી, નાયબ મહાપ્રબંધક (એચ.આર.)ના માર્ગદર્શન હેઠળ મહેસાણા સર્કલ અને એચ.આર. વિભાગ દ્વારા કરવામાં આવેલ. ■

# સાબરમતી ખાતે ૭૨મા પ્રજાસત્તાક દિનની ઉજવણી

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, વર્તુળ કચેરી સાબરમતી ખાતે ૭૨મા પ્રજાસત્તાકદિન નિમિત્તે શ્રી આર.ડી. ઝાલા, અધિક્ષક ઇજનેર, સાબરમતી દ્વારા ૯.૩૦ કલાકે ધ્વજ વંદન કરી તથા સમૂહમાં રાષ્ટ્રગીત ગાઈને તિરંગાને સલામી આપવામાં આવેલ.

સદર કાર્યક્રમ દરમ્યાન અધિક્ષક ઇજનેરશ્રી દ્વારા કાર્યક્રમને અનુરૂપ પ્રાસંગિક ઉદ્દબોધનમાં વૈશ્વિક મહામારી અને તે સામેની લડતમાં દેશની આગેકૂચ તેમજ ફ્રન્ટલાઇન વોરિયર્સ સાથે ખભેથી ખભો મિલાવીને વીજ સૈનિકોના યોગદાનને બિરદાવી શુભેચ્છા પાઠવેલ. નોવેલ કોરોના વાયરસ (કોવિડ-૧૯)ની પરિસ્થિતિને ધ્યાને લઈને સાવચેતીના ભાગરૂપે કંપનીના મર્યાદિત અધિકારી/કર્મચારીગણની ઉપસ્થિતિમાં સામાજિક અંતર જળવાય તે રીતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.


ધ્વજ વંદન


સન્માન

વધુમાં અધિક્ષક ઇજનેરશ્રી દ્વારા કંપનીના કર્મચારી/અધિકારીશ્રીના સંતાનો દ્વારા સ્પર્ધાત્મક પ્રવૃત્તિમાં મેળવેલ સફળતા બદલ મેરીટ એવોર્ડથી તેમજ ગત વર્ષ દરમ્યાન સૌથી વધુ વીજ ચેકિંગ હાથ ધરવા બદલ શ્રી વી.કે. પટેલ, જુનિયર ઇજનેર, મોટેરાને પ્રશસ્તિપત્ર આપીને સન્માનીત કરવામાં આવેલ સાથે સાથે અધિક્ષક ઇજનેરશ્રીના વરદ્ હસ્તે નાના ભૂલકાઓને ગિફ્ટ વિતરણ પણ કરવામાં આવેલ. વધુમાં સાબરમતી વર્તુળ હેઠળની વિભાગીય કચેરીઓ ખાતે પણ સંપૂર્ણ હર્ષોલ્લાસ અને કોવિડ-૧૯ને ધ્યાને લઈને સરકારી માર્ગદર્શિકા મુજબ ૭૨મા પ્રજાસત્તાકદિનની ઉજવણી કરવામાં આવેલ. ■


સન્માન

# પાલનપુર વર્તુળ કચેરી દ્વારા પ્રજાસત્તાક દિનની ઉજવણી





પાલનપુર વર્તુળ કચેરીના પટાંગણમાં ૭૨મા પ્રજાસત્તાક દિનની ઉજવણી વિશેષ મુખ્ય ઈજનેર, શ્રી એલ.એ. ગઢવીના વરદ્ હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવી રાષ્ટ્ર ગીતનું ગાન કરી તેમજ ધ્વજ વંદનથી કરવામાં આવેલ.

આ પ્રસંગે પાલનપુર વર્તુળ કચેરીના યુજીવીસીએલ પરિવારના સભ્યો, ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. શ્રી ગઢવી દ્વારા ૭૨મા પ્રજાસત્તાક દિનની શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

યુજીવીસીએલ પરિવારના તેજસ્વી તારલા સમાન શ્રી એચ.પી. પરમાર, નાયબ ઈજનેર, ડિસા રૂરલ-૨ના સુપુત્ર ચિ. હિરેનને આઈ.આઈ.ટી દિલ્હી ખાતે પ્રવેશ



મેળવવા બદલ કંપની વતી પ્રશસ્તિ-પત્ર અને રૂ. ૫૦૦૦ રોકડ પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવેલ.

ભીલડી પેટાવિભાગીય કચેરી ખાતે જુનિયર ઈજનેર તરીકે ફરજ બજાવતા જુનિયર ઈજનેર, શ્રી કે.ડી. વાઘેલાને વીજ સ્થાપનની તપાસણીની ઉત્કૃષ્ટ કામગીરી બદલ પ્રશસ્તિ-પત્ર આપીને સન્માનિત કરવામાં આવેલ. કોરોનાની મહામારીને કારણે સાવચેતીના પગલા રૂપે સામાજિક અંતર જાળવીને સમગ્ર કાર્યક્રમ સાદગીપૂર્ણ રીતે ઉત્સાહભેર ઉજવવામાં આવેલ. ■





# યુજીવીસીએલએ પ્રાપ્ત કર્યો સ્કોચ એવોર્ડ-૨૦૨૦ (સિલ્વર)

**સ્કોચ ગ્રુપ દ્વારા ૬૭માં સ્કોચ સમિટ એન્ડ વર્ચ્યુઅલ એક્ઝિબિશનમાં કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી પી.બી.પંડ્યાને અર્પણ કરવામાં આવ્યો.**

તા. ૨૮-૧૦-૨૦૨૦ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડને સ્કોચ ગ્રુપ નવી દિલ્હી દ્વારા એટીએન્ડસી લોસીસ અને પાવર રીલાયબીલીટી માટે સ્કોચ એવોર્ડ-૨૦૨૦ સિલ્વર એનાયત કરવામાં આવેલ.

સ્કોચ ગ્રુપ દ્વારા નવી દિલ્હી ખાતેથી ૬૭માં સ્કોચ સમિટ એન્ડ વર્ચ્યુઅલ એક્ઝિબિશનમાં કંપનીના મુખ્ય ઈજનેર




(ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યાને અર્પણ કરવામાં આવેલ છે. યુજીવીસીએલની રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ, મહેસાણા ખાતેના કોન્ફરન્સ હોલમાં ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં શ્રી પી.બી. પંડ્યાએ એવોર્ડનો વર્ચ્યુઅલી સ્વીકાર કરી એવોર્ડથી સન્માનિત કરવા બદલ સ્કોચ ગ્રુપનો આભાર માનેલ.

સદર એવોર્ડના વર્ચ્યુઅલ એક્ઝિબિશનમાં અલગ અલગ ક્ષેત્રના ૫૫૦ જેટલા તજજ્ઞો અને પ્રતિનિધિઓ કે જેમની સંસ્થા તરફથી અલગ અલગ વિભાગમાં એવોર્ડ માટે દરખાસ્ત મુકેલ તેઓએ ભાગ લીધેલ.

વર્ષ – ૨૦૨૦માં ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા એનર્જી અને ટેકનોલોજી વિભાગમાં નીચેના બે પ્રોજેક્ટ સારૂ નામાંકન કરવામાં આવેલ. (1) AT & C Losses And Power Reliability Through Feeder Bifurcation. (2) HT AMR (Automatic Meter Reading) analysis. નામાંકન અંતર્ગત શ્રી જે.કે. દરજી, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક એન્ડ વિજિલન્સ) અને શ્રી એ.એન. દિવાન, નાયબ ઈજનેરશ્રી, હાઇટેક લેબ, સાબરમતી દ્વારા ઓનલાઇન પ્રેઝન્ટેશન આપવામાં આવેલ ત્યારબાદ ઓનલાઇન વોટિંગ પણ હાથ ધરવામાં આવેલ.

છેલ્લે તા.૨૮-૧૦-૨૦૨૦ના રોજ સ્કોચ ગ્રુપ દ્વારા આપણા બંને પ્રોજેક્ટને સેમીફાઇનલ્સ ઓફ સ્કોચ એવોર્ડ-૨૦૨૦થી પસંદ કરી છેલ્લે પ્રોજેક્ટ AT & C Losses And Power Reliability Through Feeder Bifurcationને સિલ્વર એવોર્ડથી નવાજીત કરેલ છે. પ્રતિષ્ઠિત એવોર્ડ સ્વીકારતા કંપનીના મુખ્ય ઈજનેર, શ્રી પી.બી.પંડ્યાએ હર્ષની લાગણી વ્યક્ત કરી જણાવેલ કે, આ એવોર્ડ માટે વીજ કંપનીના કર્મચારીઓ તથા અધિકારીઓની મહેનત તથા કંપનીના માનનીય મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘનું માર્ગદર્શન જવાબદાર છે. ■





કડી ખાતે ૭૨મા પ્રજાસત્તાક દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવેલ.




ભિલોડા ખાતે ૭૨મા પ્રજાસત્તાક દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવેલ.

# બાવળા ઈન્ડસ્ટ્રીયલ પેટા વિભાગીય કચેરીનું ૨૬મી જાન્યુઆરીના રોજ લોકાર્પણ

૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિનના પાવન પર્વના દિવસે સાબરમતી વર્તુળ કચેરીના તાબા હેઠળના બોપલ વિભાગીય કચેરીના હસ્તકના બાવળા ઈન્ડસ્ટ્રીયલ પેટાવિભાગીય કચેરીનું કંપનીના માનનીય મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘના વરદ્ હસ્તે લોકાર્પણ કરવામાં આવેલ.

આ પ્રસંગે કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઈજનેર (પી), શ્રી વી.એમ. શ્રોફ, અધિક્ષક ઈજનેર, સાબરમતી, શ્રી આર.ડી. ઝાલા, કાર્યવાહક અધિક્ષક ઈજનેર (સિવિલ), શ્રી પી.એસ. પટેલ, એચ.આર.ના પ્રતિનિધિ રૂપે, શ્રી પ્રણવ બ્રહ્મભટ્ટ, ઔદ્યોગિક સબંધિત અધિકારી તેમજ ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનો શુભારંભ કર્યા બાદ તકતીનું અનાવરણ કરેલ. રીબીન કાપીને કંપનીના માનવંતા ગ્રાહકો તેમજ કર્મચારીઓ માટે ઓફિસ ખુલ્લી મુકવામાં આવેલ. ગણેશપૂજા બાદ સત્યનારાયણની કથામાં મંત્રોચ્ચાર સાથે વિધિ-વિધાન અને આરતી કરી પ્રસાદીનો લાભ લીધેલ. ૬૮ લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ સુંદર ઓફિસના તમામ વિભાગોનું નિરીક્ષણ કરીને માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ પ્રસન્નતાની લાગણી અનુભવેલ.

નવીન ઓફિસના લોકાર્પણ સાથે તા. ૩૧-૦૧-૨૦૨૧ના રોજ વયમર્યાદાને લીધે નિવૃત્ત થઇ રહેલ, શ્રી પી.એસ. પટેલ, કાર્યવાહક અધિક્ષક ઈજનેર (સિવિલ), કોર્પોરેટ ઓફિસને વિદાય આપવા માટેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત, શ્રી નિરવ દવે, અધિક્ષક (હિસાબ), સાબરમતી વર્તુળ કચેરી દ્વારા ગણેશ વંદનાથી કરવામાં આવેલ. સ્વાગત


ઉદ્ઘાટન


સ્વાગત


દીપ પ્રાગટ્ય


સ્વાગત


તક્તિનું અનાવરણ


સ્વાગત


તક્તિનું અનાવરણ



પ્રવચન, શ્રી આર.ડી. ઝાલા દ્વારા કરવામાં આવેલ. કંપનીના માર્ગદર્શક એવા મેનેજિંગ ડિરેક્ટરશ્રીના સતત હકારાત્મક અભિગમને લીધે કંપનીની કામગીરી કરવામાં સાનુકૂળ વાતાવરણનું નિર્માણ થયેલ છે. તેમજ નવીન મકાનમાં લાભાન્વિત કર્મચારીઓ વધુ સારી ગ્રાહકોને સેવા પૂરી પાડશે તેવી ખાતરી આપીને ઉપસ્થિત મહાનુભાવોનું શબ્દોથી આવકારીને સ્વાગત કરેલ. શબ્દોથી સ્વાગત કર્યાબાદ મંચસ્થ મહાનુભાવોનું બૂકે દ્વારા સ્વાગત કરવામાં આવેલ.

તા. ૩૧-૦૧-૨૦૨૧ના રોજ નિવૃત્ત થઇ રહેલ શ્રી પી.એસ. પટેલ, કાર્યવાહક અધિક્ષક ઈજનેર (સિવિલ)નું નિવૃત્તિ અંગે વિશેષ સન્માન કરવામાં આવેલ. મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા શાલ ઓઢાડીને તેમજ પ્રશસ્તિપત્ર અર્પણ કરીને સન્માન કરેલ.

પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં મુખ્ય ઈજનેર (પી), શ્રી વી.એમ. શ્રોફ દ્વારા નવીન અધતન મકાન અંગે અભિનંદન પાઠવી, શ્રી પી.એસ.


ઉદ્બોધન


ગણેશ વંદના


શુભેચ્છા


શુભેચ્છા



પટેલની કામગીરી, કામ પ્રત્યેની નિષ્ઠા પાલનપુર, અધિક્ષક ઇજનેરના કાર્યકાળ દરમ્યાન અનુભવેલ તેના સંભારણા યાદ કરી નિવૃત્ત થઇ રહેલ, શ્રી પી.એસ. પટેલને હવે પછીના શેષ જીવન માટે ખૂબ શુભેચ્છાઓ પાઠવેલ.

પ્રસંગોચિત ઉદ્બોધનમાં શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઈજનેર (ઓપરેશન) દ્વારા નવીન મકાનની કામગીરી અંગે સિવિલ વિભાગ અને ખાસ કરીને નિવૃત્ત થઇ રહેલ શ્રી પી.એસ. પટેલની કામગીરીને બિરદાવેલ અને કંપનીના માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ ઉત્તરોત્તર સારી કામગીરી કરી રહી હોવાનું જણાવેલ. નિવૃત્ત થઇ રહેલ શ્રી પી.એસ. પટેલને તેમની નિવૃત્તિ પછીની બીજી ઇનિંગ્સ સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્યપ્રદ રહે તેવી શુભેચ્છાઓ પાઠવેલ.

નિવૃત્ત થઇ રહેલ કાર્યવાહક અધિક્ષક ઈજનેર, શ્રી પી.એસ. પટેલ દ્વારા ૬૯ જેટલા ઓફિસના મકાનો બનાવી સિવિલ વિભાગ પોતાની કામગીરીમાં અગ્રેસર હોવાનું જણાવી આગામી દિવસોમાં ૩૮ જેટલા મકાનો હવે પછીના સમયમાં પૂરાં કરવા તરફ ઝડપથી આગળ વધી રહી હોવાનું જણાવેલ. નવીન મકાનના લોકાર્પણ પ્રસંગે નિવૃત્તિ અંગેના સમારંભમાં થઈ રહેલ બહુમાન અંગે પોતે ગૌરવની લાગણી અનુભવી રહ્યા હોવાનું જણાવી કંપનીના સતત પ્રોત્સાહન આપનાર મેનેજિંગ ડિરેક્ટરશ્રીનો આભાર માનેલ. પોતાની કારકિર્દી દરમ્યાન સાથ અને સહકાર આપનાર તમામ અધિકારીઓ, સહકર્મચારીઓનો આભાર વ્યક્ત કરેલ.

કાર્યક્રમના અધ્યક્ષ અને યુજીવીસીએલના માર્ગદર્શક માનનીય મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ દ્વારા નવનિર્મિત સુંદર મકાન માટે લાભાન્વિત થનાર કર્મચારીઓને અભિનંદન પાઠવી માનવંતા ગ્રાહકોને વધુ સારી સેવાઓ પૂરી પાડવા અનુરોધ કરેલ. કંપની દ્વારા કરવામાં આવી રહેલ વીજ વિતરણની કામગીરીથી સંતોષની લાગણી અનુભવીને સતત વિના વિક્ષેપે ગુણવત્તા


રંગોળી

સભર વીજ વિતરણ દ્વારા ગ્રાહકોનો વધુ વિશ્વાસ સંપાદિત થાય તે માટે આગ્રહભરી અપીલ કરેલ. નિવૃત્ત થઇ રહેલ શ્રી પી.એસ. પટેલની કામગીરીની પ્રસંશા કરી નિવૃત્તિ બાદ પણ તેઓની સેવાઓ કંપનીને મળે તે માટે વ્યવસ્થા ગોઠવાય તેવી અપેક્ષા રાખેલ.

કાર્યક્રમની પૂર્ણાહુતિ સમયે આભાર વિધિ શ્રી બી.વાય. જરીવાલા, કાર્યવાહક કાર્યપાલક ઈજનેર, બોપલ દ્વારા કરવામાં આવેલ, કાર્યક્રમમાં હાજર રહેલ મેનેજિંગ ડિરેક્ટરશ્રી તેમજ ઉચ્ચ અધિકારીઓનું આ પ્રસંગે અમૂલ્ય સમય ફાળવીને હાજર રહેવા બદલ તેમજ કાર્યક્રમને સફળ બનાવવા માટે કામ કરનાર તમામ કર્મચારીઓનો આભાર માનેલ. કાર્યક્રમનું સફળ સંચાલન, શ્રી નિરવભાઈ દવે, અધિક્ષક (હિસાબ), વર્તુળ કચેરી સાબરમતી દ્વારા કરવામાં આવેલ. ■

## વૃક્ષારોપણ



તારીખ ૬ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ કૉર્પોરેટ ઓફિસના પટાંગણમાં વર્ગ-૪ના કર્મચારીઓ દ્વારા પોતાના અંતરના ઉમળકાથી સ્વૈચ્છિક રીતે વૃક્ષારોપણ કરવામાં આવેલ. તેઓની સર્જનાત્મક પ્રવૃત્તિને યુજીવીસીએલ પરિવાર દ્વારા બિરદાવવામાં આવે છે.

# કાણોદર પેટાવિભાગીય કચેરીના નવનિર્મિત મકાનનું લોકાર્પણ અને આરએસઓનું ખાત મુહૂર્ત


ઉદ્‌ઘાટન



તક્તિનું અનાવરણ


સ્વાગત

સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ આપવાના ધ્યેયને વરેલી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ ગ્રાહકો અને પોતાના કર્મચારીઓ માટે નવીન સગવડો માટે હંમેશા કાર્યરત રહે છે. જેના ભાગરૂપે તા. ૨૧-૧૦-૨૦૨૦ના રોજ પાલનપુર સર્કલની પાલનપુર વિભાગીય કચેરી-૧ના તાબા હેઠળ આવેલ, કાણોદર પેટાવિભાગીય કચેરીના નવીન મકાનના લોકાર્પણ સમારોહનું આયોજન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘના અધ્યક્ષ પદે કરવામાં આવેલ.

કાણોદર પેટાવિભાગીય કચેરીના લોકાર્પણ પ્રસંગે કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યા, વિશેષ મુખ્ય ઇજનેર (ટેક), શ્રી જે.કે. દરજી, આ પ્રસંગે ખાસ આમંત્રિત, ભૂતપૂર્વ વિશેષ


સન્માન

મુખ્ય ઇજનેર (સિવિલ), શ્રી પી.જે. ત્રિવેદી, યજમાન સર્કલના વિશેષ મુખ્ય ઇજનેર, શ્રી એલ.એ. ગઢવી, અધિક્ષક ઇજનેર, હિંમતનગર, શ્રી પી.સી. શાહ, અધિક્ષક ઇજનેર, મહેસાણા, શ્રી સી.જે. રાજ્યપાલ, ઇન્ચાર્જ અધિક્ષક ઇજનેર (સિવિલ), શ્રી પી.એસ. પટેલ, કાણોદરના પ્રતિષ્ઠિત નાગરિકો તથા કર્મચારીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

કાણોદર પેટાવિભાગીય કચેરીના પટાંગણમાં ઉપસ્થિત મહાનુભાવોની હાજરીમાં કાર્યક્રમના અધ્યક્ષ તરીકે પધારેલ કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીનું બૂકે દ્વારા સ્વાગત કરવામાં આવેલ. વૈદિક-મંત્રોચ્ચાર વચ્ચે દીપપ્રાગટ્ય કર્યા બાદ તક્તિનું અનાવરણ કરવામાં આવેલ. ત્યારબાદ રીબન કાપીને નવનિર્મિત કચેરીને ખુલ્લી મુકવામાં આવેલ. વિધિવત્ પ્રવેશ કર્યા બાદ


સન્માન

કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા સુશોભિત નવનિર્મિત મકાનના દરેક વિભાગનું નિરીક્ષણ કરવામાં આવેલ.

નાયબ ઇજનેરની ઓફિસમાં બેસીને મકાન માટે કરવામાં આવેલ કામની વિગતો મેળવેલ અને સિવિલ વિભાગને સુંદર કામગીરી માટે અભિનંદન પાઠવેલ.

લોકાર્પણ સમારંભની શરૂઆતમાં શ્રી બી.એસ. વાઘેલા દ્વારા મેનેજિંગ ડિરેક્ટરશ્રીને સાફો પહેરાવીને આવકારવામાં આવેલ. ત્યારબાદ બૂકે અને શાલ અર્પણ કરીને મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવેલ. આમંત્રિત મહેમાનો દ્વારા પણ કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીનું તેમજ વિશેષ મુખ્ય ઇજનેર, શ્રી એલ.એ. ગઢવીનું શાલ અર્પણ કરીને સ્વાગત કરવામાં આવેલ. શ્રી એલ.એ. ગઢવી દ્વારા મંચ પર બિરાજેલ મહાનુભાવોનું શબ્દોથી સ્વાગત



સન્માન

કરેલ. સ્વાગત પ્રવચનમાં કાણોદર ગામના લોકોમાં શૈક્ષણિક જાગૃતિ અંગે જણાવેલ કે ઓટોમોબાઇલ તેમજ સમગ્ર ભારતના હાઈવે પરના હોટેલના ધંધા-વ્યવસાયમાં પણ લોકો ઉદ્યમી હોવાનું જણાવેલ. મોટી કંપનીઓ તેમના વાહનોના જોબવર્ક માટે મોકલે છે. તમામ જાતિના લોકો સંપથી રહેતા હોવાનું જણાવેલ. સૌથી ઓછા ૧૩ (તેર) ગામો વીજ વિતરણ માટે હોવાનું જણાવીને વીજ વિતરણની આદર્શ પરિસ્થિતિ હોવાની માહિતી આપેલ તેમજ સમગ્ર કંપનીમાં ચોરીવાડ પછી આદર્શ કામગીરી ધરાવતું સબડિવિઝન હોવાનું જણાવેલ. હાઈવે પરના ભાડાના મકાનમાંથી નવીન અદ્યતન સુવિધાવાળા મકાનનો ગ્રાહકોને તેમજ કર્મચારીઓને લાભ મળશે



વીજ સલામતી રથનું પ્રસ્થાન


ઉદ્‌બોધન


ઉદ્‌બોધન


ઉદ્‌બોધન

તેવી આશા રાખેલ. નવીન મકાનની મંજૂરી માટે મેનેજમેન્ટનો આભાર માનેલ તેમજ વીજ બીલના નાણા ભરવા માટેના વિવિધ વિકલ્પ માટે સમજુતી આપેલ અને સબડિવિઝનની સુવિધાઓ અંગે ગ્રાહકોની માંગણી પરત્વે ધ્યાન આપવાની ખાત્રી આપેલ. વીજ વિતરણક્ષેત્રે કાણોદરને આદર્શ ગામ બનાવવાની નેમ વ્યક્ત કરેલ.

કાર્યક્રમ દરમ્યાન કાર્યપાલક ઈજનેર, શ્રી એમ.એન. મુસા દ્વારા શૌર્ય, શક્તિ અને સાહસના પ્રતિક એવા ઢાલ અને તલવારની મોમેન્ટોથી સન્માન કરવામાં આવેલ, ત્યારબાદ મંચ પર બિરાજમાન મહાનુભાઓને મોમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવેલ. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ભૂતપૂર્વ વિશેષ મુખ્ય ઈજનેર, શ્રી પી.જે. ત્રિવેદી દ્વારા ભુતકાળમાં સિવિલ વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરી અને મેનેજમેન્ટ દ્વારા આપવામાં આવેલ સહકારના ઉલ્લેખ કરીને જણાવેલ કે, નિવૃત્ત થયા બાદ પણ સંસ્થા દ્વારા આ પ્રસંગે બોલાવવા બદલ આભાર વ્યક્ત કરેલ.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કંપનીના મુખ્ય ઈજનેર, શ્રી પી.બી. પંડ્યાએ ખુશી વ્યક્ત કરતા જણાવેલ કે, અધિક્ષક ઈજનેર તરીકે પાલનપુર હતા ત્યારે દરખાસ્ત મોકલેલ જે આજે નવીન મકાનના લોકાર્પણ થકી પૂર્ણ થયેલ છે તે માટે લાભાન્વિત કર્મચારીઓને અભિનંદન પાઠવી ગ્રાહકો માટે સારી કામગીરી કરવા અનુરોધ કરેલ.

સમારંભના અધ્યક્ષ અને કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘે પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવેલ કે, યુજીવીસીએલનો હંમેશા એવો અભિગમ રહેલ છે કે તેના ગ્રાહકો અને કર્મચારીઓને કોઈ પણ જાતની અગવડો ન રહે, જેમાં ય ખાસ કરીને ભાડાના મકાનોમાંથી તમામ સગવડો ધરાવતા પોતાના મકાનમાં લઈ જવા પ્રયત્નશીલ છે. ગ્રાહકો પ્રત્યેનો વ્યવહાર સૌજન્યશીલ હોવો જોઈએ. પાલનપુર સર્કલમાં કંપનીના પોતાના વધુ મકાનોની જરૂરિયાત છે તેવા સંજોગોમાં ઈન્ચાર્જ અધિક્ષક ઈજનેર (સિવિલ) તરીકે, શ્રી પી.એસ. પટેલની કામગીરીને બિરદાવેલ.

કાર્યક્રમના અંતમાં કાર્યપાલક ઈજનેર, શ્રી એમ.એન. મુસા દ્વારા આભારવિધિ કરવામાં આવેલ. કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી સ્નેહલ જોશી, નાયબ અધિક્ષક (હિસાબ), કોર્પોરેટ ઓફિસ દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ વીજ સલામતી રથનું પ્રસ્થાન લીલી ઝંડી આપીને મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા કરાવવામાં આવેલ. વીજ સલામતી અંગેના નાટકનું નિદર્શન કર્યા બાદ સમગ્ર બનાસકાંઠામાં વીજ સલામતીનો સંદેશ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવેલ. અંતમાં કાણોદર કેમ્પસ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ. ■

## પાલનપુર પ્રાદેશિક સ્ટોરનું ભૂમિપુજન

તા. ૨૧-૧૦-૨૦૨૦ના રોજ કાણોદર પેટા વિભાગીય કચેરીના લોકાર્પણ કાર્યક્રમ બાદ પાલનપુર ખાતે પ્રાદેશિક સ્ટોરના બાંધકામ માટે ભૂમિપુજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. સ્ટોર વિભાગમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા શ્રી એસ.ડી. ચૌધરી દ્વારા પૂજાવિધિ કરવામાં આવેલ.


ભૂમિપુજન

આ પ્રસંગે પધારેલ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ, મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યા, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક), શ્રી જે.કે. દરજીનું તિલક કરીને તેમજ બૂકે અર્પણ કરીને સ્વાગત કરવામાં આવેલ. પ્રાદેશિક સ્ટોર વિભાગ માટેના સૂચિત મકાનના નકશાનું નિરીક્ષણ કરવામાં આવેલ અને તક્તિનું અનાવરણ કરવામાં આવેલ. ત્યારબાદ વૈદકીય મંત્રોચાર વચ્ચે કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા પૂજા વિધિ કરવામાં આવેલ અને ઝડપથી મકાન બની જાય અને કર્મચારીઓને સારી સગવડ મળે તે માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. ■



તક્તિનું અનાવરણ


તિલક દ્વારા સ્વાગત

# યશસ્વી કારકિર્દી પૂર્ણ કરી કોર્પોરેટ ઓફિસ ખાતેથી નિવૃત્ત થતા અધિક્ષક ઈજનેર (ટેક) શ્રી જી.ડી. પટેલ









તા. ૧૯-૧૧-૧૯૮૫ના રોજ જુનિયર એન્જિનીયર તરીકે પાલનપુર ટાઉન સબડિવિઝન ખાતેથી શ્રી જી.ડી. પટેલે પોતાની કારકિર્દીની શરૂઆત કરેલ ત્યાર બાદ પાલનપુર વિભાગીય કચેરી-૧, છાપી પેટા વિભાગીય કચેરી ખાતે ફરજ બજાવ્યા બાદ તા. ૧૪-૬-૧૯૯૯ના રોજ નાયબ ઈજનેર તરીકે દાંતા પેટા વિભાગીય કચેરી ખાતે બઢતી મેળવેલ. નાયબ ઈજનેર તરીકે અંબાજી પેટા વિભાગીય કચેરી, પાલનપુર વિભાગ-૧, વડગામ પેટા વિભાગીય કચેરી ફરજ બજાવેલ. તા. ૮-૧-૨૦૧૬માં સાબરમતી વિભાગીય કચેરી ખાતે કાર્યપાલક ઈજનેર તરીકે બઢતી પ્રાપ્ત કરેલ.

કાર્યપાલક ઈજનેર તરીકે કોર્પોરેટ ઓફિસ, પાલનપુર સર્કલ એફિસ અને પાલનપુર વિભાગીય કચેરી-૧માં ફરજ બજાવ્યા બાદ તા. ૧-૮-૨૦૧૯ના રોજ અધિક્ષક ઈજનેર તરીકે કોર્પોરેટ ઓફિસ ખાતે બઢતી મેળવેલ. આમ શ્રી પટેલે ગુજરાત વિદ્યુત બોર્ડથી લઈને કંપનીકરણ સુધીના ગાળા દરમ્યાન પોતાની કામગીરી મહેનત અને પ્રમાણિકતાથી કરેલ છે.

તા. ૩૧-૧૨-૨૦૨૦ના રોજ વય મર્યાદાને લીધે સેવાનિવૃત્ત થયેલ છે. કોર્પોરેટ ઓફિસ ખાતે તેઓશ્રી ટેક્નિકલ વિભાગમાં કાર્યરત રહેવા ઉપરાંત કોર્પોરેટ કમ્યુનિકેશન સેલના વડા તરીકે ફરજ બજાવેલ છે તેમના સમયકાળ દરમ્યાન તેમના કિંમતી માર્ગદર્શનથી કોર્પોરેટ કમ્યુનિકેશન સેલ દ્વારા નિયમિતરીતે 'આપણું યુજીવીસીએલ' પ્રકાશિત થયેલ તેમજ 'સૂર્ય ગુજરાત' સોલાર રૂફટોપ માટેની દસ્તાવેજી ફિલ્મ ઉપરાંત 'યુજીવીસીએલ એટ એ ગ્લાન્સ' કંપનીની માહિતી દર્શાવતું દસ્તાવેજી ફિલ્મોનું નિર્માણ હાથ ધરેલ તેમજ 'ચિંતન શિબિર', 'વીજ સલામતી' અને 'યુજીવીસીએલ એટ એ ગ્લાન્સ' પુસ્તિકાઓનું પ્રકાશન કરેલ જેનું કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા તેમજ મેગેઝિનનું વિમોચન માનનીય ઊર્જામંત્રી, શ્રી સૌરભભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલ, આમ તેમના કાર્યકાળ દરમ્યાન કોર્પોરેટ કમ્યુનિકેશન સેલ દ્વારા ઉજ્જવળ કામગીરી કરીને કંપની દ્વારા કરવામાં આવેલ કામગીરી ગ્રાહકો, કર્મચારીઓ અને સરકારશ્રી સુધી પહોંચાડવાની યશસ્વી કામગીરી કરેલ.

નિવૃત્તિ અંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ, મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઈજનેર (પી), શ્રી વી.એમ. શ્રોફ, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક), શ્રી જે.કે. દરજી દ્વારા શાલ અર્પણ કરીને, સન્માનપત્ર આપીને નિવૃત્તિ અંગેની શુભેચ્છાઓ પાઠવેલ. યુજીવીસીએલ પરિવાર શ્રી જી.ડી. પટેલને નિવૃત્તિ બાદના શેષ જીવન માટે સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્યપ્રદ રહે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીને શુભેચ્છાઓ પાઠવે છે. ■

## આ તે કેવી જિંદગી છે...

આ તે કેવી જિંદગી છે, જે સવારથી સાંજ
અને સાંજથી રાત જોવા માટે જ જીવી રહ્યો છું,
ખબર નથી, કંઈ દિશા તરફ આગળ વધી રહ્યો છું,
પાંખ નથી, પણ વણ-માંગેલી જવાબદારીઓ
લઈને ઉડી રહ્યો છું,
આ તે કેવી જિંદગી છે, જે સવારથી સાંજ
અને સાંજથી રાત જોવા માટે જ જીવી રહ્યો છું,
દુનિયાને ખોટું સ્મિત બતાવી,
મારા પોતાનું ખડખડાટ કરતું હાસ્ય ભુલી રહ્યો છું,
દિલથી જીવવાવાળો હતો હું,
આજે દિલમાં ભરીને જીવી રહ્યો છું,
આ તે કેવી જિંદગી છે, જે સવારથી સાંજ
અને સાંજથી રાત જોવા માટે જ જીવી રહ્યો છું.

---

**- શ્રી નરેશ આર. પારેખ**
જુનિયર એન્જિનીયર, કલોલ-૧, સબડિવિઝન

કહતે હૈ કી આસમાન મે હૈ તારે હજારો...
કયા ફર્ક પડેગા જો ગીરપડે દોચાર ઉસમેસે...
વો તો વહી જાને જીસકે કુલ કે હોતે હૈ
વો એક હી સીતારે (કુલ દિપક)...
અગર વો ભી ગીર ગયાતો હોતા હૈ
ઉનકે સંસાર કે આસમાન મે અંધેરા સદાહી...
કોસતે હૈ વો ખુદકો કયા બીગાડા થા
મૈને ઔર મેરે બેટે ને તુમ્હારા...
પર માં યા ઉનકે પરિવાર વાલે કહાં જાતને થે કી...
વો તો ગયા થા દૂસરો કે ઘરકા ઉજાલા કરને
ખુદ અપને ઘરકો અંધેરે મેં છોડ કે...!

---

**- શ્રી આર.કે. મિસ્ત્રી**
આસિસ્ટન્ટ લાઈનમેન, પે.વિ.ક., કુડાસણ

ગાઈ તે'તો ભોમ કથાઓ,
કેવી હશે તારી વ્યથાઓ...
રાત-દિવસની નીંદ ભુલી,
ફરતો રહ્યો બાપુ ગલી-ગલી...
અડધો રહ્યો તું ઉઘારો,
દેશના કરવા તું ઉધ્ધારો...
ધોતીયું, લાકડી, ચશ્મા વગર,
કાંઈ ના પહેર્યું દેશને ખાતર...
ટોપ-બંદૂક ને તલવાર છોડી,
ગુલામીની તે બંદીશો તોડી...
ભારતના સદ્રભાગ ઘણા,
જે બાપુ તે અવતાર ધર્યા...

---

**-સંદીપ ચૌધરી** (સંભાવ)
નડિયાદ, એમજીવીસીએલ

સમય હતો સારો ક્રૂર બની ગયો
માનવની ભૂલ માનવને નડી ગઈ
છે સમય હજી સુધારો એ ભૂલ
કંઈ ના કરો તો ભલે સાવચેતી કરો કબૂલ
કુદરતથી મોટું અહીં કોઈ નથી
ભગવાન પણ છે લાચાર
બદલો હવે તો આપણો વ્યવહાર
સાવચેતી એ જ છે હવે રસ્તો
એક ભુલ બતાવશે ઉપરનો રસ્તો
કોઈ કોઈનું નથી અહીં
તોય એકબીજાનો સહારો છે
જીંદગી છે ક્ષણ ભંગૂર
સાચવીને જીવી લ્યો.

---

**- શ્રી શૈલેષ એમ. યાદવ**
ડેપ્યુટી એન્જિનીયર, યુજીવીસીએલ, સબડિવિઝન, પ્રાંતિજ

# ઓનલાઈન HT વાહનનું ઉદ્ઘાટન









તા. ૧૧-૧૧-૨૦૨૦ના રોજ સાબરમતી એનએબીએલ લેબ ખાતે HT ગ્રાહકો માટેના વાહનનું ઉદ્ઘાટન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘના વરદ્ હસ્તે કરવામાં આવેલ. આ પ્રસંગે ચીફ ઈલેક્ટ્રિકલ ઈન્સ્પેક્ટર, શ્રી એચ.એચ. ખોજા ઉપરાંત વિશેષ મુખ્ય ઈજનેર (ટેક), શ્રી જે.કે. દરજી, અધિક્ષક ઈજનેર (જીપીઆરડી), શ્રી આર.બી. પટેલ, અધિક્ષક ઈજનેર (QCC), શ્રી પરાગભાઈ દેસાઈ, અધિક્ષક ઈજનેર, સાબરમતી, શ્રી આર.ડી. ઝાલા અને કંપનીના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેલ.

ગુજરાત પાવર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેલ દ્વારા યુજીવીસીએલ અને એમજીવીસીએલના તજજ્ઞ ઈજનેરો સાથે મળીને સફળતાથી પરિક્ષણ કર્યા બાદ સાવલી જીઆઈડીસીમાં કામગીરી માટે અમલમાં મુકવામાં આવેલ આ વાહન હવે યુજીવીસીએલના ઔદ્યોગિક વિસ્તાર માટે આપવા જઈ રહેલ છે.

આપણે સૌ જાણીએ છીએ કે વીજ વિતરણ કંપનીના ઔદ્યોગિક વીજ જોડાણ દ્વારા ૬૦ ટકા મહેસુલી આવક પ્રાપ્ત થતી હોય છે તેવા સંજોગોમાં તેઓને જરૂરી



સુવિધાઓ મળે તે નિરંતર જોવામાં આવી રહ્યું છે. જીપીઆરડી સેલ દ્વારા ખૂબ જ જહેમત બાદ સદર સિસ્ટમ ઊભી કરવામાં આવી છે. જેથી યુજીવીસીએલના પોતાના ઔદ્યોગિક ગ્રાહકો માટે ગૌરવની લાગણી અનુભવે છે. ■

## યુજીવીસીએલ પરિવારનું ગૌરવ



ચિ. આરવ એસ. જાદવ સુપુત્ર શ્રી સુનિલ જાદવ, કાર્યપાલક ઈજનેર, ઇ.એમ.સી. ગાંધીનગરએ તાજેતરમાં જેઇઇ (એડવાન્સ)ની લેવાયેલ રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષામાં ઉતિર્ણ થતા તેઓને આઇઆઇટી ગોવા, બી-ટેક સી.એસ.ઈ.માં પ્રવેશ મેળવેલ છે. સમગ્ર ભારતમાંથી નવ લાખ જેટલા વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપેલ જેમાં ૪,૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉતિર્ણ થતા પોતાની પસંદગીની સંસ્થામાં પ્રવેશ પ્રાપ્ત કરેલ છે. અગાઉ ચિ. આરવ ધો. ૧૦ (એસએસસી)માં ૯૮ પર્સન્ટાઇલ તેમજ ધો. ૧૨ (એચએસસી)માં 'એ' ગ્રૂપમાં ૮૦ પર્સન્ટાઇલ રેન્ક પ્રાપ્ત કરીને યુજીવીસીએલનું ગૌરવ વધાર્યા બાદ ફરીવાર ઉચ્ચ કાદકિર્દી માટે જરૂરી સ્પર્ધાત્મક પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરીને ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી તરફ પ્રયાણ કરી રહ્યા છે ત્યારે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડનો પરિવાર તેઓને આ સફળતા માટે ગર્વ સાથે ગૌરવની લાગણી અનુભવે છે અને શૈક્ષણિક ક્ષેત્રે વધુ ઉજ્જવળ સફળતા પ્રાપ્ત કરે તે માટે શુભેચ્છા પાઠવી અભિનંદન આપે છે.



ચિ. તીર્થ આર. રામી સુપુત્ર શ્રી રાજેન્દ્રકુમાર જે. રામી, નાયબ ઈજનેર (ટેક) આરએન્ડડી ઓફિસ મહેસાણાએ તાજેતરમાં જેઇઇ (એડવાન્સ)ની લેવાયેલ રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષામાં ઉતીર્ણ થતા તેઓનું આઈ.આઈ.ટી. (ઇન્ડિયન સ્કૂલ ઓફ માઇન્સ) ધનબાદમાં પ્રવેશ મેળવેલ છે. સમગ્ર ભારતમાંથી નવ લાખ જેટલા વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપેલ જેમાં ૪,૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉતીર્ણ થતા પોતાની પસંદગીની સંસ્થામાં પ્રવેશ પ્રાપ્ત કરેલ છે. અગાઉ ચિ. તીર્થ ધો. ૧૨ (એચએસસી)માં 'એ' ગ્રૂપમાં ૯૯.૫૭ પર્સન્ટાઇલ રેન્ક પ્રાપ્ત કરીને યુજીવીસીએલનું ગૌરવ વધાર્યા બાદ ફરીવાર ઉચ્ચ કારકિર્દી માટે જરૂરી સ્પર્ધાત્મક પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરીને ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી તરફ પ્રયાણ કરી રહ્યા છે ત્યારે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડનો પરિવાર તેઓને આ સફળતા માટે ગર્વ સાથે ગૌરવની લાગણી અનુભવે છે અને શૈક્ષણિક ક્ષેત્રે વધુ ઉજ્જવળ સફળતા પ્રાપ્ત કરે તે માટે શુભેચ્છા પાઠવી અભિનંદન આપે છે.

# યુજીવીસીએલના કર્મઠ કર્મચારીઓને ભાવભિની શ્રદ્ધાંજલિ



સ્વ. રમેશચંદ્ર ચૌહાણ



સ્વ. ડી.જી. લોધા



સ્વ. હર્ષદભાઈબારોટ

ચીનમાંથી વિશ્વભરમાં પ્રસરેલા 'કોરોના વાયરસ' માર્ચ ૨૦૨૦થી સમગ્ર ભારતમાં પ્રસરેલ મહામારીનું સ્વરૂપ ધારણ કરેલ 'કોરોના વાયરસ'ને અનુલક્ષીને આપણે સૌએ બે માસ જેટલા સમય માટે લોકડાઉનનો સામનો કરવો પડેલ. સરકારશ્રી દ્વારા વખતો વખત સાવચેતી રાખવા અનુરોધ કરેલ. કોરોના કાળ દરમ્યાન અતિ આવશ્યક એવી વીજ-વિતરણ સેવાઓ અવિરત ચાલુ રાખવાનો સૌ કર્મચારીઓએ સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે, પરંતુ આ કામગીરી દરમ્યાન આપણા વીજ-સેનાની અને 'કોરોના વોરીયર્સ' એવા પાંચ વીજ-કર્મચારીઓએ કોરોનાની મહામારીને લીધે જીવ ગુમાવેલ છે. અગાઉ તા. ૦૫.૦૭.૨૦૨૦ના રોજ અવસાન પામેલ નાયબ ઈજનેર, શ્રી એ.બી. પાવરા ને યુજીવીસીએલ પરિવાર દ્વારા શ્રદ્ધાંજલિ આપી ચુક્યા છીએ.

ત્યારબાદ વધુ ત્રણ વીજ-કર્મચારીઓએ કોરોનાની બીમારીને લીધે પોતાના જાન ગુમાવ્યા છે.

(૧) સ્વ. રમેશચંદ્ર ડી. ચૌહાણ, લાઈન ઈન્સ્પેક્ટર, લાખણી પેટાવિભાગીય કચેરી ખાતે ફરજ બજાવતા હતા. તા. ૧૪-૦૯-૨૦૨૦ના રોજ તેઓશ્રી બિમાર હોવાને લીધે શ્વાસ લેવાની તકલીફ પડતા દવાખાને દાખલ કરવા પડેલ જ્યાં ટેસ્ટ કરાવતા કોરોના પોઝિટિવ રિપોર્ટ આવેલ. તા. ૦૪-૧૦-૨૦૨૦ના રોજ સારવાર દરમ્યાન અવસાન પામેલ છે.

(૨) સ્વ. ડી.જી. લોધા, નાયબ અધિક્ષક (એચ.આર.), બોપલ વિભાગીય કચેરી ખાતે ફરજ બજાવતા હતા. તા. ૦૬-૧૧-૨૦૨૦ના રોજ કોરોના ટેસ્ટ કરાવતા પોઝિટિવ રિપોર્ટ આવેલ તા. ૧૦-૧૧-૨૦૨૦ના રોજ સારવાર દરમ્યાન અવસાન પામેલ છે.

(૩) સ્વ. હર્ષદભાઈ લાલચંદભાઈ બારોટ, આસિસ્ટન્ટ લાઈન-મેન, વિજયનગર પેટાવિભાગીય કચેરી ખાતે ફરજ બજાવતા હતા. તા. ૦૪-૧૨-૨૦૨૦ના રોજ તબિયત લથડતા કોરોના ટેસ્ટ કરાવતા કોરોના પોઝિટિવ આવેલ તા. ૦૫-૧૨-૨૦૨૦ના રોજ સારવાર દરમ્યાન મૃત્યુ પામેલ છે.

ખૂબ જ અનુભવી અને કર્મઠ કર્મચારીઓની અણધારી વિદાયથી યુજીવીસીએલ પરિવાર ઘેરા શોકની લાગણી અનુભવે છે. આકસ્મિક અવસાનથી યુજીવીસીએલને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. તેમના કુટુંબીજનો પર આવી પડેલ અણધારી આફત સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શક્તિ આપે અને પ્રભુ તેમના આત્માને ચિર શાંતિ આપે તેવી પ્રાર્થના કરીએ છીએ. ■



સ્વ આર.જી. એન્જિનીયર

તા. ૦૨-૦૨-૨૦૨૧ના રોજ કંપનીના ભૂતપૂર્વ મુખ્ય ઈજનેર, શ્રી આર.જી. એન્જિનીયરનું આકસ્મિક દુઃખદ અવસાન થયેલ છે. ઉત્તર ગુજરાત વીજ કંપનીનો પરિવાર ઘેરા શોકની લાગણી અનુભવે છે. આકસ્મિક અવસાનને લીધે તેમના પરિવાર પર આવી પડેલ અણધારી આફતને સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શક્તિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

તા. ૩૧-૦૫-૨૦૧૧ના રોજ સ્વર્ગસ્થ શ્રી આર.જી. એન્જિનીયર તેમની ૩૪ વર્ષની દીર્ઘ કારકિર્દીમાંથી સેવા નિવૃત્ત થયેલ. તા. ૨૪-૧૦-૧૯૭૭ના રોજ જુનિયર ઈજનેર તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી નાયબ ઈજનેર તરીકે વિજાપુર, તલોદ, મોડાસા, પાલનપુર, વાંકાનેર ખાતે ફરજ બજાવેલ જ્યારે તા. ૦૫-૦૭-૧૯૯૮ના રોજ કાર્યપાલક ઈજનેર તરીકે કડાણા હાઈડ્રો પાવર સ્ટેશનમાં બઢતી મેળવ્યા બાદ ઈડર, મોડાસા ખાતે ફરજ બજાવેલ. તા. ૦૭-૦૯-૨૦૦૫ના રોજ અધિક્ષક ઈજનેર તરીકે કોર્પોરેટ ઓફિસ ખાતે બઢતી મેળવ્યા બાદ વિશેષ મુખ્ય ઈજનેર તરીકે અને છેલ્લે મુખ્ય ઈજનેર તરીકે ફરજ બજાવીને નિવૃત્ત થયેલ.

સખત મહેનત, પરગજુ અને મિલનસાર સ્વભાવને લીધે સ્વર્ગસ્થ શ્રી આર.જી. એન્જિનીયર તેમના સહકર્મચારીઓ તેમજ તાબા હેઠળના કર્મચારીઓ અને ઉચ્ચઅધિકારીઓના હ્રદયમાં મહત્ત્વનું સ્થાન ધરાવતા હતા. ■

# મોડાસા ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ







તા. ૦૮-૦૧-૨૦૨૧ના રોજ અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે શ્રીમતી લીલાબેન અંકોલિયા, ચેરમેન, મહિલા આયોગના વરદ્ હસ્તે મોડાસા તાલુકામાં ''કિસાન સૂર્યોદય યોજના''નો શુભારંભ કરવામાં આવેલ. જે અંતર્ગત તા. ૦૯-૦૧-૨૦૨૧થી મોડાસા તાલુકાના ૪ ખેતીવાડી ફીડર ઉપરના ૧૨ ગામોના ૧૮૮૩ ખેતીવાડી વીજ ગ્રાહકોને દિવસ દરમિયાન વીજ-પુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવેલ.

આ પ્રસંગે શ્રી દિપસિંહ રાઠોડ, સંસદ સભ્ય, સાબરકાંઠા, શ્રી અમૃતેષ ઔરંગાબાદકાર, કલેક્ટરશ્રી, અરવલ્લી જિલ્લા, ડૉ. અનિલ ધામેલિયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, અરવલ્લી જિલ્લા તેમજ અન્ય તાલુકાના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું સ્વાગત પ્રવચન દ્વારા મહેસાણા કોર્પોરેટ કચેરીના અધિક્ષક ઈજનેર, શ્રી એલ.એફ. ડાભીએ કરેલ.

# વિરમગામ ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ







તા. ૦૮-૦૧-૨૦૨૧ના રોજ અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકા ખાતે ડૉ. શ્રી મહેન્દ્રભાઈ મુંજપુરા, માનનીય સંસદસભ્ય, સુરેન્દ્રનગર દ્વારા વિરમગામ તાલુકામાં ''કિસાન સૂર્યોદય યોજના''નો શુભારંભ કરવામાં આવેલ. તા. ૦૯-૦૧-૨૦૨૧થી વિરમગામ તાલુકાના ૬ ખેતીવાડી ફીડર ઉપરના ૨૦ ગામોના ૯૦૩ ખેતીવાડી વીજ ગ્રાહકોને દિવસ દરમિયાન વીજ-પુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવેલ.

આ પ્રસંગે શ્રી હર્ષદગીરી ગૌસ્વામી, રાજકીય આગેવાન શ્રીમતી તેજશ્રીબેન પટેલ, ભુતપૂર્વ ધારાસભ્ય વિરમગામ, પ્રાંત અધિકારીશ્રી તેમજ તાલુકાના અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

મહેમાનોનું સ્વાગત પ્રવચન દ્વારા મહેસાણા કોર્પોરેટ કચેરીના વિશેષ મુખ્ય ઈજનેર, શ્રી જી.એચ. એન્જિનિયરે કરેલ.

# કડી ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ








તા. ૦૮-૦૧-૨૦૨૧ના રોજ મહેસાણા જિલ્લાના કડી ખાતે, માનનીય શ્રીમતી વિભાવરીબેન દવે, રાજ્યકક્ષાના મંત્રીશ્રી દ્વારા કડી તાલુકામાં "કિસાન સૂર્યોદય યોજના"નો શુભારંભ કરવામાં આવેલ. તા. ૦૮-૦૧-૨૦૨૧થી કડી તાલુકાના ૧૯ ખેતીવાડી ફીડર ઉપરના ૪૨ ગામોના ૧૧૮૧ ખેતીવાડી વીજ ગ્રાહકોને દિવસ દરમિયાન વીજપુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવેલી.

આ પ્રસંગે શ્રી કરશનભાઈ સોલંકી, ધારાસભ્ય, કડી તેમજ તાલુકાના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહેલ. રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ મહેસાણાના અધિક્ષક ઇજનેર, શ્રી આર.પી. પટેલ દ્વારા મહેમાનોનું સ્વાગત પ્રવચન કરવામાં આવેલ.

હાજર રહેલ મહનુભાવો દ્વારા તેમના વક્તવ્યમાં "કિસાન સૂર્યોદય યોજના"ને ખેડૂતો માટે રાજ્ય સરકારશ્રીનું એક ક્રાંતિકારી પગલું હોવાનું જણાવેલ. ખેડૂતોને "કિસાન સૂર્યોદય યોજના"થી થનાર લાભો તથા ગુજરાત રાજ્યની ઊર્જા ક્ષેત્રે હાંસલ કરેલ સિદ્ધિઓ પણ વર્ણવેલ.

# સમી ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ





તા. ૮-૧-૨૦૨૧ના રોજ પાટણ જિલ્લાના સમી ખાતે, શ્રી શંકરભાઈ ચૌધરી, ચેરમેન, બનાસ ડેરી દ્વારા સમી તાલુકામાં "કિસાન સૂર્યોદય યોજના"નો શુભારંભ કરવામાં આવેલ. તા. ૮-૧-૨૦૨૧થી સમી તાલુકાના ૪ ખેતીવાડી ફીડર ઉપરના ૩૨ ગામોના ૪૪૩ ખેતીવાડી વીજ ગ્રાહકોને દિવસ દરમિયાન વીજપુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી ભરતસિંહજી ડાભી, સંસદસભ્ય, પાટણ, શ્રી નાગરજી ઠાકોર, પૂર્વ ધારાસભ્ય, શ્રી બાબુજી ઠાકોર, મહામંત્રી, શ્રી દિલીપજી ઠાકોર, રાજકીય આગેવાન, શ્રી દશરથજી ઠાકોર, સમી તાલુકાના અગ્રણીઓ તેમજ અન્ય તાલુકાના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું સ્વાગત પ્રવચન દ્વારા રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસના અધિક્ષક ઇજનેર, શ્રી આર.પી. પટેલે કરેલ.

# ઈડર ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ

તા. ૦૮-૦૧-૨૦૨૧ના રોજ સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે, શ્રી દિપસિંહ રાઠોડ, માનનીય સંસદ સભ્યશ્રી, સાબરકાંઠા દ્વારા ઈડર તાલુકામાં ''કિસાન સૂર્યોદય યોજના''નો શુભારંભ કરવામાં આવેલ. તા. ૦૯-૦૧-૨૦૨૧થી ઈડર તાલુકાના ૭ ખેતીવાડી ફીડર ઉપરના ૧૮ ગામોના ૩૯૯૧ ખેતીવાડી વીજ ગ્રાહકોને દિવસ દરમિયાન વીજપુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી હિતુભાઇ કનોડિયા, ધારાસભ્યશ્રી, ઈડર, શ્રી પી.સી.પટેલ, પ્રાંત અધિકારીશ્રી, શ્રી પ્રેમલભાઈ દેસાઇ, મામલતદારશ્રી, શ્રી



જયસિંહ તવર, પ્રમુખ ઇડર નગરપાલિકા અને ભારતીય કિસાન સંઘ, ઈડર તાલુકાના અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું સ્વાગત પ્રવચન દ્વારા હિંમતનગર વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેર, શ્રી પી.સી. શાહે કરેલ.

# કલોલ ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ

તા. ૦૯-૦૧-૨૦૨૧નારોજ કલોલ ખાતે આવેલ ભારતમાતા ટાઉનહોલમાં કલોલ તાલુકાના ૨૯ ગામો જે પૈકી ૧૬ પૂર્ણતઃ અને ૧૩ અંશતઃ ગામોના ૬ જેટલા સબસ્ટેશનોમાંથી તેમજ ૧૫ જેટલા ફીડરોમાંથી વીજ-વિતરણ દ્વારા દિવસે પણ ખેતીની કામગીરી માટે વીજ-પુરવઠો પૂરો પાડવાની ''કિસાન સૂર્યોદય યોજના''નો શુભારંભ કરવામાં આવેલ.









આ પ્રસંગે શ્રી ડૉ. હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ, લોકસભાના ઇન્ચાર્જ, ગાંધીનગર, શ્રી ડૉ. અતુલભાઈ પટેલ, ભૂતપૂર્વ ધારાસભ્યશ્રી કલોલ, શ્રી નૈલેશભાઈ શાહ, રાજકીય આગેવાન, ગાંધીનગર, શ્રી કિરીટભાઇ પટેલ, રાજકીય આગેવાન, શ્રી જે.કે. પટેલ, રાજકીય આગેવાન, શ્રી નવીનભાઈ પટેલ, ચેરમેન, એ.પી.એમ.સી. કલોલ, શ્રી લવ બારોટ, ભૂતપૂર્વ પ્રમુખ નગરપાલિકા કલોલ, શ્રી જે. કે. દરજી, વિશેષ મુખ્ય ઇજનેર (ટેક.), યુજીવીસીએલ મહેસાણા, શ્રીમતી સી.ટી. જાની, કાર્યપાલક ઈજનેર, કલોલ વિભાગીય કચેરી તેમજ વિશાળ સંખ્યામાં ખેડૂતો, નાગરિકો તેમજ યુજીવીસીએલના અધિકારીઓ, કર્મચારીઓ અને પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક્સ મીડિયાના પત્રકારો ઉપસ્થિત રહેલ.

# રાધનપુર ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ

તા. ૯-૧-૨૦૨૧ના રોજ પાટણ જિલ્લાના રાધનપુર ખાતે, શ્રી દિલીપકુમાર ઠાકોર, માનનીય મંત્રી શ્રમ અને રોજગાર, ગુજરાત સરકાર દ્વારા રાધનપુર તાલુકામાં "કિસાન સૂર્યોદય યોજના"નો શુભારંભ કરવામાં આવેલ. તા. ૧૦-૦૧-૨૦૨૧થી રાધનપુર તાલુકાના ૫ ખેતીવાડી ફીડર ઉપરના ૩૦ ગામોના ૮૩૦ ખેતીવાડી વીજ-ગ્રાહકોને દિવસ દરમિયાન વીજ-પુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવેલ.

આ પ્રસંગે શ્રી લવિંગજી ઠાકોર, પૂર્વ ધારાસભ્ય રાધનપુર, શ્રી લગધીરભાઈ ચૌધરી, રાજકીય આગેવાન, શ્રી અમરતભાઈ ચૌધરી, એપીએમસી ચેરમેન તેમજ અન્ય તાલુકાના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

મહેમાનોનું સ્વાગત પ્રવચન દ્વારા પાલનપુર વર્તુળ કચેરીના વિશેષ મુખ્ય ઈજનેર, શ્રી એલ.એ. ગઢવીએ કરેલ.











ઉદ્‌બોધન



ઉદ્‌બોધન



ઉદ્‌બોધન

# દસક્રોઈ ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ



તા. ૦૯-૦૧-૨૦૨૧ના રોજ અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકા ખાતે, શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા, માનનીય મંત્રીશ્રી, શિક્ષણ અને કાયદો, ગુજરાત સરકાર દ્વારા દસક્રોઈ તાલુકામાં "કિસાન સૂર્યોદય યોજના"નો શુભારંભ કરવામાં આવેલ. તા. ૧૦-૦૧-૨૦૨૧થી દસક્રોઈ તાલુકાના ૩૦ ખેતીવાડી ફીડર ઉપરના ૪૪ ગામોના ૩૦૪૧ ખેતીવાડી વીજ ગ્રાહકોને દિવસ દરમિયાન વીજ – પુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવેલ.

આ પ્રસંગે શ્રી હસમુખભાઈ એસ. પટેલ, માનનીય સાંસદસભ્યશ્રી અમદાવાદ (પૂર્વ), શ્રી બાબુભાઈ જમનાભાઈ પટેલ, માનનીય ધારાસભ્યશ્રી, દસક્રોઈ, શ્રી હર્ષદગીરી ગોસ્વામિ, રાજકીય આગેવાન,



શ્રીમતી ભાવિબેન પટેલ, રાજકીય આગેવાન અમદાવાદ તેમજ અન્ય તાલુકાના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં જેટલા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

મહેમાનોનું સ્વાગત પ્રવચન દ્વારા મહેસાણા કોર્પોરેટ કચેરીના મુખ્ય ઈજનેર, શ્રી વી.એમ. શ્રોફે કરેલ.

# શંખેશ્વર ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ



તા. ૧૦-૦૧-૨૦૨૧ના રોજ પાટણ જિલ્લાના શંખેશ્વર ખાતે માનનીય શ્રી વાસણભાઇ આહિર, રાજ્ય કક્ષાના પ્રવાસન મંત્રી દ્વારા શંખેશ્વર તાલુકામાં ''કિસાન સૂર્યોદય યોજના''નો શુભારંભ કરવામાં





આવેલ. તા. ૧૦-૦૧-૨૦૨૧થી શંખેશ્વર તાલુકાના ૯ ખેતીવાડી ફીડર ઉપરના ૨૦ ગામોના ૩૦૪ ખેતીવાડી વીજ ગ્રાહકોને દિવસ દરમિયાન વીજપુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવેલ.

આ પ્રસંગે રાજકીય આગેવાન શ્રી દશરથજી ઠાકોર, શ્રી રમેશભાઈ સિંગવ, મામલતદાર, શંખેશ્વર, શ્રી એફ. એચ. પંચાલ, તાલુકા વિકાસ અધિકારી શ્રી જે. એલ. દેસાઇ તેમજ તાલુકાના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

મહેમાનોનું સ્વાગત પ્રવચન દ્વારા સર્કલ ઓફિસ મહેસાણાના અધિક્ષક ઇજનેર, શ્રી સી.જે. રાજપાલે કરેલ.

# માણસા ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ



તા. ૧૦-૦૧-૨૦૨૧ના રોજ ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે માનનીય શ્રી સુનિલભાઈ સિંગી, પૂર્વ ચેરમેન શ્રમયોગી બોર્ડ દ્વારા માણસા તાલુકામાં ''કિસાન સૂર્યોદય યોજના''નો શુભારંભ કરવામાં આવેલ. તા. ૧૧-૦૧-૨૦૨૧થી માણસા તાલુકાના ૮ ખેતીવાડી ફીડર ઉપરના ૧૦ ગામોના ૬૨૨ ખેતીવાડી વીજ ગ્રાહકોને દિવસ દરમિયાન વીજપુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવેલ.

આ પ્રસંગે તાલુકાના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું સ્વાગત પ્રવચન દ્વારા રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ મહેસાણાના અધિક્ષક ઇજનેર (ડી.એસ.એમ.), શ્રી આર.સી. દેસાઈએ કરેલ.





# બેચરાજી ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ







તા ૧૦.૦૧.૨૦૨૧ ના રોજ મહેસાણા જિલ્લાના બેચરાજી ખાતે શ્રીમતી શારદાબેન પટેલ, સંસદસભ્યશ્રી મહેસાણા દ્વારા બેચરાજી તાલુકામાં કિસાન સૂર્યોદય યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો. જે અંતર્ગત તા. ૧૦.૦૧.૨૦૨૧ થી બેચરાજી તાલુકાના ૩ ખેતીવાડી ફીડર ઉપરના ૧૨ ગામોના ૧૩૯ ખેતીવાડી વીજ ગ્રાહકોને દિવસ દરમિયાન વીજપુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવી. આ



પ્રસંગે તાલુકાના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફીસ



મહેસાણાના વિશેષ મુખ્ય ઇજનેર(પી.) શ્રી જી.એચ. એન્જિનિયરે મહેમાનોનું સ્વાગત પ્રવચન દ્વારા કરેલ.

# તલોદ ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ

તા. ૧૦-૦૧-૨૦૨૧ના રોજ સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે, શ્રી દિલીપભાઈ ઠાકોર, માનનીય મંત્રીશ્રી, શ્રમ અને રોજગાર, ગુજરાત સરકાર દ્વારા તલોદ તાલુકામાં "કિસાન સૂર્યોદય યોજના"નો શુભારંભ કરવામાં આવેલ. જે અંતર્ગત તા. ૧૧-૦૧-૨૦૨૧થી તલોદ તાલુકાના ૮ ખેતીવાડી ફીડર ઉપરના ૨૬ ગામોના ૩૬૬૯ ખેતીવાડી વીજ ગ્રાહકોને દિવસ દરમિયાન વીજ–પુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવેલ.

આ પ્રસંગે શ્રી દિપસિંહ રાઠોડ, માનનીય સસંદસભ્ય, શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, ધારાસભ્ય પ્રાંતિજ, શ્રી કલ્પેશભાઇ પટેલ, રાજકીય આગેવાન, શ્રી કોદરભાઈ પટેલ, કિસાન સંઘ, તલોદ તાલુકા તેમજ અન્ય તાલુકાના અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.





મહેમાનોનું સ્વાગત પ્રવચન દ્વારા હિંમતનગર વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેર, શ્રી પી.સી. શાહે કરેલ.

# હિંમતનગર ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ











તા ૧૦-૦૧-૨૦૨૧ના રોજ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે શ્રી બળવંતસિંહ રાજપૂત, ચેરમેનશ્રી, ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા હિંમતનગર તાલુકામાં ''કિસાન સૂર્યોદય યોજના''નો શુભારંભ કરવામાં આવેલ. તા.૧૧-૦૧-૨૦૨૧થી હિંમતનગર તાલુકાના ૮ ખેતીવાડી ફીડર ઉપરના ૨૫ ગામોના ૩૫૪૦ ખેતીવાડી વીજ ગ્રાહકોને દિવસ દરમિયાન વીજપુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવેલ.

આ પ્રસંગે શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, ધારાસભ્યશ્રી હિંમતનગર, પ્રાંત અધિકારીશ્રી હિંમતનગર, મામલતદાર શ્રી હિંમતનગર, ભારતીય કિસાન સંઘ હિંમતનગર તાલુકાના અગ્રણીઓ તેમજ વિશાળ સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

મહેમાનોનું સ્વાગત પ્રવચન દ્વારા હિંમતનગર વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેર, શ્રી પી.સી. શાહે કરેલ.

# ભિલોડા ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ



તા. ૧૩-૦૧-૨૦૨૧ના રોજ અરવલ્લી જિલ્લાના ભિલોડા ખાતે શ્રી રમણલાલ પાટકર, માનનીય મંત્રી, વન અને આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા ભિલોડા તાલુકામાં ''કિસાન સૂર્યોદય યોજના''નો શુભારંભ કરવામાં આવેલ.

તા. ૧૪-૦૧-૨૦૨૧થી ભિલોડા તાલુકાના ૧૫ ખેતીવાડી ફીડર ઉપરના ૨૬ ગામોના ૪૧૪૬ ખેતીવાડી વીજ-ગ્રાહકોને દિવસ દરમિયાન વીજ-પુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવેલ.

આ પ્રસંગે શ્રી રમીલાબેન બારા, માનનીય સંસદસભ્ય રાજ્યસભા, શ્રી અમૃતેશ ઔરંગાબાદકર, કલેક્ટરશ્રી, અરવલ્લી જિલ્લા, ડૉ. અનિલ ધામેલિયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, અરવલ્લી જિલ્લા તેમજ અન્ય તાલુકાના અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.





મહેમાનોનું સ્વાગત પ્રવચન દ્વારા હિંમતનગર વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેર, શ્રી પી.સી. શાહે કરેલ.

# ખેડબ્રહ્મા ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ

તા. ૧૫-૦૧-૨૦૨૧ના રોજ સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતે શ્રીમતી રમીલાબેન બારા, માનનીય સંસદસભ્ય રાજ્યસભા દ્વારા ખેડબ્રહ્મા તાલુકામાં ''કિસાન સૂર્યોદય યોજના''નો શુભારંભ કરવામાં આવેલ. તા. ૧૬-૦૧-૨૦૨૧થી ભિલોડા તાલુકાના ૦૪ ખેતીવાડી ફીડર ઉપરના ૮ ગામોના ૧૧૧૫ ખેતીવાડી વીજ-ગ્રાહકોને દિવસ દરમિયાન વીજ–પુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવેલ.

આ પ્રસંગે પ્રાંત અધિકારીશ્રી ખેડબ્રહ્મા, મામલતદારશ્રી ખેડબ્રહ્મા, કિસાન સંઘના અગ્રણીઓ, સાબરકાંઠા જિલ્લા તેમજ અન્ય તાલુકા અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મહેસાણા કોર્પોરેટ કચેરીના અધિક્ષક ઇજનેર, શ્રી એલ.એફ. ડાભી દ્વારા મહેમાનોના સ્વાગત પ્રવચનની સાથે રાજ્ય સરકારશ્રી દ્વારા અમલમાં મુકવામાં આવેલ વિવિધ યોજનાઓની માહિતી સાથે તેના અમલીકરણથી આ વિસ્તારના ખેડૂતોને થનાર લાભોઅંગે વિસ્તૃત સમજ આપવામાં આવેલ.








# ધનસુરા ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ

તા. ૧૫-૦૧-૨૦૨૧ના રોજ અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતે શ્રીમતી રમીલાબેન બારા, માનનીય સંસદસભ્યશ્રી રાજ્યસભા દ્વારા ધનસુરા તાલુકામાં ''કિસાન સૂર્યોદય યોજના''નો શુભારંભ કરવામાં આવેલ. તા. ૧૬-૦૧-૨૦૨૧થી ભિલોડા તાલુકાના ૦૬ ખેતીવાડી ફીડર ઉપરના ૧૫ ગામોના ૧૩૦૯ ખેતીવાડી વીજ-ગ્રાહકોને દિવસ દરમિયાન વીજ–પુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવેલ.

આ પ્રસંગે માનનીય અધિક કલેક્ટરશ્રી અરવલ્લી જિલ્લા, પ્રાંત અધિકારીશ્રી બાયડ, મામલતદારશ્રી બાયડ તેમજ અન્ય તાલુકાના અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે હિંમતનગર વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેર, શ્રી પી.સી. શાહ દ્વારા મહેમાનો માટે સ્વાગત પ્રવચન કરવામાં આવેલ.







# વિજાપુર ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ

તા. ૧૫-૦૧-૨૦૨૧ના રોજ મહેસાણા જિલ્લાના વિજાપુર ખાતે, માનનીય શ્રી રમણભાઈ પટેલ, ધારાસભ્ય વિજાપુર દ્વારા વિજાપુર તાલુકામાં ''કિસાન સૂર્યોદય યોજના''નો શુભારંભ કરવામાં આવેલ. તા. ૧૫-૦૧-૨૦૨૧થી વિજાપુર તાલુકાના ૩ ખેતીવાડી ફીડર ઉપરના ૪ ગામોના ૩૩૯ ખેતીવાડી વીજ ગ્રાહકોને દિવસ દરમિયાન વીજપુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રીમતી શારદાબેન પટેલ, સંસદસભ્ય મહેસાણા તેમજ તાલુકાના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ મહેસાણાના વિશેષ મુખ્ય ઇજનેર (ટેક.), શ્રી જે.કે. દરજી દ્વારા મહેમાનોને સ્વાગત પ્રવચનથી આવકારેલ.





# પિસાવડા ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ





તા. ૧૫-૦૧-૨૦૨૧ના રોજ અમદાવાદ જિલ્લાના પિસાવડા ખાતે, શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, માનનીય મંત્રી શિક્ષણ, કાયદો અને ન્યાયતંત્ર, ગુજરાત સરકાર દ્વારા ધોળકા તાલુકામાં ''કિસાન સૂર્યોદય યોજના''નો શુભારંભ કરવામાં આવેલ. તા. ૧૫-૦૧-૨૦૨૧થી ધોળકા તાલુકાના ૨ ખેતીવાડી ફીડર ઉપરના ૩ ગામોના ૨૨૪ ખેતીવાડી વીજ ગ્રાહકોને દિવસ દરમિયાન વીજ–પુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવેલ.

આ પ્રસંગે શ્રી મહેન્દ્રસિંહ મંડોરા, રાજકીય આગેવાનો, શ્રી કાંતિભાઈ લકુમ, એપીએમસી ચેરમેન તેમજ અન્ય તાલુકાના અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું સ્વાગત પ્રવચન દ્વારા સાબરમતી વર્તુળ કચેરીના કાર્યપાલક ઇજનેર, શ્રીમતી આશાબેન ખાલપાડાએ કરેલ.



# પ્રાંતિજ ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ

તા. ૧૬-૦૧-૨૦૨૧ના રોજ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે, શ્રી દિપસિંહ રાઠોડ, માનનીય સંસદસભ્ય લોકસભા દ્વારા પ્રાંતિજ તાલુકામાં ''કિસાન સૂર્યોદય યોજના''નો શુભારંભ કરવામાં આવેલ. તા. ૧૭-૦૧-૨૦૨૧થી પ્રાંતિજ તાલુકાના ૧૬ ખેતીવાડી ફીડર





ઉપરના ૨૦ ગામોના ૪૫૪૦ ખેતીવાડી વીજ-ગ્રાહકોને દિવસ દરમિયાન વીજ-પુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવેલ.

આ પ્રસંગે શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, ધારાસભ્ય પ્રાંતિજ, શ્રી ઈશ્વરભાઇ પટેલ, ભારતીય કિસાન સંઘ પ્રમુખ પ્રાંતિજ તાલુકા, શ્રી હિતેશભાઇ ભગોરા, મામલતદાર



પ્રાંતિજ તાલુકા તેમજ અન્ય તાલુકાના અગ્રણીઓ અને બહોળી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

મહેમાનોનું સ્વાગત મહેસાણા કોર્પોરેટ કચેરીના અધિક્ષક ઈજનેર, શ્રી એલ.એફ. ડાભી દ્વારા કરવામાં આવેલ.

# માંડલ ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ





તા. ૧૬-૦૧-૨૦૨૧ના રોજ અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકા ખાતે ડૉ. શ્રી મહેન્દ્રભાઇ મુંજપુરા, માનનીય સંસદસભ્યશ્રી, સુરેન્દ્રનગર દ્વારા માંડલ તાલુકામાં ''કિસાન સૂર્યોદય યોજના''નો શુભારંભ કરવામાં આવેલ. તા. ૧૭-૦૧-૨૦૨૧થી માંડલ તાલુકાના ૩ ખેતીવાડી ફીડર ઉપરના ૩ ગામોના ૪૯ ખેતીવાડી વીજ ગ્રાહકોને દિવસ દરમિયાન વીજ-પુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવેલ.

આ પ્રસંગે શ્રી ડી. આઇ. પટેલ, ચેરમેનશ્રી એપીએમસી, માંડલ, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી તેમજ અન્ય તાલુકાના અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મહેસાણા કોર્પોરેટ કચેરીના અધિક્ષક ઈજનેર, શ્રી પી.વી. દેસાઇ દ્વારા મહેમાનોના સ્વાગત પ્રવચનની સાથે રાજ્ય સરકારશ્રી દ્વારા અમલમાં મુકવામાં આવેલ વિવિધ યોજનાઓની માહિતી આપેલ.

# સિદ્ધપુર ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ

તા. ૧૬-૧-૨૦૨૧ના રોજ પાટણ જિલ્લાના સિદ્ધપુર ખાતે શ્રી બળવંતસિંહ રાજપુત, માનનીય ચેરમેનશ્રી, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ લિમિટેડ દ્વારા સિદ્ધપુર તાલુકામાં ''કિસાન સૂર્યોદય યોજના''નો શુભારંભ કરવામાં આવેલ.





પ્રથમ તબક્કામાં તા.૧૭-૦૧-૨૦૨૧થી સિદ્ધપુર તાલુકાના ધારમ્બા ખેતીવાડી ફીડર ઉપરના ૦૪ ગામોના ૧૧૨ ખેતીવાડી વીજ ગ્રાહકોને દિવસ દરમિયાન વીજ-પુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવેલ.

આ પ્રસંગે શ્રી ભરતસિંહ ડાભી, માનનીય સંસદસભ્ય પાટણ, રાજકીય આગેવાનો શ્રી દશરથજી ઠાકોર, શ્રી નંદાજી ઠાકોર તેમજ અન્ય તાલુકાના અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું સ્વાગત પાલનપુર વર્તુળ કચેરીના વિશેષ મુખ્ય ઇજનેર, શ્રી એલ.એ. ગઢવી દ્વારા કરવામાં આવેલ.













# વિસનગર ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ

તા. ૧૬-૦૧-૨૦૨૧ના રોજ મહેસાણા જિલ્લાના વિસનગર ખાતે માનનીય શ્રી સતિષભાઈ પટેલ, રાજકીય આગેવાન દ્વારા વિસનગર તાલુકામાં ''કિસાન સૂર્યોદય યોજના''નો શુભારંભ કરવામાં આવેલ. તા. ૧૬-૦૧-૨૦૨૧થી વિસનગર તાલુકાના ૮ ખેતીવાડી ફીડર ઉપરના ૧૨ ગામોના ૮૯૯ ખેતીવાડી વીજ ગ્રાહકોને દિવસ દરમિયાન વીજપુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવેલ.



આ પ્રસંગે રાજકીય આગેવાનો શ્રી વિજયભાઈ પટેલ, શ્રી મુકેશભાઇ ચૌધરી, શ્રી મહેશભાઈ પટેલ, શ્રી ભરતભાઇ ચૌધરી, વિસનગર તાલુકા કિસાન આગેવાન, શ્રી કિરીટભાઈ પટેલ, વિસનગર તાલુકા કિસાન આગેવાન તેમજ તાલુકાના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું સ્વાગત સર્કલ ઓફિસ મહેસાણાના અધિક્ષક ઇજનેર શ્રી સી.જે. રાજપાલ દ્વારા કરવામાં આવેલ.



# વડાલી ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ









તા. ૧૭-૦૧-૨૦૨૧ના રોજ સાબરકાંઠા જિલ્લાના વડાલી ખાતે શ્રી દિપસિંહ રાઠોડ, માનનીય સંસદસભ્ય લોકસભા દ્વારા વડાલી તાલુકામાં ''કિસાન સૂર્યોદય યોજના''નો શુભારંભ કરવામાં આવેલ. જે અંતર્ગત તા.૧૮-૦૧-૨૦૨૧થી વડાલી તાલુકાના ૦૧ ગામના ૩૭૦ ખેતીવાડી વીજ ગ્રાહકોને દિવસ દરમિયાન વીજ-પુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવેલ.

આ પ્રસંગે શ્રી હિતુભાઇ કનોડિયા, ધારાસભ્યશ્રી ઇડર, શ્રી તખતસિંહ હડિયોલ, સામાજિક કાર્યકર વડાલી તાલુકા, મામલતદારશ્રી વડાલી તાલુકા તેમજ અન્ય તાલુકાના અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું સ્વાગત હિંમતનગર વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેર, શ્રી પી.સી. શાહ દ્વારા કરવામાં આવેલ.

# સાંતલપુર ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ



ઉદ્‌બોધન



ઉદ્‌બોધન



ઉદ્‌બોધન



ઉદ્‌બોધન

તા. ૧૭-૧-૨૦૨૧ના રોજ પાટણ જિલ્લાના વારાહી ખાતે, શ્રી વાસણભાઈ આહિર, માનનીય રાજ્યમંત્રી સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ તથા પ્રવાસન વિભાગ ગુજરાત સરકાર દ્વારા સાંતલપુર તાલુકામાં ''કિસાન સૂર્યોદય યોજના''નો શુભારંભ કરવામાં આવેલ.

તા.૧૮-૦૧-૨૦૨૧થી સાંતલપુર તાલુકાના ૨ ખેતીવાડી ફીડર ઉપરના ૧૭ ગામોના ૧૧૨ ખેતીવાડી વીજ-ગ્રાહકોને દિવસ દરમિયાન વીજ-પુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી લવિંગજી ઠાકોર, પૂર્વ ધારાસભ્ય રાધનપુર, શ્રી ભરતભાઇ રાજગોર, પૂર્વ ટ્રસ્ટી કંડલા પોર્ટ, શ્રી અરજણભાઇ ચૌધરી તેમજ અન્ય તાલુકાના અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં







ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું સ્વાગત પાલનપુર વર્તુળ કચેરીના વિશેષ મુખ્ય ઇજનેર, શ્રી એલ.એ. ગઢવી દ્વારા કરવામાં આવેલ.

# ઊંઝા ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ


ઉદ્‌બોધન


ઉદ્‌બોધન


ઉદ્‌બોધન


ઉદ્‌બોધન

તા. ૧૭-૧-૨૦૨૧ના રોજ મહેસાણા જિલ્લાના ઊંઝા ખાતે ડો. આશાબેન પટેલ, માનનીય ધારાસભ્યશ્રી દ્વારા ઊંઝા તાલુકામાં ''કિસાન સૂર્યોદય યોજના''નો શુભારંભ કરવામાં આવેલ. પ્રથમ તબક્કામાં તા. ૧૮-૦૧-૨૦૨૧થી ઊંઝા તાલુકાના ૧૪ ખેતીવાડી ફીડર ઉપરના ૨૦ ગામોના ૭૭૪ ખેતીવાડી વીજ-ગ્રાહકોને દિવસ દરમિયાન વીજ-પુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવેલ.

આ પ્રસંગે મહેસાણાના લોકસભા સાંસદ, શ્રીમતી શારદાબેન પટેલ તેમજ મહેસાણાના રાજ્યસભા સાંસદ, શ્રી જુગલજી લોખંડવાલા, શ્રી લક્ષ્મણભાઈ પટેલ, રાજકીય આગેવાન, શ્રી દિનેશભાઈ પટેલ, ચેરમેન એપીએમસી માર્કેટયાર્ડ ઊંઝા તેમજ તાલુકાના અન્ય અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો







ઉપસ્થિત રહ્યા હતા.

મહેમાનોનું સ્વાગત મહેસાણા વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર, શ્રી સી.જે. રાજપાલ દ્વારા કરવામાં આવેલ.

# માલપુર ખાતે 'કિસાન સૂર્યોદય યોજના'નો શુભારંભ

તા. ૧૮-૦૧-૨૦૨૧ના રોજ અરવલ્લી જિલ્લાના માલપુર ખાતે, શ્રી દિપસિંહ રાઠોડ, માનનીય સંસદસભ્ય સાબરકાંઠા દ્વારા માલપુર તાલુકામાં ''કિસાન સૂર્યોદય યોજના''નો શુભારંભ કરવામાં આવેલ. તા. ૦૯-૦૧-૨૦૨૧થી માલપુર તાલુકાના ૭ ખેતીવાડી ફીડર ઉપરના ૧૭ ગામોના ૧૪૦૮ ખેતીવાડી વીજ-ગ્રાહકોને દિવસ દરમિયાન વીજ-પુરવઠો આપવાની શરૂઆત કરવામાં આવેલ.





આ પ્રસંગે શ્રી વાલાભાઈ પટેલ, પ્રમુખ ભારતીય કિસાન સંઘ, શ્રી રાજેન્દ્રભાઈ પટેલ, રાજકીય આગેવાન, મામલતદારશ્રી માલપુર, તેમજ અન્ય તાલુકાના અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું સ્વાગત હિંમતનગર વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર, શ્રી પી.સી.શાહ દ્વારા કરવામાં આવેલ.

પ્રાંતિજમાં કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ

Daytime electricity to farms is new 'sunrise' for farmers: PM

ઉ.ગુ ના 516 ગામોને કિસાન સૂર્યોદય યોજનાનો લાભ મળશે

માલપુરના મોરડુંગરી ખાતેથી કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ કરાયો

બહુચરાજી તાલુકાના 12 ગામમાં કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ

ખેડૂતોને હવે દિવસે પિયત માટે વીજળી મળશે : સાંસદ

મહેસાણામાં ના.મુખ્યમંત્રી કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ કરાવશે

અરવલ્લી જિલ્લાના બાયડ ખાતેથી કિસાન સૂર્યોદય યોજનાનો શુભારંભ થયો હતો

૨૬ ગામડાઓને કિસાન સૂર્યોદય યોજના હેઠળ આવરી લેવાયા

કઠલાલના ખડાલમાં કિસાન સૂર્યોદય યોજનાનો શુભારંભ

ખેડૂતોને રાતના ઉજાગરામાંથી મુક્તિ

મહેસાણા જિલ્લાના 7 તાલુકાના 4433 ખેડૂતોને હવે દિવસે પણ વીજળી મળશે

માલપુરમાં કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ

Kisan Suryoday Phase 2 from Jan 3: The state government will launch the second phase of the Rs 3,500 crore 'Kisan Suryoday Yojana', aimed at supplying electricity during daytime to farmers, from January 3, 2021.

કિસાન સૂર્યોદય યોજનાનો શુભારંભ : રાધનપુરના 30 ગામો

સમી-રાધનપુરના 58 ગામો

તલોદ તાલુકામાં કિસાન સૂર્યોદય યોજનામાં ૨૬

ઊંઝા તાલુકામાં કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ

સાપાવાડા યાર્ડમાં કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ

હિંમતનગર અને સલાટપુરમાં કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ

ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોને પિયત માટે દિવસે વીજળી આપવાની ઐતિહાસિક 'કિસાન સૂર્યોદય યોજના'થી ખેડૂતોને દિવસે ઉજાગરા નહીં કરવા પડે અને પ્રાકૃતિક નિયમ મુજબ દિવસે કામ અને રાત્રે આરામ મળશે. ખેડૂતોના મુદ્દે સંવેદનશીલ સરકાર દ્વારા લેવાયેલ નિર્ણયનો ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની તમામ વીજ વિતરણ કંપનીઓએ ત્વરિત અમલ કરેલ છે તથા આગામી વર્ષ ૨૦૨૨ના અંત સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખેલ છે.

સરકાર દ્વારા ખેડૂતોના હિત માટે પ્રસ્તુત કરેલ 'કિસાન સૂર્યોદય યોજના'ના અમલીકરણ અંગેનો મહત્ત્વનો સંદેશ ખેડૂતો સુધી અસરકારક રીતે પહોંચાડવા માટે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડે દ્વારા જીલ્લા કક્ષાએ તેમજ તાલુકા કક્ષાએ સરકારશ્રીના માનનીય મંત્રીશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓના વરદ હસ્તે તબક્કાવાર ૩૦થી વધુ શુભારંભ કાર્યક્રમોનું સફળ આયોજન કરેલ. સફળ કાર્યક્રમો માટે માનનીય મુખ્યમંત્રી શ્રીના, માનનીય ઊર્જામંત્રી શ્રીના, માનનીય ઊર્જા રાજ્યમંત્રી શ્રીના કાર્યાલયોમાંથી, તમામ જીલ્લા કલેકટર ઓફિસમાંથી, તમામ જીલ્લા પંચાયત ઓફીસ, તાલુકા પંચાયત ઓફીસ, જીલ્લા માહિતી કચેરી, પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક્સ મીડિયાના પત્રકારો તરફથી સહયોગ પ્રાપ્ત થયો છે. જેને લીધે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ આ યોજના ઉત્તર ગુજરાતના માનવંતા ખેડૂતો સુધી પહોંચાડવામાં સફળ રહી છે.

ઉતર ગુજરાત વીજ કંપની લિમિટેડના માર્ગદર્શક અને પ્રેરણારૂપ માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘના માર્ગદર્શન નીચે મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી પી. બી. પંડ્યા અને મુખ્ય ઈજનેર (પી.) શ્રી વી. એમ. શ્રોફના સફળ નેતૃત્વ હેઠળ યુજીવીસીએલના સાબરમતી, હિંમતનગર, મહેસાણા અને પાલનપુર સર્કલના વડાઓ દ્વારા તેમની ટીમના સહિયારા પુરૂષાર્થથી સફળતાથી કિસાન સૂર્યોદય યોજનાના શુભારંભ કાર્યક્રમો પૂર્ણ કરેલ છે. સહિયારા પુરૂષાર્થથી પૂર્ણ થયેલી સફળ કામગીરી માટે સૌનો આભાર.

## સીંગપુર SKY ફીડર કાર્યાન્વિત

ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ સૂર્ય શક્તિ કિસાન યોજના (SKY) અન્વયે ખેડૂતોની આવક વધારવાના ભાગરૂપે 66kv ડેમાઈ સબ સ્ટેશનમાંથી નીકળતા 11 કેવી સીંગપુર ખેતીવાડી ફીડરને ઉત્તર ગુજરાત વીજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી ડૉ. મહેશ સિંઘના માર્ગદર્શન હેઠળ, વિશેષ મુખ્ય ઇજનેર, શ્રી જી.એચ. એન્જિનીયર, અધિક્ષક ઈજનેર, શ્રી પી.સી. શાહ, સોલાર વિભાગના અધિક્ષક ઈજનેર, શ્રી વી.એચ. ઠાકર, કાર્યપાલક ઇજનેર, શ્રી બી.કે. પટેલ, નાયબ ઈજનેર, શ્રી આર.બી. સાધુ, બાયડ સબડિવિઝનના, નાયબ ઈજનેર, શ્રી એમ.વાય. બુલાની ઉપસ્થિતિમાં તારીખ 6-10-2020ના રોજ શરૂ કરવામાં આવેલ છે.

સદર ફીડર ઉપર ડેમાઇ, હરજી પુરા, માધવ કંપા, અરજણ વાવ, મહાદેવપુરા ગામના કુલ ૧૪૭ ખેતીવાડી ગ્રાહકોને તેનો લાભ મળશે. જેની સોલાર પેનલોની કુલ ક્ષમતા 1.763 મેગાવોટ છે. સદર



યોજના અન્વયે 11 કેવી સીંગપુર ફીડરના ખેતીવાડી ગ્રાહકોને દિવસ દરમિયાન થ્રી ફેઝ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવશે. આ પ્રસંગે સીંગપુર સ્કાય ફીડરની મંડળીના પ્રમુખ, શ્રી પ્રહલાદભાઇ પટેલ તથા અન્ય ખેડૂતો ઉપસ્થિત રહેલ. તમામ ઉપસ્થિત મહાનુભાવોએ આ ક્ષણને હર્ષોલ્લાસથી વધાવી લીધેલ. ■

## લાલપુર ગામ ખાતે 'યુજીવીસીએલ ગ્રાહકને દ્વારે' કાર્યક્રમનું આયોજન

તા. ૨૫/૦૯/૨૦૨૦ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, હિંમતનગર વર્તુળ કચેરી હસ્તકની, મોડાસા વિભાગીય કચેરીના તાબા હેઠળની, ટિંટોઇ પેટા વિભાગીય કચેરીના લાલપુર ગામે "યુજીવીસીએલ ગ્રાહકના દ્વારે" કાર્યક્રમનું આયોજન કરવામાં



આવેલ.

જેમાં લાલપુર ગ્રામ પંચાયતમાં આવતા કુલ ત્રણ ગામોના ગ્રાહકોના ભારે ઉત્સાહ અને સહયોગના કારણે નવીન વીજ જોડાણની અરજીઓ, વીજભારમાં વધારો કરવાની અરજીઓ તથા નામ ફેરફાર કરવાની કુલ ૪૭ અરજીઓનો સ્થળ ઉપર જ નોંધણી કરીને નિકાલ કરવામાં આવેલ. સાથે સાથે વીજબીલ ભરવાની સુવિધા પણ આપવામાં આવેલ. જેમાં વીજબીલના નાણાં પેટે રૂપિયા ૧૧૫૦૦/- ની પણ વસુલાત થયેલ છે.

સદર કાર્યક્રમ અન્વયે યુજીવીસીએલની તમામ ઉપલબ્ધ સેવાઓની જાણકારી /માહિતી આપવામાં આવેલ તેમજ સ્થળ પર જ ફરિયાદો નો નિકાલ કરવામાં આવેલ. સદર કાર્યક્રમ વર્તુળ કચેરી, હિંમતનગર તથા વિભાગીય કચેરી, મોડાસાના માર્ગદર્શન હેઠળ અધિકારીઓ તથા કર્મચારીઓના સહિયારા પુરુષાર્થથી સફળ થયેલ અને કંપનીના માનવંતા ગ્રાહકોનો હકારાત્મક પ્રતિસાદ મળેલ. ■

## તલોદ વિભાગીય કચેરીની વાવ, રણેચી, અણિયોડ અને આકૃંદ ગામે 'યુજીવીસીએલ ગ્રાહકના દ્વારે' કાર્યક્રમનું આયોજન

ગ્રાહકલક્ષી અભિગમને ચરિતાર્થ કરવા માટે તલોદ વિભાગીય કચેરીના કાર્યપાલક ઇજનેર, શ્રી બી.કે. પટેલ દ્વારા અધિક્ષક ઇજનેર, શ્રી પી.સી. શાહના માર્ગદર્શન હેઠળ તા. ૧૦-૯-૨૦૨૦ના રોજ રણેચી, અણિયોડ અને વાવ ખાતે તેમજ તા. ૨૨-૯-૨૦૨૦ના રોજ આકૃંદ ખાતે 'યુજીવીસીએલ ગ્રાહકના દ્વારે' કાર્યક્રમનું આયોજન કરેલ. આદર્શ ગામ બનાવવાના ભાગરૂપે લોખંડના પોલ બદલવા, ગામમાંથી પસાર થતી વધારાની લાઇન હટાવવી, ડીપી બદલવી, ડીપીની આજુબાજુ જાળી લગાવીને પેવરીંગ કામ કરવું, વીજ જોડાણની અરજીઓનો નિકાલ, વીજ ભારમાં વધારો, નામ ફેરફારની અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવેલ.

સદર કાર્યક્રમમાં શ્રી એચ.એન. પાનસુરીયા, નાયબ ઇજનેર, શ્રી એમ.વાય. બુલા, નાયબ ઇજનેર, શ્રી મદનસિંહ ઝાલા તેમજ અણિયોડના સરપંચ, શ્રી કનકસિંહ ઝાલા વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહેલ. ■

Good.

- **Shri Kalpeshbhai Parmar,** GUVNL, Vadodara

Very nice... Your efforts to cover maximum events are always welcome... Still we need to focus more on safety of our field staff to achieve the goal Zero Accident given by Hon. MD..

- **Shri A.C. Parjapati,** HR

Excellent Work

- **Shri B. S. Patel,** DE, Unjha

Very nice excellent... very informative... covered everything... all national festival celebration as well as... retirement functions also... very good editing... keep its up... success is always with you...

- **Shri K. K. soni,**
Ex. G.M., GUVNL

આનંદ છે તે આપનો પરિવાર આવી પ્રેરણાત્મક પ્રવૃત્તિ નિરંતર કરી રહ્યો છે... શરૂઆત કરવી કદાચ સહેલી છે... પરંતુ શરૂ કરેલું સતત ચાલતું રાખવું અઘરું અને ઉત્તમ છે... રાજીપો...

**- શ્રી સંદિપ ચૌધરી,**
એમજીવીસીએલ, નડિયાદ

it's just amazing Sir... Highly Proud for UGVCL AND ઇ-ન્યુઝલેટર આપણું યુજીવીસીએલ.... and thank u so much for publishing my photograph alongwith poem.

- **Shri Palkesh Parjapati,** RO. UGVCL, Mahesana

માહિતીસભર, સરસ.

- **Shri Kirshnkant Upadhyay,** Ex. Employee, Himatnagar

Good job Sir... Congratulation

- **Shri Bharat Kumar** Upadhyay, UGVCL, Idar

Now, proper writing and editing with all information I must say good work. keep it up for future endeavour and best wishes.

- **Shri Sachinbhai,**
Solar Department,
GUVNL

Very good coverpage desin.

-Jasvantkumar Chauhan

Very nice coverpage.

- Ashok Mulani DE

Very nice covering all current topics. Detail reporting connected with UGVCL.

- Ramesh Joshi

ખૂબ ખૂબ આભાર...
ખરેખર બહુ મસ્ત અંક... ઝગમગાટ ભર્યો અંક... જોરદાર મહેનત શૈલેષભાઈ... બસ આગળ પણ આવા અંકો આપતા રહો એવી શુભેચ્છાઓ સાથે દિવાળી અને નવ વર્ષની ખૂબ ખૂબ શુભકામનાઓ.

-એસ.એમ. પ્રજાપતી

ખૂબ જ સરસ માહિતીસભર અંક છે... સંપાદક મહોદય શ્રી શૈલેષભાઈ આપશ્રીને સાદર વંદન સહ અભિનંદન.

- એસ.બી. લીમ્બાચીયા

# આવો વધાવીએ કિસાન સૂર્યોદય યોજના
# દિવસે વીજળી, રાત્રે આરામ

## કિસાન સૂર્યોદય યોજનાની વિશેષતાઓ...

- ખેડૂતોને હવે દિવસે વીજળી મળતાં, રાતના ઉજાગરા, વન્ય જીવજંતુના ભય, કડકડતી ઠંડી અને ચોમાસામાં પડતી મુશ્કેલીઓથી કાયમ માટે મુક્તિ
- સૂર્ય ઊર્જા થકી દિવસે ઉત્પન્ન થતી વીજળીનો દિવસે જ વપરાશ.
- ઉત્તર ગુજરાતના તમામ ગામોમાં આયોજનબદ્ધ રીતે આ યોજના પૂર્ણ કરવાનું લક્ષ્યાંક વર્ષ ૨૦૨૨-૨૩
- આ યોજના માટે ૩૫૦૦ કરોડના ખર્ચે - ૬૬ કે.વી. ની ૩૪૯૦ સર્કિટ કિ.મી. જેટલી ૨૩૪ નવી ટ્રાન્સમીશન લાઈનો તથા ૨૨૦ કેવીના ૯ નવા સબસ્ટેશનો થકી ગુજરાતનું વીજ માળખું સુદ્રઢ કરાશે



સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત...

# ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**આપણું યુજીવીસીએલ**

આ અંક આપને કેવો લાગ્યો?
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ બાજુનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
pro@ugvcl.com